CMYK CMYK

RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા — શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૦ ફાગણ વદ - ૧૪ સોમવાર, તા.૦૮-૦૪-૨૦૨૪ અંક : ૮૮ વર્ષ : ૧૯ jamnagar@aaspassaindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

**પૂર્વ આફ્રિકાના મોઝામ્બિકમાં સર્જાઈ જીવલેણ દુર્ઘટના....**

# બોટ પલટી જતા ૯૧ના મોત, અનેક ગુમ

## કોલેરાના રોગથી બચવા માટે બોટ દ્વારા પલાયન કરી રહ્યા હતા

મોઝામ્બિક.

પૂર્વ આફ્રિકાના દેશ મોઝામ્બિકમાં રવિવારે મોડી રાત્રે એક બોટ ડૂબી ગઈ હતી. આ દુર્ઘટનામાં ૯૧ લોકોના મોત થયા હતા. તેમાં ઘણા બાળકો પણ સામેલ છે. મૃત્યુઆંક વધવાની આશંકા છે.

બ્રિટિશ મીડિયા બીબીસીના જણાવ્યા અનુસાર, ફિશિંગ બોટમાં ૧૩૦ લોકો સવાર હતા, જે તેની ક્ષમતા કરતા વધુ હતા. જેમાંથી ૫ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. હજી ઘણા લોકો ગુમ છે. આ



લોકો મોઝામ્બિકના નામપુલા પ્રાંતના લુંગા શહેરથી મોઝામ્બિકના મુખ્ય ટાપુ પર જઈ રહ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે તમામ કોલેરાના રોગથી બચવા માટે પલાયન કરી રહ્યા હતા. આ ઘટના સાથે જોડાયેલો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આમાં લોકોને બચાવવામાં આવી રહ્યા છે અને દરિયા કિનારે ઘણા મૃતદેહો પડેલા દેખાય છે.

નમપુલા પ્રાંત કોલેરાના પ્રકોપથી સૌથી વધુ અસરગ્રસ્ત પ્રાંતોમાંનો એક છે. આ રોગ જાન્યુઆરી ૨૦૨૩થી દક્ષિણ આફ્રિકાના ઘણા દેશોમાં ફેલાયો છે. કોલેરા ફેલાવવાનું મુખ્ય કારણ દૂષિત ખોરાક અને પાણી છે. જો સમયસર સારવાર ન કરવામાં આવે તો થોડા કલાકોમાં મૃત્યુ થઈ શકે છે. યુનિસેફના જણાવ્યા મુજબ, હાલમાં ફાટી નીકળેલો રોગચાળો ૨૫ વર્ષમાં સૌથી ભયંકર છે. ઓક્ટોબર ૨૦૨૩થી મોઝામ્બિકમાં કોલેરાના ૧૩,૭૦૦ કેસ નોંધાયા છે. ૩૦ લોકોના મોત થયા છે. લગભગ ૪૦૦ વર્ષો સુધી, મોઝામ્બિક ટાપુ પોર્ટુગીઝ પૂર્વ આફ્રિકાની રાજધાની હતી. આ ટાપુ તેના કોલોનિયલ આર્કિટેક્ચર માટે યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટ્સની યાદીમાં સામેલ છે.

# શેરબજાર ઓલ ટાઈમ હાઈ

## સેન્સેક્સ ૭૪૬૦૦ની સપાટીને પાર

### માર્કેટ કેપ પ્રથમ વખત ૪૦૦ લાખ કરોડને પાર

મુંબઈ,

શેરબજાર આજે રેકોર્ડ હાઈ પર ખુલ્યું છે અને સેન્સેક્સ ઓલ ટાઈમ હાઈ પર ખુલ્યો છે. BSE સેન્સેક્સ ૩૦૭.૨૨ પોઈન્ટ અથવા ૦.૪૧ ટકાના વધારા સાથે ૭૪,૫૫૫.૪૪ પર ખુલ્યો. NSE નો નિફ્ટી ૬૪.૬૫ પોઈન્ટ અથવા ૦.૨૯ ટકાના વધારા સાથે ૨૨,૫૭૮.૩૫ ના સ્તર પર ખુલ્યો. આજે, BSE સેન્સેક્સ પ્રથમ વખત ૭૪૬૦૦ની સપાટીને પાર કરી ૭૪,૬૫૮.૯૫ની નવી ઐતિહાસિક ટોચને સ્પર્શી ગયો છે. જ્યારે NSEનો નિફ્ટી પ્રથમ વખત ૨૨,૬૨૩.૯૦ ના સ્તર પર પહોંચી ગયો છે. આજના સ્તરો બંને સૂચકાંકોના સર્વોચ્ચ સ્તર છે. અ ા



સિવાય માર્કેટ કેપમાં પણ નવો રેકોર્ડ સર્જાયો હતો અને તે ૪૦૦ લાખ કરોડને પાર થઈ ગયું હતું.

ભારતીય શેરબજારમાં આજે નવા સપ્તાહના પ્રારંભે તેજીનો દૌર જારી રહ્યો હતો. વિશ્વ બજારના પોઝીટીવ ટ્રેન્ડ તથા ભારતીય અર્થતંત્ર વિશે પ્રોત્સાહક રીપોર્ટને પગલે શરૂઆત જ ગેપઅપ રહી હતી. હેવીવેઈટથી માંડી રોકડાના શેરોમાં ધુમ લેવાલીથી મોટા ભાગના શેરોસતત તેજીના માર્ગે આગળ દોડતા રહ્યા હતા. નાણાં સંસ્થાઓની એકધારી ધુમ લેવાલીની પણ અસર રહી હતી.શેરબજારે આજે વધુ એક સિધ્ધિ હાંસલ કરી હોય તેમ માર્કેટ કેપ ૪૦૦ લાખ કરોડને પાર થઈ ગયું હતું. આજે કામકાજના પ્રારંભિક તબકકામાં જ બીએસઈનું માર્કેટ કેપ ૪૦૧.૨૪ લાખ કરોડ પર પહોંચી ગયું હતું. પ્રથમ વખત માર્કેટ કેપે આ ઉંચાઈ હાંસલ કરી છે. ભારતીય શેરબજારમાં સૌપ્રથમ માર્ચ-૨૦૧૪માં ૧૦૦ લાખ કરોડનું માર્કેટ કેપ થયું હતું.

## દિલ્હી એરપોર્ટ પર વિસ્ફોટની ધમકી આપનારા બે ઝડપાયા

### પોલીસ તરફથી હજુ સુધી આ બન્ને મુસાફરોના નામનો ખુલાસો કરવામાં આવ્યો નથી

નવીદિલ્હી,

દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ એરપોર્ટને પરમાણુ બોમ્બથી ઉડાવવાની ધમકી આપનારા બે મુસાફરોની અટકાયત કરવામાં આવી છે. દિલ્હી પોલીસે તેની જાણકારી આપી છે. પોલીસે જણાવ્યું કે ૫ એપ્રિલે દિલ્હીના IGI એરપોર્ટ પર વિમાનમાં ચઢતા પહેલા મુસાફરોની તપાસ કરવામાં આવતી હતી. આ દરમિયાન બે મુસાફરોએ સિક્યુરિટી સ્ટાફને એરપોર્ટને પરમાણુ બોમ્બથી ઉડાવવાની ધમકી આપી હતી.

પોલીસે જણાવ્યું કે એરપોર્ટ પર વિસ્ફોટની ધમકી આપવાના આરોપમાં બન્ને મુસાફરોની ધરપકડ કરવામાં આવી છે. દિલ્હી પોલીસે જણાવ્યું કે બન્ને વિરૂદ્ધ એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં કલમ ૧૮૨/૫૦૫ (૧) બી હેઠળ ફરિયાદ નોંધવામાં આવી હતી. જોકે પોલીસ તરફથી હજુ સુધી આ બન્ને મુસાફરોના નામનો ખુલાસો કરવામાં આવ્યો નથી.

# રૂપાલા વિવાદ ફરી દિલ્હી દરબારમાં અમીત શાહ હવે કોઈ નિર્ણય લેશે ?

### તટસ્થ અગ્રણીઓને દિલ્હી બોલાવવાની ચર્ચા : રૂપાલાએ પ્રચાર કરતા ક્ષત્રિય સમાજે વધુ આકરૂ વલણ લીધું

નવીદિલ્હી,

ગુજરાતમાં રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પરસોતમ રૂપાલાના વિવાદી વિધાનો પર ક્ષત્રિય સમાજે માંડેલા મોરચામાં હવે સમાધાનની કોઈ આશા ન દેખાતા ગુજરાત ભાજપ મોવડીમંડળ ફરી એક વખત હવે નિર્ણય દિલ્હી પર ઠેલ્યો છે.

એક તરફ ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ પોતે ઉમેદવારી કરવા જઈ રહ્યા છે અને તેઓ હાજરી આપવા ભરી સભામાં



આમંત્રણ આપી દીધું છે પણ ગઈકાલે જે રીતે ધ્રાંગધ્રામાં ક્ષત્રિય સમાજનું વિશાળ સંમેલન મળ્યુ અને તેમાં પણ આર-પારની લડાઈના ટંકાર થયા પછી ગાંધીનગરમાં ફરી એક વખત ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીના નિયમો ભાજપના ક્ષત્રિય આગેવાનોની બેઠક મળી હતી. તેમાં કોઈ ઉકેલ શોધવા અથવા ક્ષત્રિય આંદોલનનો રાજકીય મુકાબલો કઈ રીતે કરવો તે અંગે ચર્ચા થઈ છે પણ મૂળ પ્રશ્ર્ન તો રૂપાલાની ટિકીટ રદ કરવાનો છે તે અંગે તો દિલ્હી જ નિર્ણય લઈ શકે.

# ૧૪ રાજ્યોમાં વરસાદની શક્યતા : ગુજરાત સહિતના આઠ રાજ્યોમાં હીટવેવ એલર્ટ

નવીદિલ્હી,

દેશના ૧૪ રાજયોમાં વરસાદ અને ૮ રાજ્યોમાં હીટવેવની શક્યતા છે. ગુજરાત, ગોવા, કર્ણાટક, કેરળ, તેલંગાણા, આંધ્રપ્રદેશ, તમિલનાડુ અને પુડુચેરીમાં હીટ વેવની અસર થશે. આ રાજ્યોમાં તાપમાન ૪૩ ડિગ્રીએ પહોંચી ગયું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર કેરળ, કર્ણાટક, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, તેલંગાણા, ઓડિશા, બિહાર, છત્તીસગઢ, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, આસામ, સિક્કિમ, મેઘાલય અને અરુણાચલ પ્રદેશના ઘણા વિસ્તારોમાં વરસાદ પડી શકે છે.હવામાન વિભાગે કહ્યું કે મધ્યપ્રદેશમાં આગામી ૪ દિવસ એટલે કે ૭ થી ૧૦ એપ્રિલ સુધી કરા અને વરસાદ પડશે. વાવાઝોડું ૩૦ થી ૬૦ કિલોમીટર પ્રતિ કલાકનીઝડપે ફૂંકાય તેવી શક્યતા છે. બિહારમાં આજે ગરમીનું મોજું નહીં હોય. અહીંના ૧૬ શહેરોના મહત્તમ તાપમાનમાં ઘટાડો થયો છે.

### રાજ્યમાં ગરમીનો પ્રકોપ: તાપમાન ૩૮ ડિગ્રીને પાર

રાજ્યમાં ગરમીનો પ્રકોપ યથાવત છે. જેમાં ૪૦.૪ ડિગ્રી તાપમાન સાથે મહુવા સૌથી ગરમ શહેર રહ્યું છે. તેમજ મોટાભાગના શહેરોમાં તાપમાન ૩૮ ડિગ્રીને પાર ગયુ છે. તથા ૩ શહેરોમાં તાપમાન ૩૯ ડિગ્રીને પાર છે અને ૬ શહેરોમાં તાપમાન ૩૮ ડિગ્રીને પાર રહ્યું છે. અમરેલીમાં ૩૮.૮, અમદાવાદમાં ૩૮.૧ ડિગ્રી, સુરેન્દ્રનગરમાં ૩૮.૮, કંડલામાં ૩૮.૬ ડિગ્રી તાપમાન છે. છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયેલ તાપમાન વિશે જોઈએ તો ગાંધીનગર ૩૬.૮ ડિગ્રી, ડીસા ૩૭.૨ ડિગ્રી, વડોદરા ૩૭.૪ ડિગ્રી, સુરત ૩૭.૪ ડિગ્રી, અમરેલી ૩૮.૮ ડિગ્રી, ભાવનગર ૩૯.૫ ડિગ્રી, રાજકોટ ૩૯.૦ ડિગ્રી, સુરેન્દ્રનગર ૩૮.૮ ડિગ્રી, મહુવા ૪૦.૪ ડિગ્રી, ભુજ ૩૭.૫ ડિગ્રી તેમજ કંડલા ૩૮.૬ ડિગ્રી અને કેશોદમાં ૩૭.૯ ડિગ્રી તાપમાન રહ્યું છે.

## ૭મી મેએ ગુજરાતમાં મતદાનના દિવસે રજા જાહેર

અમદાવાદ,

લોકસભાની ચૂંટણીના ગુજરાતમાં બીજા તબક્કામાં મતદાન થવાનું છે. આ દિવસે વધુ મતદાન થાય અને લોકો પોતાના મતાધિકારનો પૂરો ઉપયોગ કરી શકે તે માટે ગુજરાત સરકારે ૭મી મેએ સત્તાવાર રજા જાહેર કરી છે. ધોમ ઉનાળો તપી રહ્યો છે ત્યારે આ દિવસોમાં મતદારોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે પણ સરકારે પુરી વ્યવસ્થા કરી છે. વધુમાં સાતમી સત્તાવાર રજા જાહેર કરાઈ હોઈ આ દિવસે રાજ્ય સરકારના અને અન્ય કર્મચારીઓનો ફરજિયાત રજા આપવાની રહેશે. ઉલ્લેખનીય છે કે આ રજા અન્ય દિવસોમાં ફેરબદલ કરવામાં આવશે.

## પાકિસ્તાનમાં આતંકી હુમલા: ૧૨ આતંકી ઠાર અને ૭ પોલીસ જવાનનાં મોત

### બલૂચિસ્તાન પ્રાંતમાં છેલ્લા બે દિવસમાં અલગ-અલગ આતંકવાદી હુમલા

ઈસ્લામાબાદ,

પાકિસ્તાનમાં ફરી એક વખત સૌથી મોટો આતંકવાદી હુમલો થયો હતો, જેમાં અલગ અલગ બનાવમાં મોટી જાનહાનિ થઈ હતી. ખૈબર પખ્તુનખ્વા અને બલૂચિસ્તાન પ્રાંતમાં છેલ્લા બે દિવસમાં અલગ-અલગ આતંકવાદી હુમલા અને સુરક્ષા કાર્યવાહીમાં એક વરિષ્ઠ પોલીસ અધિકારી સહિત ૭ સુરક્ષાકર્મીઓના મોત અને ૧૨ આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા.

પાકિસ્તાન સશસ્ત્ર દળોની મીડિયા વિંગ ઈન્ટર-સર્વિસ પબ્લિક રિલેશન્સ(આઈએસપીઆર)એ જણાવ્યું હતું કે બલૂચિસ્તાન પ્રાંતમાં બે અલગ-અલગ ઘટનાઓમાં ચાર આતંકવાદીઓ માર્યા ગયા હતા. ખૈબર પખ્તુનખ્વામાં ડેરા ઈસ્માઈલ ખાન જિલ્લાના કુલાચી તહસીલન કોટ સુલતાન વિસ્તારમાં સુરક્ષા દળોએ આતંકવાદીઓ વિરુદ્ધ ઓપરેશન હાથ ધર્યું હતું. જેમાં આઠ આતંકવાદીઓ માર્યા ગયા હતા. સુરક્ષા દળોએ માર્યા ગયેલા આતંકવાદીઓ પાસેથી હથિયારો, દારૂગોળો અને વિસ્ફોટકો જપ્ત કર્યા હતા.

## શિવશંકર ચૈતન્ય ભારતીનું નિધન

### સંત પરંપરા માટે આ મોટી ખોટ છે પીએમ મોદીએ વ્યક્ત કર્યો શોક

વારાણસી,

ભગવાન વિશ્વનાથના પરમ ભક્ત સંત શ્રી શિવશંકર ચૈતન્ય ભારતીનું નિધન થયું છે. પીએમ મોદી અને યુપીના સીએમ યોગી આદિત્યનાથે તેમના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. પીએમ મોદીએ ટ્વિટર પર લખ્યું, 'કાશીથી ભગવાન વિશ્વનાથના મહાન ભક્ત સંત શ્રી શિવશંકર ચૈતન્ય ભારતીજીના મહાન નિધનના દુ:ખદ સમાચાર મળ્યા. તેઓ બાબા વિશ્વનાથની સેવામાં મંગળા આરતીમાં સતત હાજર રહેતા હતા. તેમના જવાથી કાશીની સંત પરંપરાને મોટી ખોટ પડી છે. સંત શ્રી ભારતીજી મહારાજને તેમના શિવ સ્વરૂપે વિસર્જન કરવા પર નમ્ર શ્રદ્ધાંજલિ. ઓમ શાંતિ!'

## કે. કવિતાને ના મળી રાહત

### રાઉઝ એવન્યુ કોર્ટે ફગાવી જામીન અરજી

નવીદિલ્હી,

ભારતીય રાષ્ટ્ર સમિતિ નેતા અને તેલંગાણાના પૂર્વ મુખ્યમંત્રી કે.ની દિલ્હી લિકર પોલિસી કેસમાં ધરપકડ કરવામાં આવી છે. ચંદ્રશેખર રાવની પુત્રી કે. કવિતાને રાઉઝ એવન્યુ કોર્ટમાંથી રાહત મળી નથી. કોર્ટે તેમની વચગાળાની જામીન અરજી ફગાવી દીધી છે. કવિતાએ તેના ૧૬ વર્ષના પુત્રાની ચાલી રહેલી પરીક્ષાઓને ટાંકીને વચગાળાના જામીનની માંગણી કરી હતી. દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે કવિતા અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ તરફથી હાજર રહેલા વકીલની દલીલો સાંભળ્યા બાદ ૪ એપ્રિલે પોતાનો આદેશ અનામત રાખ્યો હતો. કોર્ટે આજે ચુકાદો જાહેર કર્યો હતો.સુનાવણી દરમિયાન કવિતા તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ પીએમએલએની કલમ ૪૫ અને મહિલાઓને અપવાદ આપતી જોગવાઈનો ઉલ્લેખ કર્યો હતો. સિંઘવીએ પોતાની દલીલમાં કહ્યું હતું કે, 'એવું નથી કે બાળક ખોળામાં છે કે નાનો છે, તેની ઉંમર ૧૬ વર્ષ છે. પરંતુ અહીં મુદ્દો અલગ છે. આ તેના બાળક માટે માતાના નૈતિક અને ભાવનાત્મક સમર્થનનો મુદ્દો છે.

# રાહુલને લાગે છે કે તે બધું જ જાણે છે : પ્રશાંત કિશોર

### PKએ કહ્યું, રાહુલે બ્રેક લેવો જોઈએ :૧૦ વર્ષની નિષ્ફળતા બાદ પણ કોઈને પાર્ટી ચલાવવા દીધી નથી

નવીદિલ્હી,

જો કોંગ્રેસને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ધાર્યા પ્રમાણે પરિણામ નહીં મળે તો રાહુલ ગાંધીએ રાજકારણમાંથી બ્રેક લેવાનું વિચારવું જોઈએ. રાજકીય વ્યૂહરચનાકાર પ્રશાંત કિશોરે ન્યૂઝ એજન્સી પીટીઆઈને આપેલા ઈન્ટરવ્યુમાં આ વાત કહી. પ્રશાંતે કહ્યું- રાહુલ ગાંધી છેલ્લા ૧૦ વર્ષથી કોંગ્રેસને જીતવા માટે નિષ્ફળ પ્રયાસ કરી રહ્યા છે. આ હોવા છતાં, તેમણે ન તો પોતાની જાતને રાજનીતિથી દૂર કરી અને ન તો અન્ય કોઈને પાર્ટીનો ચહેરો બનવા દીધો. મારા મતે આ લોકશાહી નથી. પ્રશાંતે કહ્યું- જ્યારે તમે (રાહુલ ગાંધી) છેલ્લા ૧૦ વર્ષથી એક જ કામ કરી રહ્યા છો અને તેમાં કોઈ સફળતા મળી નથી, તો બ્રેક લેવામાં કોઈ નુકસાન નથી. તમારે પાંચ વર્ષ બીજા કોઈને કરવા દેવા જોઈએ. પૂર્વ વડાપ્રધાન સ્વર્ગસ્થ રાજીવ ગાંધીની હત્યા બાદ સોનિયા ગાંધીએ શું કર્યુ? ૧૯૯૧માં તેમણે રાજનીતિથી દૂરી લીધી હતી. કોંગ્રેસની કમાન પીવી નરસિમ્હા રાવને આપવામાં આવી હતી. તેનું પરિણામ તમે બધા જાણો છો.પ્રશાંત કિશોરે કહ્યું- દુનિયાભરમાં સારા અને મહાન નેતાઓની વિશેષતા છે. તેઓ જાણે છે કે તેમની પાસે શું અભાવ છે. તેઓ હંમેશા તેમની ખામીઓ અને અપૂર્ણતાને સુધારવાનો પ્રયાસ કરતા હોય છે.




CMYK CMYK

# જામનગરમાં ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિને બાઈક રેલી યોજાઈ

## શહેરના ધારાસભ્ય દિવ્યેશ અકબરી અને રિવાબા જાડેજા શહેર ભાજપ પ્રમુખ સહિતના અગ્રણીઓ બાઈક રેલીમાં જોડાયા




તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર શહેરમાં ગઈકાલે ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિન નિમિત્તે વિશાળ બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જામનગર શહેરના ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, રિવાબા જાડેજા ઉપરાંત શહેર ભાજપના પ્રમુખ ડો. વિમલભાઈ કગથરા ની રાહબરી હેઠળ બાઈક રેલી યોજાઈ હતી. વિશ્વ સૌથી મોટી પાર્ટી ભારતીય જનતા પાર્ટીના ૪૪ માં સ્થાપના દિવસ નિમિતે ભવ્યબાઈક રેલી નું આયોજન કરાયું હતું, જે બાઈક રેલીનો જામનગર શહેર ભાજપના મધ્યસ્થ કાર્યાલય પાસેથી ગઈકાલે સાંજે સાડા પાંચ વાગ્યે પ્રારંભ થયો હતો. જેમાં ૭૮- વિધાનસભાના ધારાસભ્ય રિવાબા જાડેજા, ૭૯- વિધાનસભા વિસ્તાર ના ધારાસભ્યશ્રી દિવ્યેશભાઈ અકબરી, જામનગર શહેર ભાજપ ના પ્રમુખશ્રી વિમલભાઈ કગથરા સહિતના હોદ્દેદારોએ બાઈક રેલી નો પ્રારંભ કરાવ્યો હતો, અને તેઓએ આગેવાની લીધી હતી, અને બાઈક સાથે જોડાયા હતા. આ ઉપરાંત શહેર ભાજપના કોર્પોરેટર તથા સંગઠન ના હોદ્દેદારો, દરેક મોરચા ના હોદ્દેદારો, તથા બૂથ સુધીના તમામ કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. જે બાઈક રેલીયા નગર ભ્રમણ કર્યા પછી શહેર ભાજપના કાર્યાલયે ફરી પૂર્ણ થઈ હતી.

## ઓખા-ગોરખપુર એક્સપ્રેસ પુનઃસ્થાપિત : ૧૨ મે સુધી ડાયવર્ટ કરેલા રૂટ પર દોડશે

દ્વારકા : પશ્ચિમ મધ્ય રેલવેના બીના સ્ટેશન પર મેન્ટેનન્સ ના કામને કારણે, ઓખા-ગોરખપુર અને ગોરખપુર-ઓખા એક્સપ્રેસ, જે અગાઉ ૧૨ મે, ૨૦૨૪ સુધી રદ કરવામાં આવી હતી, તે હવે રદ થવાને બદલે આંશિક રીતે ડાઈવર્ટ કરાયેલા રૂટ પર દોડશે. જેની વિગતો નીચે મુજબ છે.

આંશિક રીતે ડાયવર્ટ કરાયેલા રૂટ પર દોડનારી ટ્રેનો : ટ્રેન નં. ૧૫૦૪૬ ઓખા-ગોરખપુર એક્સપ્રેસ ૧૪.૦૪.૨૦૨૪, ૨૧.૦૪.૨૦૨૪, ૨૮.૦૪.૨૦૨૪, ૦૫.૦૫.૨૦૨૪ અને ૧૨.૦૫.૨૦૨૪ ના રોજ અને ટ્રેન નં. ૧૫૦૪૫ ગોરખપુર-ઓખા એક્સપ્રેસ ૧૧.૦૪.૨૦૨૪, ૧૮.૦૪.૨૦૨૪, ૨૫.૦૪.૨૦૨૪, ૦૨.૦૫.૨૦૨૪ અને ૦૯.૦૫.૨૦૨૪ના રોજ રદ થવાને બદલે, તે હવે આંશિક રીતે ડાઈવર્ટ કરાયેલા રૂટ વાયા મકસી, ગુના અને ગ્વાલિયર થઈને પર દોડશે. આ ટ્રેનો જ્યાં નહીં જાય તેમાં અશોકનગર, મુંગાવલી, બીના અને વીરાંગના લક્ષ્મીબાઈ (ઝાંસી) સ્ટેશનનો સમાવેશ થાય છે.

રેલવે મુસાફરોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને તેમની મુસાફરી શરૂ કરે અને ટ્રેનની કામગીરી સંબંધિત નવીનતમ અપડેટ્સ માટે www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લે જેથી કરીને કોઈ અસુવિધા ન થાય.

## ખંભાળિયામાં નિર્માણ પામેલું "શ્રી દ્વારકેશ કમલમ" કાર્યકરોને અર્પિત




તસવીર: રાકેશ સામાણી

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતે ભાજપના કાર્યકરોના ઘરના ઘર સમાન જિલ્લા ભાજપ કાર્યાલય "શ્રી દ્વારકેશ કમલમ"નું આજરોજ વિધિવત રીતે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રાજ્યના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ દ્વારા આ કાર્યાલય પાર્ટીના કાર્યકરોને અર્પણ કરવા માટેનો ભવ્ય કાર્યક્રમ શનિવારે સવારે યોજવામાં આવ્યો હતો.

ખંભાળિયા નજીકના દ્વારકા માર્ગ પર આશરે ૭,૦૦૦ ફૂટ જેટલી જગ્યા પર ૨૦,૦૦૦ ફૂટના બાંધકામ સાથે ભવ્ય અને સુંદર રીતે બનાવવામાં આવેલા જિલ્લા ભાજપ કાર્યાલય કે જેને "શ્રી દ્વારકેશ કમલમ"નું નામ આપવામાં આવ્યું હતું. આજરોજ ભાજપના સ્થાપના દિન નિમિત્તે તેનો લોકાર્પણ કાર્યક્રમ ભવ્ય રીતે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલા પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ, સંગઠન મહામંત્રી રત્નાકરજી, તેમજ રજનીભાઈ પટેલનું ભવ્ય રીતે સ્વાગત-સન્માન કરવામાં આવ્યું હતું. આ પછી મહાનુભાવો દ્વારા કાર્યાલયના પ્રવેશદ્વાર ઉપર રીબીન કાપીને શાસ્ત્રોક્ત વિધિથી ઉદ્‌ઘાટન કરાયું હતું.

આ લોકાર્પણ આયોજનમાં ખાસ ઉપસ્થિત રહેલા ખંભાળિયાના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા, સાંસદ પૂનમબેન માડમ, કુંવરજીભાઈ બાવળીયા, આર.સી. ફળદુ, પૂર્વ ધારાસભ્ય હકુભા ચાવડા, જીતુભાઈ લાલ વિગેરે સમક્ષ પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યા હતા. આ આયોજનમાં વકતવ્ય આપતા લોકસભાના ઉમેદવાર પૂનમબેન માડમએ કેન્દ્રની ભાજપ સરકાર તથા આ વિસ્તારના વિકાસ કાર્યોનું સવિસ્તૃત વર્ણન કરી અને જિલ્લા ભાજપ કાર્યાલયની સગવડતાની પ્રશંસા કરી હતી.

રાજ્યના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે કાર્યાલયને ખૂબ મહત્વનું ગણાવી અને કાર્યોને "લય"માં લાવવા માટે કાર્યાલય અગત્યનું હોવાનું છે તેમ જણાવીને રાજ્યના દરેક જિલ્લાઓમાં પણ આવી રીતે જિલ્લા કાર્યાલયો બનાવવાની કામગીરી તથા તેમાં રત્નાકરજીનું માર્ગદર્શન વર્ણવ્યું હતું.

## જામનગરમાં જુના મનદુ:ખનો ખાર રાખી યુવાન પર ચાર શખ્સોનો હુમલો

જામનગર : જામનગરમાં દેવુભાના ચોક વિસ્તારમાં એક યુવાન પર લોખંડના પાઈપ અને ધોકા વડે હુમલો કરી ફેક્ચર કરી નાખતા પિતા પુત્ર સહિત ચાર સામે પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ છે.

જામનગરમાં સાધના કોલોની વિસ્તારમાં રહેતા અને મજૂરી કામ કરતા વિશાલ ઉર્ફે બોક્સર રમણીકલાલ પરમાર નામના ૨૬ વર્ષના યુવાન પર દેવુભાના ચોક વિસ્તારમાં કિશન અરવિંદભાઈ ચૌહાણ, અરવિંદભાઈનો પુત્ર લાડવો અને તેના અન્ય બે સાગરીતોએ લોખંડના પાઈપ અને ધોકા વડે હુમલો કરી હાથ પગમાં ફેક્ચર સહિતની ઈજા પહોંચાડ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે. ફરિયાદી વિશાલ પરમારના કાકા અને આરોપીને દોઢ વર્ષ પહેલા ઝઘડો થયો હતો. જેનું મન દુઃખ રાખીને આ હુમલો કરાયાનું પોલીસમાં જાહેર થયું છે.

## જામનગરમાં બે પાડોશીઓ વચ્ચે તકરાર થયા પછી યુવાન પર છરી વડે હુમલો

જામનગર : જામનગરમાં ધરાર નગર-૨ રામદેવપીરના મંદિરની પાછળના ભાગમાં રહેતા અને ડ્રાઈવિંગ કામ કરતા સિધ્ધરાજસિંહ ભીખુભાઈ નાગેશ નામના ૨૦ વર્ષના રબારી યુવાને પોતાના ઉપર છરી વડે હુમલો કરી ઈજા પહોંચાડવા અંગે ધરારનગરમાંજ રહેતા નવાઝ સંધિ નામના શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર બંને પાડોશીઓ કે જેઓ એક બાઈકમાં બેસીને જઈ રહ્યા હતા જે દરમિયાન રસ્તામાં અંધારામાં આરોપી નવાઝ બાઈક પરથી નીચે ઉતરી ગયો હતો, અને ફરિયાદી યુવાન પર હુમલો કરી દીધાનું પોલીસમાં જાહેર થયું છે. જે આરોપીને પોલીસ શોધી રહી છે, જ્યારે ઈજાગ્રસ્ત યુવાનને જી જી હોસ્પિટલમાં સારવાર અપાઈ છે.

## જામનગર, ધ્રોળ અને જોડિયામાં જુગાર રમતા ૬ ઝડપાયા

જામનગર : જામનગર શહેર -ધ્રોળ અને જોડીયામાં ગઈરાત્રે પોલીસે ત્રણ સ્થળે દરોડા પાડ્યા છે અને ૬ આરોપીઓની અટકાયત કરી લઈ રોકડ રકમ તેમજ જુગારનું સાહિત્ય કબ્જે કર્યું છે.

જામનગર જિલ્લાના ધ્રોળમાં આહીર કન્યા છાત્રાલય પાછળના ભાગમાં બાવળની ઝળીમાંથી જાહેરમાં ગંજી પાના વડે જુગાર રમી રહેલા રફી ઈબ્રાહીમભાઈ મકવાણા, હાજી સુલતાનભાઈ મકવાણા, સીદીક ઈબ્રાહીમભાઈ મકવાણા અને રજાક સુલતાનભાઈ મકવાણાની અટકાયત કરી છે, અને તેઓ પાસેથી રૂપિયા ૩,૩૫૦ ની રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબ્જે કર્યું છે.

જુગાર અંગે નો બીજો દરોડો જામનગરમાં ખોજા નાકા વિસ્તારમાં પાડવામાં આવ્યો હતો. ત્યાંથી જાહેરમાં વરલી મટકાના આંકડા લખી રહેલા સબીર રહીમભાઈ બ્લોચ નામના શખ્સની અટકાયત કરી લઈ તેની પાસેથી રોકડ રકમ તેમજ વરલી મટકા ના આંકડાનું સાહિત્ય કબજે કર્યું છે.

ત્રીજો દરોડો જોડિયા ટાઉનમાં પાડવામાં આવ્યો હતો. ત્યાંથી જાહેરમાં વરલી મટકાના આંકડા લખી રહેલા અજીજ મામદભાઈ ગાધ નામના શખ્સ ને પોલીસે ઝડપી લીધો છે, અને તેની પાસેથી પણ રોકડ રકમ તેમજ વરલી મટકાનું સાહિત્ય કબજે કર્યું છે.

## દ્વારકામાં શિવગંગા ટ્રસ્ટ દ્વારા ચકલીના માળા અને કુંડાનુ નિઃશુલ્ક વિતરણ


તસવીર: રાકેશ સામાણી

દ્વારકા : દ્વારકામાં વર્ષોથી પક્ષી અને પર્યાવરણ તેમજ આરોગ્યની ચિંતા કરતા ટ્રસ્ટ દ્વારા લુપ્ત થતી ચકલીની પ્રજાતિને બચાવવા ગઈકાલ રવિવારે ચકલીના માળા અને પાણી માટેના કુંડાનુ નિશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું.

દ્વારકામાં જાણીતી એવી શિવગંગા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચકલીના માળા તેમજ પાણીના કુંડાનુ નિઃશુલ્ક (ફ્રી) વિતરણ કરવમાં આવ્યું હતું. ત્યારે દ્વારકાના દરેક પક્ષી પ્રેમી લોકોએ પક્ષીઓ માટે ચકલીના માળા અને કુંડા લેવા લાઈનોમાં ઊભા રહી લાભ લીધો હતો. આ વિતરણ કાર્યક્રમમાં સાધુ, સંતો અને અગ્રણીઓ તથા પક્ષીપ્રેમી લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## જામનગરના અજીતસિંહ ક્રિકેટ ગ્રાઉન્ડ પર ઓપન ગુજરાત સિઝન ક્રિકેટ ટુર્નામેન્ટનો થયો પ્રારંભ

### રાજેન્દ્રસિંહ જાડેજા અને વામન જાની કપ ટુર્નામેન્ટમાં સૌરાષ્ટ્રની ૬૪ ટીમો વચ્ચે મૂકાબલો જામશે




તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશન દ્વારા જામનગરના બે પુર્વ રણજી ક્રિકેટરોને અજલી આપવા ૪૦-૪૦ ઓવરની વન-ડેની નોક-આઉટ ટુનર્નામેન્ટનો આરંભ થયો હતો. આ ટુર્નામેન્ટમાં સિનિયરો અને અંડર-૧૪ના ખેલાડીઓની કુલ ૬૪ મેચો અજીતસિંહજી ક્રિકેટ પેવેલીયન ક્રિકેટ બગલો ખાતે રમાશે.

એક સમયે કપીલદેવ સમકક્ષ ગણાયેલા રણજીટ્રોફીમા તરખાટ મચાવનારા ફાસ્ટ બોલર રાજેન્દ્રસિંહ જાડેજાનું કોરોનાના કાતિલ મોજામાં નિધન થયું હતું. આ જ રીતે ટેસ્ટ ક્રિકેટર સલીમ દુરાનીના નાનપણથી અંત સમય સુધીના ગાઢ મિત્ર એવા રણજી ખેલાડી વામનભાઈ જાનીનુ ગત વર્ષે નિધન થયા બાદ જામનગરના આ બને પુર્વ રણજી ખેલાડીઓને ક્રિકેટ જગત દ્વારા અજલી આપવા સિનિયર ક્રિકેટરો માટે રાજેન્દ્રસિંહ જાડેજા કપ અને અંડર-૧૪ના ખેલાડીઓ માટે વામન જાની કપનું આયોજન જામનગર ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશન દ્વારા કરવામાં આવ્યું છે. નોકઆઉટ પ્રકારની આ ટુર્નામિન્ટ ૪૦-૪૦ ઓવરની સિઝનબોલ ક્રિકેટ ટુર્નામિન્ટ રમાશે. આ ટુર્નામિન્ટમાં જામનગર સહિત સૌરાષ્ટ્રની ૪૯ ટીમોએ રાજેન્દ્રસિંહ કપમા અને ૧૫ ટીમોએ વામન જાની કપમાં ભાગ લીધો છે. આ ટુનામેન્ટનો વાજતે-ગાજતે બેન્ડવાજા અને ફુલો સાથે ઉત્સાહ સાથે પ્રારંભ કરવામા આવ્યો હતો. ઉદઘાટન સમારોહ વેળાએ બંને પુર્વ રણજી ખેલાડીઓના પરિવારજનો પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ટુર્નામિન્ટમાં રાજકોટ, ભાવનગર, જુનાગઢ, વડોદરા, જામનગર, મોરબી, દ્વારકા, સિક્કા, સહીતના શહેરમાથી ટીમએ ભાગ લીધો છે. આ ટુર્નામિન્ટ આગામી બે માસ જેટલો સમય ચાલુ રહેશે. ઉલ્લેખનિય છે કે, જામનગરના ખેલાડીઓ રાષ્ટ્રીય કક્ષાની રણજી ટ્રોફી, દુલીપ ટ્રોફી તો નિયમિત રમાય છે. જે બાદ હવે બે પુર્વ રણજી ખેલાડીઓની ટ્રોફી રમાશે. જે દર વર્ષે રમાય તે માટેનુ આયોજન જામનગર ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશન દ્વારા કરવામા આવ્યુ છે.

આ ટુર્નામિન્ટનો શુભારંભ પુર્વ રાજ્યમંત્રી ધર્મેન્દ્રસિંહ(હકુભા) જાડેજાએ કરાવ્યો હતો. સાથે પુર્વ રણજી ટ્રોફીના ખૈલાડી વામન જાની અને રાજેન્દ્રસિંહ જાડેજાના પરીવારજનોએ ખાસ હાજરી આપી અને ખુશી વ્યકત કરી હતી. સ્વ. રાજેન્દ્રસિંહ જાડેજાના પત્ની યાશિકાકુમારી જાડેજા તેમજ પુત્રી-જમાઈ સાથે વામન જાનીના પરીવારના હિમાંશુ જાની સહિતના પરીવારજનોએ ખાસ હાજરી આપી હતી. આ પ્રસંગે ખબર ગુજરાતના તંત્રી નિલેશ ઉદાણી, કોર્પોરેટર જયરાજસિંહ જાડેજા, જામનગર ડ્રિસ્ટ્રીકટ ક્રિકેટ એશોસિયેશનના પ્રમુખ અજયભાઈ સ્વાદીયા, ઉપપ્રમુખ વિનુભાઈ ધ્રુવ, જોઈન્ટ સેક્રેટરી ભરતસિંહ જાડેજા, કોચ મહેન્દ્રસિંહ ચૌહાણ તથા સમગ્ર ટુર્નામિન્ટના પ્રોજેક્ટ ચેરમેન કશ્યપ મહેતા, ટુર્નામિન્ટના કોઓર્ડિનેટર ભરત મથ્થર, કમિટીના સભ્ય નરેન્દ્ર કણઝારીયા સહીતના ક્રિકેટપ્રેમીઓ અને વાલીઓની હાજરીમાં ટુર્નામિન્ટ ખુલ્લી મુકવામાં આવી હતી. જેમાં પ્રથમ મેચ મહાદેવ એ અને મહાદેવ- ઈલેવન વચ્ચે રમાયો હતો, જેમા મહાદેવ ઈલેવને ટોસ જીતીને પ્રથમ બેટીંગ પસંદ કરી હતી.

## ભાટિયાના બામણાસા ગામે કાલથી દેવી ભાગવત કથાનો આરંભ

ભાટિયા : ભાટિયા પાસેના બામણાસા ગામે આવેલ શ્રી સિમોઈ ધામના મંદિરે તા. ૯ થી ૧૭ એપ્રિલ ૨૦૨૪ સુધી શ્રીમદ દેવી ભાગવત સપ્તાહનું સુંદર આયોજન ભૂવા જીવણભાઈ પાલાભાઈ ચારણ દ્વારા કરવામાં આવ્યું છે. આ કથાની વ્યાસપીઠ પર સતાપર ગામના શાસ્ત્રી કેતનભાઈ વી. રાજયગુરૂ બિરાજી કથાનું રસપાન કરાવશે.

કથામાં દરરોજ વિવિધ ધાર્મિક પ્રસંગો ઉજવવામાં આવશે. તા. ૧૨ના રાત્રે સંતવાણી, ભજન પ્રોગ્રામમાં કલાકારો સુભાષભાઈ ગોસ્વામી, રમેશબાપુ ભજન રજૂ કરશે. તા. ૧૫ના રામદેવજી મહારાજના બાર પ્રહર પાટોત્સવ યોજાશે.

## ઓખાની પરીણિતાને સાસરિયાઓનો ત્રાસ

ખંભાળિયા : ઓખા ખાતે ગાંધીનગરી વિસ્તારમાં રહેતી એક પરીણિતાને પતિ સહિતના સાસરિયાઓએ માર મારી દુઃખ—ત્રાસ આપતા હોવાની ફરિયાદ તેણીએ પોલીસમાં નોંધાવી છે.

ઓખામાં ગાંધીનગરી વિસ્તારમાં રહેતી અને અજીતભાઈ હારુનભાઈ સોઢાની ૧૯ વર્ષની પરિણીત પુત્રી જેનબબેન સાહિલભાઈ બેતારાને તેણીના લગ્ન જીવન દરમિયાન તેણીના પતિ સાહિલ સલીમભાઈ બેતારા, સસરા સલીમભાઈ, સાસુ સેબુબેન તથા અસલમ સલીમ બેતારા દ્વારા અવારનવાર મેણાટોણા મારી, બિભત્સ ગાળો કાઢી, ઢીકાપાટુનો માર મારીને દુઃખ-ત્રાસ આપવામાં આવતા આ અંગે ઓખા મરીન પોલીસ મથકમાં સ્ત્રી અત્યાચારની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

## કલ્યાણપુરના દેવળિયા ગામે તરૂણીનો ગળાફાંસો ખાઈ આપઘાત

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના દેવળિયા ગામે એક તરૂણીએ કોઈપણ કારણોસર ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધાનો બનાવ પોલીસ ચોપડે ઉઠવા પામ્યો છે.

આ બનાવની પ્રાપ્ત વિગત એવી છે કે, કલ્યાણપુર તાલુકાના દેવળિયા ગામે રહેતા રામભાઈ સવાભાઈ આંબલિયાની ૧૭ વર્ષની પુત્રી અંજલિબેને ગત્ શનિવારે કોઈપણ કારણોસર પોતાને ઘેર ગળાફાંસો ખાઈ લીધો હતો. દરમ્યાન તેણીને હોસ્પિટલ ખસેડાઈ હતી. જ્યાં ફરજ પરના તબીબે તેઓનું મૃત્યુ નિપજયનું જાહેર કર્યું હતું. આ બનાવ અંગે મૃતકના પિતા રામાભાઈ આંબલિયાએ પોલીસને જાણ કરતાં ઘટનાસ્થળે દોડી જઈ મૃતદેહનો કબ્જો સંભાળી બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

## જામનગરના પતંગિયા ફળીમાં ઘોડીપાસાનો જુગાર રમતા ૬ પકડાયા

જામનગરના સીટી એ. ડિવિઝનના પોલીસ સ્ટાફે ગઈકાલે રાત્રે પતંગિયા ફળીમાં જુગાર અંગે દરોડો પાડી જાહેરમાં ઘોડીપાષાનો જુગાર રમી રહેલા ધર્મેન્દ્ર અમૃતલાલ ગોલારાણા, ભાવેશ પ્રભુદાસ પરમાર, અજય રમેશભાઈ દાવોદરા, ખીમાભાઈ જીવાભાઈ મૂળિયા, ચેતન ભીખુભાઈ સોલંકી, તેમજ વિશાલ રણછોડભાઈ વાઢેર ની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૨૬,૨૭૦ની રોકડ રકમ અને ઘોડીપાષાનું સાહિત્ય કબ્જે કર્યું છે.

# દ્વારકામાં રૂપાલાના વિરોધમાં રાજપૂત સમાજે રેલી યોજી પ્રાંત અધિકારીને પાઠવ્યું આવેદન




તસવીરઃ રાકેશ સામાણી

દ્વારકા : રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પુરૂષોત્તમ રૂપાલાએ તાજેતરમાં રાજપૂત સમાજ અંગે અભદ્ર ટિપ્પણી કરી હતી. જેનો રોષ સમગ્ર રાજપૂત સમાજમાં ઉઠવા પામ્યો છે. જેને લઈ સમગ્ર ગુજરાતમાં રાજપૂત સમાજ દ્વારા રૂપાલાનો વિરોધ પ્રદર્શન યોજવામાં આવી રહયા છે. ત્યારે યાત્રાધામ દ્વારકામાં પણ વિરોધ જોવા મળી રહયો છે. શનિવારે રાજપૂત સમાજના ભાઈઓ અને મહિલાઓ દ્વારા એક રેલી યોજવામાં આવી હતી અને પ્રાંત અધિકારીની કચેરીએ જઈ રૂપાલાની ઉમેદવારી રદ કરવા અંગેની માંગણી કરી આવેદન પાઠવ્યું હતું.

## જામનગરમાં બાઈક પર સ્ટંટ કરતાં ચાલકનો વિડિયો વાયરલ થયો

જામનગર શહેરના ભાગોળ વિસ્તારોમાં હઈવે રોડ ઉપર સ્પીડમાં બાઈક ચલાવીને સ્ટંટ કરતા વિડીયો બનાવીને સોશ્યલ મીડીયામાં મુકવાનો છેલ્લા થોડા સમયથી જ વધ્યો છે. ત્યારે અગાઉ બે શખસો ઝડપાયા બાદ પણ શહેરના ભાગોળે ખંભાળીયા હાઈવે પર એક શખસ બાઈક ઉપર સુતા સુતા બાઈક ચલાવતો હોવાનો વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થતાં પોલીસે તેની શોધખોળ આરંભી છે.




શહેરના ખંભાળીયા હાઈવે ઉપર એરપોર્ટ રોડ ઉપર બે- ચાર દિવસ પહેલા એક શખસ પોતાની બાઈક ફુલ સ્પીડમાં ચલાવીને તેના ઉપર સુતો હોય તેવો વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થતાં ભારે ચકચાર જાગી છે. આ સ્ટંટ કરતા નિકળતાં પાછળ આવતી એક કાર ચાલકે પોતાના મોબાઈલમાં વિડીયો બનાવી લીધો હતો. જે બાદ આ સ્ટંટ કરતો વિડીયો સોશ્યલ મીડીયામાં મુકી દેતા વાયરલ થઈ ગયો છે. પોલીસના હાથમાં આ વિડીયો આવતા પોલીસે તે શખસની શોધખોળ આરંભી છે અને તે વિસ્તારના સીસી ટીવી ફુટેજ મેળવી રહી છે. અગાઉ પણ શહેરના ગુલાબનગર પાસેથી એક શખસ સુતા સુતા બાઈક ચલાવતો હોવાનો વિડીયો વાયરલ થયો હતો. જેને પોલીસે પકડીને તેની સામે ગુનો નોંધ્યો હતો. આ દરમ્યાન ગત પખવાડીયે જ લાલપુર બાયપાસ પાસે હાઈવે ઉપરથી સુતા સુતા બાઈક ચલાવવાનો વિડીયો વાયરલ થતાં પોલીસે તેની સામે ગુનો નોંધીને ઝડપી લીધો હતો. આવા સ્ટંટ બાજોને પોલીસે સરખી રીતે કાયદાના પાઠ ભણાવવા જોઈએ કે, જેથી અન્ય કોઈ બાઈક ચાલક આવા સ્ટંટ ન કરે અને અન્ય રાહદારીઓની જીંદગી જોખમમાં ન મુકે. હાલ તો આ સોશ્યલ મીડીયામાં વાયરલ થયેલા વિડીયોમાં સ્ટંટ કરતા બાઈક ચાલકની શોધખોળ આરંભી છે.

## દ્વારકા જગતમંદિરમાં તંત્રની ગંભીર બેદરકારી

### વાહન ચાલક પોતાનું બાઈક લઈને પ્રવેશતો હોવાનો વિડિયો વાયરલ

દ્વારકા : દ્વારકા જગતમંદિરમાં આમ તો કડક સુરક્ષા વ્યવસ્થા બનાવવામાં આવી છે. દર્શનાર્થીઓને મોબાઈલ પણ લઈ જવામાં નથી આવતા ત્યારે એક બાઈક ચાલક પોતાનું બાઈક લઈને પ્રવેશતો હોવાનો વિડિયો વાયરલ થતાં તંત્રની ગંભીર બેદરકારી હોવાનું સામે આવ્યું છે.



દ્વારકા જગતમંદિરમાં કડકપણે સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે અને કોઈપણ દર્શનાર્થીઓને મોબાઈલ, કેમેરા કે અન્ય કોઈ વસ્તુઓ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. તેમ છતાં દેવસ્થાન સમિતિ સાથે સંકળાયેલા અમુક લોકો દ્વારા પ્રતિબંધનો ઉલાળિયો કરવામાં આવતો હોવાનું પણ ચર્ચાઈ રહયું છે. જો કે, મંદિરમાં મોબાઈલ લઈ જવાની મનાઈ હોવા છતાં, ઘણીવાર નીજ મંદિરના ફોટા તેમજ વિડિયો વાયરલ થયાના અગાઉ અનેક બનાવો બનવા પામ્યા છે. તેમ છતાં તેમની સાથે પગલાં નહીં લેવાતાં પ્રતિબંધ જાણે નામનો હોય તેવું લાગી રહયું છે તેવામાં વધુ એક ગંભીર બેદરકારી સામે આવી છે. એક વ્યક્તિ પોતાનું બાઈક લઈને મંદિરમાંથી બાઈક લઈને બહાર નીકળતો હોવાનો વિડિયો વાયરલ થતાં જગતમંદિર સુરક્ષાકર્મી તેમજ તંત્રની બેદરકારી હોવાનું સામે આવ્યું છે. આ બાઈક ચાલક દ્વારા નિયમોનો ખુલ્લેઆમ ઉલાળિયો કરાતો હોવાનું પણ ફલિત થઈ રહયું છે.

## ધૂંવાવ પાસે મહિલાનું મોત નિપજાવનાર નાશી જનાર બાઈક ચાલક ઝડપાયો

જામનગર : જામનગર-રાજકોટ ધોરી માર્ગ પર ધુંવાવ નજીક ઈસ્કોન મંદિર પાસે રસ્તો ઓળંગી રહેલા એક મહિલાને અજાણ્યા વાહન ચાલકે હડફેટે લેતા તેમનું મૃત્યુ નીપજયું હતું. જે અકસ્માત સર્જીને ભાગી છુટનાર વાહન ચાલકને પોલીસે સીસીટીવી કેમેરાની મદદથી ઝડપી લીધો છે.

જામનગર-રાજકોટ ધોરી માર્ગ પર આવેલા ઈસ્કોન મંદિર પાસે ગત ૩૧મી તારીખે રસ્તો ઓળંગી રહેલા એક મહિલાને અજાણ્યા વાહનના ચાલકે ઠોકરે ચડાવ્યા હતા, જેમાં તેઓનું મૃત્યુ નીપજયું હતું. જે બનાવ અંગે મૃતકના પુત્ર સતીશ અભિમન્યુ પવારે અજાણ્યા વાહન ચાલક સામે પંચકોશી એ. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

જે બનાવમાં પંચકોશી એ. ડિવિઝનની પોલીસ ટીમે જામનગરના કમાન કંટ્રોલરૂમ હેઠળના જુદા જુદા સીસીટીવી કેમેરાઓ વગેરેનું નિરીક્ષણ કર્યા પછી તપાસના અંતે અકસ્માત સર્જનાર જામનગર તાલુકાના ખીમરાણા ગામના પરેન્દ્રસિંહ ઉર્ફે પિન્ટુ શિવુભા જાડેજાને ઝડપી લીધો હતો. અને તેનું બાઈક કબ્જે કરી તેની સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

## લાલપુરના મામલતદારે ચૂંટણી ફરજના ડ્રાઈવરને ગાળો ભાંડતા પાઠવ્યું આવેદન

જામનગર જિલ્લાના લાલપુર મામલતદાર ઓફિસ ફરી વિવાદમાં આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. લાલપુર મામલતદાર તરીકે ફરજ બજાવતા કેતનભાઈ ચાવડાએ ચૂંટણી ફરજમાં રાખેલ કારના ડ્રાઈવર સાથે ગેરવર્તુણુક કરીને મન થાય તેવી ભુંડી ગાળો બોલીને અભદ્ર વર્તન કર્યું હતું અને મારી પાસે સત્તા છે તને હું ગમે તેમ ફીટ કરી દઈશ તેમ કહીને ધમકાવ્યા હતા.ત્યારે મામલતદાર સતાના મદમાં આવીને નાના માણસ સાથે



મનફાવે તેવી ગાળો બોલીને અશોભનીય વર્તન કરેલ હોય અને તેની સોશ્યલ મીડીયામાં કલીપ પણ વાયરલ થઈ છે.જેજી અરજદારે મામલતદાર સામે કાર્યવાહી કરવામાં આવે તે માટે પોલીસ સ્ટેશનમાં આવેદનપત્ર આપવામાં આવ્યું છે અને પ્રાંત અધિકારીને પણ આવેદન આપ્યું છે. અને ગુજરાતના મુખ્યમંત્રી કાર્યાલય તેમજ ગૃહમંત્રીને નકલ રવાના કરી છે ત્યારે હવે જોવું એ રહે કે સતાના મદમાં રાચતા આ અધિકારી સામે કાર્યછાહી થાય છે કે નહીં.એક ડ્રાઈવર સાથે આવુ વર્તન કરતા કલાસ-૧ અધિકારી અજરદાર સાથે કેવુ વર્તન કરતા તેવો પ્રશ્ન ઉઠવા પામ્યો છે. અગાઉ પણ મામલતદાર દ્વારા અનેકવખત અરજદાર સાથે ગેરવર્તન કરવામાં આવ્યા હોવાની બાબત પ્રકાશમાં આવી હતી

## જામનગર યુવાને આપેલ વાહનની સીટ પરત માંગતા ગળામાં ડિસમિસ મારી

જામનગર : જામનગર નજીક ધુંવાવ હાઉસિંગ બોર્ડ કોલોનીમાં રહેતા એક યુવાન પર વાહનની સીટ લઈ જવાના મામલે તકરાર કરી ગળામાં ભાગે ડીસમિસ વડે હુમલો કરી દઈ ગંભીર ઈજા પહોંચાડ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવવામાં આવી છે.

આ બનાવની વિગત એવી છે કે, જામનગર નજીક ધુંવાવમાં હાઉસિંગ બોર્ડ કોલોનીમાં રહેતા સીદિકશા ચાંદશા શાહમદાર ફકીર (૩૫) કે જેના ઉપર જામનગરમાં રહેતા મહેશ અશોકભાઈ ચંગેવાડિયા નામના શખ્સે ડિસમિસ વડે ગળાના ભાગમાં હુમલો કરી ઈજા પહોંચાડ્યાની ફરિયાદ પંચકોશી બી. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે. ઈજાગ્રસ્ત સિદ્દીશા શાહમદાર કે જેની પાસેથી આરોપી મહેશ ચંગેવાડીયા મોપેડની સીટ લઈ ગયો હતો. જે પરત માંગતા આરોપી ઉશ્કેરાયો હતો, અને પોતાની પાસે રહેલી ડિસમિસ વડે ગળામાં ઘા મારી દેતાં ગંભીર ઈજા થતા તેમને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં દાખલ કરાયો છે. આ બનાવ અંગે સિદ્દીક્શાની પત્ની હનિફાબેને આરોપી મહેશ અશોકભાઈ ચંગેવાડિયા સામે હુમલા અંગેની ફરિયાદ નોંધાવતાં પંચકોશી એ. ડિવિઝનના પીએસઆઈ એ. કે. પટેલે આઈપીસી કલમ ૩૨૬ અને જીપીએકટ કલમ ૧૩૪ મુજબ નો ગુન્હો નોંધ્યો છે, અને હુમલાખોર આરોપીની શોધ ખોળ હાથ ધરી છે.

## જામનગરની સરકારી જી. જી. હોસ્પિટલના નવા બિલ્ડીંગમાં આગ લાગ્યાની યોજાઈ મોકડ્રિલ


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલના નવા બિલ્ડિંગમાં આગજનીના બનાવ અંગેની મોકડ્રીલ યોજવામાં આવી હતી. સવારે ૧૧ વાગ્યે નવા બિલ્ડીંગના પ્રથમ માળે આગ લાગી છે, તેવી માહિતી મળતાં ફાયર બ્રિગેડની ટુકડી ઉપેન્દ્ર સુમડ અને જેન્તીભાઈ ડામોરની આગેવાનીમાં ફાયરના જવાનો ફાયર ફાયટર સાથે ઘટનાસ્થળે દોડી ગયા હતા, અને માત્ર ૧૦ મિનિટમાં જ આગ બુજાવી દેવાની કામગીરી હાથ ધરી હતી. જેઓની સાથે પોલીસ તંત્ર, હોસ્પિટલના નવા વેલ્ડીંગના સિક્યુરિટીના જવાનો, તથા તબીબોની ટીમ પણ હાજર રહી હતી. ૧૦ મિનિટના સમગ્ર કવાયત પૂરી થઈ ગયા પછી વહીવટી તંત્ર દ્વારા મોકડ્રીલને પૂર્ણ જાહેર કરાતા પોલીસ તેમજ ફાયરની ટુકડી વગેરે પરત ફરી હતી.

## દ્વારકા જિલ્લામાં સોશિયલ મીડિયામાં વાંધાજનક પોસ્ટ મુકનાર સામે થશે કાર્યવાહી

દ્વારકા : દેવભૂમિ દ્વારકા જિલ્લામાં હાલ લોકસભાની ચૂંટણીનો રંગ જામી રહ્યો છે. ત્યારે આ ચૂંટણી દરમિયાન સોશિયલ મીડિયાના કારણે કોઈ વિકટ પરિસ્થિતિનું નિર્માણ ન થાય અને સાથે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા આ અંગે એક યાદી જાહેર કરી અને કોઈપણ વ્યક્તિ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કોઈ પણ પ્રકારની વાંધાજનક પોસ્ટ કે મેસેજ ન મોકલે તેવી અપીલ સાથે જો કોઈ આ પ્રકારની



પ્રવૃત્તિ કરે તો દેવભૂમિ દ્વારકા જિલ્લા સોશિયલ મીડિયા મોનિટરિંગ સેલના વોટ્સએપ નંબર ૬૩૫૯૬ ૨૭૯૬૫ ઉપર જાણ કરવા એક યાદીમાં જણાવાયું છે.

## જામનગરમાં ગુમ થયેલ સ્કૂટર સીસી ટીવી કેમેરાની મદદથી મળી આવ્યું

જામનગર : જામનગરમાં સિદ્ધિવિનાયક પાર્કમાં રહેતા અનિલભાઈ વિનોદભાઈ નંદા પોતાનું સ્કૂટર લઈને ગ્રેઈન માર્કેટ વિસ્તારમાં આવ્યા હતા. જ્યાં તેઓએ પાર્ક કરેલું સ્કૂટર કોઈ ઉઠાવી ગયા હોવાનું ધ્યાનમાં આવ્યું હતું, જેથી તેઓએ તુરતજ જામનગર પોલીસ વિભાગના સીસીટીવી કેમેરાના કંટ્રોલરૂમમાં જાણ કરી હતી, જેથી કમાન્ડ એન્ડ કંટ્રોલરૂમની ટીમ દ્વારા તે વિસ્તારના કેમેરા જોઈને ઊંડાણપૂર્વકની તપાસ કરી હતી.



જે તપાસમાં એક વ્યક્તિ સ્કૂટર ચાલુ કરી દિપક ટોકીઝ તરફથી શાક માર્કેટ તરફ જતાં જોવા મળ્યો હતો, અને તે સ્કૂટર આશાપુરાના મંદિર પાસેથી મળી આવ્યું હતું. આથી પોલીસવિભાગ ની કંટ્રોલરૂમની ટીમ દ્વારા તે સ્કૂટરનો કબજો લેવાયો હતો, અને તપાસ કરતા ત્યાં દુકાન ધરાવતા એક વેપારી અહેમદભાઈ હુસેનભાઈ કે જેનો કારીગર પોતાનું એકટીવા લઈને ગ્રેઈન માર્કેટ વિસ્તારમાં ગયો હતો, અને પોતાનુ સ્કૂટર જ્યાં રાખ્યું હતું, જેના બદલે ભૂલથી બાજુમાં પડેલું અનિલભાઈ નંદાનું સ્કૂટર ચાલુ કરીને લઈ ગયા હોવાની ઘટના સામે આવી હતી. જેથી મૂળ માલિકને પોતાનું સ્કૂટર પરત મળી ગયું છે, અને ગ્રેઈન માર્કેટ વિસ્તારમાં અહેમદભાઈ હુસેનભાઈનું પાર્ક કરેલું સ્કૂટર ત્યાંથી તેના મૂળ માલિકે પરત મેળવી લીધું છે.

## જામનગરમાં કોન્ટ્રાક્ટર યુવાનને મોબાઈલ ફોનમાં ગાળો ભાંડી ધમકી

જામનગર : જામનગરમાં ગાંધીનગર વિસ્તારમાં રહેતા અને પાણીના કોન્ટ્રાક્ટનું કામ કરતા હિરેન ઉર્ફે રવિ દેવેન્દ્રભાઈ જોશી નામના યુવાને પોતાને મોબાઈલ ફોનમાં ગાળો ભાંડી પતાવી દેવાની ધમકી આપવા અંગે ટંકારા મોરબી પંથકના કાનાભાઈ આહીર સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર થોડા દિવસો પહેલા ફરિયાદી હિરેનભાઈના મિત્ર દેવેન ગોસાઈ કે જેનો ફોન આવેલો, અને તેણે કોન્ફરન્સમાં ટંકારા ના કાનાભાઈ આહીર સાથે વાત કરાવી હતી. જેણે રવિ જોશીને રવિ કપુરીયા તરીકે અને ગેરેજ સંચાલક તરીકે ગણ્યો હતો, અને ધમકી આપી હતી. પરંતુ પોતે ગેરેજ સંચાલક નહીં પણ કોન્ટ્રાક્ટર હોવાનું જણાવ્યું હતું અને પોતાનું ખોટું નામ જોડી રહ્યા નું કહેતાં ટંકારાનો કાનાભાઈ આહીર ઉસકેરાયો હતો, અને મોબાઈલ ફોનમાં ધાક ધમકી આપી હોવાથી મામલો સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો છે. પોલીસે ટકારા ના કાનાભાઈ આહીર સામે ગુનો નોંધ્યો છે.

## જામનગરમાં એન એમ એમ એસ ની સ્કોલરશીપ પરીક્ષા યોજાઈ



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : ગુજરાત રાજય પરીક્ષા બોર્ડ ગાંધીનગર દ્વારા એન એમ એમ એસ ની સ્કોલરશીપ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું, જે પરીક્ષા આપવા માટે આવેલા વિદ્યાર્થીઓને પ્રોતસાહિત કરવામાં આવ્યા હતા. ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ ગાંધીનગર દ્વારા યોજાયેલી એન. એમ. એમ. એસ.ની સ્કોલરશીપ પરીક્ષા ના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે આજે પ્રણામી ગ્લોબલ સ્કૂલ જામનગરમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ના શાસનાધિકારી ફાલ્ગુની બેન પટેલ, શિક્ષક સંઘ ના પ્રમુખ ચંદ્રકાંત ખાખરીયા અને હોદેદારો સંજયભાઈ ચાંદ્રા, રાજેશ ભેસદડિયા, અમીત સોની, મેરામણ કરેથા, દિપકભાઈ ગલાણી, પ્રણામી હાઈસ્કુલ ના પ્રિન્સિપાલ ગોધાણી,ઉપરાંત આદેશ ભાઈ મહેતા તેમજ વિવિધ શાળાઓના શિક્ષકો હાજર રહ્યા હતા.

## ભાટિયાના ખોડિયાર માતાજીના સાનિધ્યમાં બુધવારથી શ્રીમદ દેવી ભાગવત કથાનો પ્રારંભ

ભાટિયા : ભાટિયાના ઘૂનાવાલા ખોડિયાર માતાજીના મંદિરના સાનિધ્યમાં તા. ૧૦–૦૪–૨૦૨૪ થી તા. ૧૮–૦૪–૨૦૨૪ સુધી શ્રીમદ દેવી ભાગવત કથાનું સુંર આયોજન શ્રી ખોડિયાર માતાજી દેવી ભાગવત સમિતિ દ્વારા કરવામાં આવ્યું છે. જેમાં વ્યાસપીઠ પર કથાકાર ચારણ મહાત્મા જીવણ ભગત (ભોગાતવાળા) બિરાજી પોતાની અનોખી શૈલિમાં સંગીત સાથે કથાનું રસપાન કરાવશે. આ કથામાં દરરોજ વિવિધ પ્રસંગોનુ વિવરણ કરવામાં આવશે.

કથા દરરોજ બપોરે ૩:૦૦ વાગ્યાથી ૬:૩૦ વાગ્યા સુધી યોજાશે. તા. ૧૬–૦૪–૨૦૨૪ના સાંસ્કૃતિક કાર્યક્રમ તથા ભવ્ય સંતવાણી, લોકડાયરો જેમાં જાણીતા કલાકારો દેવરાજભાઈ ગઢવી, જશુબેન આહિર, લોકસાહિત્ય, ભજન રજૂ કરશે. તા. ૧૯–૦૪–૨૦૨૪ના આદિત્યાણાના પ્રસિધ્ધ કાનગોપી રાસલીલા સાંજે ૫:૦૦ વાગ્યે યોજાશે. કથા પ્રસંગે દરરોજ બપોરે તથા સાંજે પ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું છે. આ કથા પ્રસંગે જે કાંઈ ફાળો નોંધાશે તે ખોડિયાર મંદિરના નિર્માણ માટે વાપરવામાં આવશે. સમગ્ર કાર્યક્રમનું દરરોજ સ્ટેજ સંચાલન જગદિશભાઈ ખડિયા (ગઢવી) તરફથી કરવામાં આવશે.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

# ગુજરાતના રાજકીય જંગમાં ભૂતકાળની ભૂમિકા

લોકસભાની ચૂંટણીના દિવસો નજીક આવી રહ્યા છે ઉમેદવારોની પસંદગીના કળશ ઢોળાઈ રહ્યા છે. ભાજપ કોઈ પણ ક્ષણે કોઈ પણ પડકાર ઝીલવા માટે સજ્જ છે પરંતુ કોંગ્રેસ અને આમ આદમીની પાર્ટીના નેતાઓ પોતાના પક્ષના ઉમેદવારોમાં હજી ગૂંચવાયેલા છે. કોંગ્રેસ માને છે કે પોતાના પક્ષના સારા સારા નેતાઓ સામે છાવણીમાં જઈને બેઠા છે ત્યારે ભાજપના ઝંઝાવવા સામે કોને ચૂંટણીના મેદાને જંગ માં ઉતારવા તેની ગડમથલ હજી ચાલી રહી છે ત્યારે ગુજરાતના રાજકીય ભૂતકાળમાં ડોકિયું કરવું આજના સંદર્ભમાં જરૂરી છે. માર્ચ મહિનાના પહેલા અઠવાડિયામાં કોંગ્રેસના મોટા નેતા અર્જુન મોઢવાડિયા ભાજપમાં જોડાઈ ગયા હતા. મોઢવાડિયા કોંગ્રેસના પૂર્વ પ્રદેશાધ્યક્ષ તથા ગુજરાત વિધાનસભામાં વિપક્ષના નેતા પદે પણ રહ્યા હતા. તેઓ ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણી સમયે ભાજપના વાવાઝોડામાં પણ પોરબંદરની બેઠક પરથી ચૂંટાઈ આવ્યા હતા.

જોકે, આ પહેલો પ્રસંગ નથી કે કોંગ્રેસમાં આંતરિક ફાંટ પડી હોય. રાજ્યની સ્થાપનાના પ્રારંભિક વર્ષોમાં જ એવું બન્યું હતું કે કોંગ્રેસના મુખ્ય મંત્રી પાર્ટીથી અલગ થઈને જનતા મોરચા સાથે મળી ગયા હતા.ચીમનભાઈનો જન્મ બ્રિટિશ શાસન દરમિયાન તા. ત્રીજી જૂન ૧૯૨૯ના દિવસે સાધારણ ખેડૂત પરિવાર જીવાભાઈ તથા રેવાબહેનને ત્યાં સંખેડામાં થયો હતો. સોળેક વર્ષની ઉંમરથી જ વિદ્યાર્થીકાળમાં તેમણે રાજકારણમાં રસ લેવાનું શરૂ કરી દીધું હતું. સંખેડાના ગાંધીવાદી નેતા અને સ્વતંત્રતા સેનાની ડો. જેઠાલાલ પારેખે તેમનું ઘડતર કર્યું હતું. અહીં ચીમનભાઈએ નેતૃત્વ, સંગઠન અને વ્યવસ્થાપનના પાઠ ભણ્યા. સારી રીતે શાળાકીય શિક્ષણ પૂર્ણ કરીને ઉચ્ચશિક્ષણ માટે તેમણે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની વાટ પકડી.

આ અરસામાં તેમણે વણિક વૈષ્ણવ પરિવારનાં ઉર્મિલાબહેન પટેલ સાથે આંતરજ્ઞાતીય લગ્ન કર્યાં. વિનયન શાખામાં સ્નાતક અને અનુસ્નાતકની ડિગ્રી મેળવી અને વિદ્યાર્થીલક્ષી રાજકારણમાં કોંગ્રેસનું પ્રતિનિધિત્વ કર્યું. આ અરસામાં પણ તેમણે વિદ્યાર્થી હડતાલને સફળ નેતૃત્વ પૂરું પાડ્યું હતું.

સારી શૈક્ષણિક પકડને કારણે જ્યાં ભણતા હતા, ત્યાં જ તેમને વ્યાખ્યાતા તરીકે ભણાવવાની નોકરી મળી ગઈ. તેઓ કોંગ્રેસમાં અલગ-અલગ ભૂમિકા ભજવતા રહ્યા. આ અરસામાં બોમ્બે પ્રેસિડન્સીમાંથી ગુજરાત બન્યું. શિક્ષણનો ફેલાવો થાય અને વિદ્યાર્થીઓને હાલાકી ન પડે તે માટે તેઓ અને શૈક્ષણિક સંસ્થાના ટ્રસ્ટી અને સ્થાપક બન્યા.

વર્ષ ૧૯૬૦માં તેમણે સરદાર વલ્લભભાઈ પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના નેજા હેઠળ અમદાવાદમાં આર્ટ્સ કોલેજની સ્થાપના કરી હતી. ૧૯૬૭માં કોંગ્રેસની ટિકિટ મળી ત્યારે તેઓ આ કોલેજમાં આચાર્ય હતા. ચીમનભાઈ તેમના વતન સંખેડામાંથી ધારાસભ્ય ચૂંટાઈ આવ્યા અને હિતેન્દ્ર દેસાઈ સરકારમાં ઉદ્યોગમંત્રી બન્યા. ઇંદિરા ગાંધીની કોંગ્રેસ અને સંસ્થા કોંગ્રેસ એમ બે ભાગ પડ્યા, ત્યારે દેસાઈએ તેમના રાજકીય ગુરૂ મોરારજીભાઈ સાથે રહેવાનું નક્કી કર્યું.

# સ્માર્ટ સિટીમાં એક વૃદ્ધાશ્રમ પણ અનિવાર્ય વ્યવસ્થા બને છે

વિકાસ અને વિકલ્પ -ડૉ. નાનક ભટ્ટ

અંગ્રેજની ગુલામી દરમ્યાન પરંપરાગત કૃષિ વ્યવસ્થાના સ્થાને માનસિક દબાણથી ઘેરાએલ નોકરીયાત-વિભક્ત સમાજ તૈયાર થતા સમાજ કુપોષણ, વ્યસન, રોગચાળો, નિરક્ષરતા, સ્વાતંત્ર્યના અભાવ સાથે ગરીબાઈમાં ઢસડાઈ ગયો. પરિણામે ભારત આઝાદ થયું ત્યારે હિંદુસ્તાનીઓનું સરેરાશ આયુષ્ય ૩૮ વર્ષ થઈ ગએલુ. અંગ્રેજોની સમાજ વ્યવસ્થાને છીન્ન-ભિન્ન કરવાની રાજકીય ચાલનાં કારણે ૧૯૪૮મા, ૩૮ કરોડ દેશવાસીઓની વસ્તીમાં ૬૦ વર્ષથી મોટા નાગરિકોની સંખ્યા ૧.૨૦ કરોડ માત્ર હતી તેવું પ્રથમ પંચવર્ષીય યોજનાનાં મુસદ્દામાં વાચવા મળે છે.

પરંતુ સ્વતંત્ર ભારતનાં લોકશાહી તંત્રમાં ભારતીય સમાજનું ચિત્ર બદલાયુ છે. ૧૯૫૧મા ૧૦૦ની વસ્તીએ ૬ વૃદ્ધોની સંખ્યા હતી તે વર્ષ ૨૦૨૧માં ૧૪ ની થઈ છે. રોગ પ્રતિકારક રસી, લાઈફ સેવિંગ ડ્રગ્ઝની પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધી, વિકસિત આરોગ્ય વિજ્ઞાન, શિક્ષણ, પોષકઆહાર પ્રત્યે જાગૃતિ તથા બંધારણે આપેલ નાગરિક સ્વાતંત્ર્યના કારણે આજે વર્ષ ૨૦૨૦નાં સેન્સસ પ્રમાણે વસ્તીવૃદ્ધિ દર ૨.૬૬% એ સ્થિર થયો છે. તથા સરેરાશ ૭૨ વર્ષની આયુએ પહોંચેલા વૃદ્ધોની સંખ્યા ૩.૮૫% એ પહોંચી છે જે કંઈક અંશે સમૃદ્ધ લોકશાહીનું દર્શન આપે ?.

આઝાદીનાં ૭૫ વર્ષ દરમિયાન શિક્ષણ, રોજગારી, માળખાગત સુવિધાથી માંડી અનેક ક્ષેત્રોમાં નોંધપાત્ર અનુકૂળ સ્થિતિ સર્જાઈ છે; તો સિક્કાની બીજી બાજુએ શહેરીકરણના કારણે ટ્રાફિક સમસ્યા, નાના આવાસ, અસહ્ય મોંઘવારી, રોગની અત્યંત ખર્ચાળ સારવાર, વિભક્ત અને નાના કુટુંબ. પ્રકારે કેટલીક વિપરિત પરિસ્થિતિ ભારતીય સમાજે સ્વીકારવી પડી છે. આમ છતાં, આઝાદી પછી જન્મેલા અને અમૃતવર્ષનો આનંદ લેતા વયસ્કો પાસે તો શિક્ષણ છે, પોતાની નિવૃત્તિને મ્હાણવા જોગ પૈસા છે, સારૂ સ્વાસ્થ્ય છે, સ્વતંત્ર વિચારસરણી છે. આથી આજે ૬૦ વર્ષ વટાવી ચુકેલા સીનીયર સીટીજનોને આઝાદી પૂર્વે ઘરડા લોકોની વ્યથા સહન કરવી પડતી નથી જે આનંદદાયક બને છે.

આ સ્થિતિમાં ગુજરાતમાં સક્રીય તેવા ૨૨૮ વૃદ્ધાશ્રમોના વડિલો ઉપર થયેલા અભ્યાસથી કલિત થાય છે કે, વૃદ્ધાશ્રમમાં રહેવા માટે મજબુર વડિલો, શારીરિક રીતે રોગગ્રસ્ત હાલત ધરાવે છે મનથી ભાંગી ગયાનું જણાય છે. વૃદ્ધાશ્રમમાં રહેવા છતા સ્વતંત્ર રીતે નિર્ણય લઈ ક્ર્ઃૃજીઈંજીૐ જીંન્છદ્બૈં નાનકભાઈ ભટ્ટ નાનકભાઈ ના લેખાૃસ્માર્ટ સિટીમાં એક વૃદ્ધાશ્રમ પણ અનિવાર્ય વ્યવસ્થા બને છે..

શકતા નથી. સામાજિક અનુકૂલન સાધવામાં નિષ્ફળ માણસને જ વહુ-દિકરાઓ વૃદ્ધાશ્રમમાં મૂકી જાય છે, તેવા પરંપરાગત ખ્યાલના લીધે વૃદ્ધાશ્રમનાં આશ્રમવાસીઓ પોતાને અસામાજિક અન્યાયનો ભોગ બનેલ જાણી સ્વ પ્રત્યે સતત હિનભાવ અનુભવે છે. મજબુરીથી કે પછી લાગણીવશાત પોતાના સંતાનોને સઘળી સંપતિ સોંપી દીધી હોય અને કુટુંબે વડિલોની હિસ્સેદારીનો કાંકરો કાઢી નાખ્યો હોય છે ત્યાં વડિલને પોતાની મુર્ખામીનો કીડો સતત ખોતર્યા કરે છે. પીડા આપ્યા કરે છે. યુવાનીમાં કોઈ વ્યસન કે અયોગ્ય જીવનપદ્ધતિની ફળશ્રુતિ તરીકે માંદગી સહેતા વડિલો પણ દુર્દશામાં ધકેલાય છે અને વૃદ્ધાશ્રમોમાં પણ પોતે બોજારૂપ છે તેવા ભાવથી પીડાય છે. વડિલ પોતાને અસુરક્ષિત અનુભવે છે.

જો કે પોતાની યુવાનીમાં કલા, સાહિત્ય, તબીબી સેવા કે માનવસેવાના કોઈ ગમતા ક્ષેત્રમાં જાતને જોડી રાખવાની સક્ષમતા ધરાવતા વડિલો પોતાને નિરર્થક, અવરોધરૂપ કે બોજારૂપ જાણતા નથી તે અવલોકન આશાસ્પદ બને છે.

સર્વેક્ષણ અનુસાર વૃદ્ધાશ્રમમાં વડિલોને આવવાના કારણો અને તેમની સામાજિક સ્થિતિ વિશે જમીની હકીકત એ છે કે, (૧) જે વડિલો પોતાની આવકનો સ્વતંત્ર સ્ત્રોત ગુમાવે છે તેઓનું પછીથી કુટુંબમાં માન-સન્માન જળવાતું નથી. વૃદ્ધાશ્રમમાં રહેતા વડિલો પૈકી ૭૦% વડિલો માટે આ હકીકત લાગુ પડે છે.

(૨) એક સમયે પોતે સ્વતંત્ર રીતે ધંધો કરી આવક મેળવતા વડિલો પોતાના સંતાનોને ધંધો સોંપી દે છે. તે પછી સંતાનો જે રીતે ધંધો આગળ ખેંચે છે તેથી વડિલોને સંતોષ હોતો નથી. કુટુંબમાં મતભેદ ઊભા થાય છે અને વડિલ પૈસા અને કુટુંબ બંનેથી દૂર થઈ જાય છે. વૃદ્ધાશ્રમમાં રહેતા વડિલો પૈકી ૫૬% વડિલોના વૃદ્ધાશ્રમના નિવાસનું આજ કારણ છે.

(૩) મા-બાપે પેટે પાટા બાંધી રાત્રે ઉજાગરા વેઠી દિકરાને ઉછેર્યો હોય ને મોટો થતા દિકરો વહુનો થઈ જાય છે. ત્યારે મા ને ભારે આઘાત પહોંચે છે. જોકે દિકરો તો વહુનો જ રહે છે પણ મા વૃદ્ધાશ્રમની અંતેવાસી થઈ જાય છે. વૃદ્ધાશ્રમમાં રહેતી ૮૦% બહેનો માટે આ સ્થિતિ કારણભૂત છે.

(૪) જે કુટુંબમાં મા અને બાપ બંને નોકરી કરતા હોય છે ત્યાં બાળઉછેરમાં કૌટુંબિક સમાયોજનનો એક ખાલીપો વિકસતો હોય છે અને મોટી ઉંમરે કોઈ કારણસર મા-બાપને વૃદ્ધાશ્રમમાં રહેવાની સ્થિતિ આવે તો નોકરીઆત મા-બાપનું બાળક અલગ રહેવાની વાત પ્રત્યે આઘાત નથી અનુભવતું. આ વાત વૃદ્ધાશ્રમમાં આવતા ૪૪% વડિલો માટે જમીની હકીક્ત બને છે.

(૫) વડિલોને ચેપી રોગ હોય, કોઈ ગંભીર બીમારી હોય, શરીરે ખોડ-ખાંપણ હોય અને સંતાનો તેની કાળજીના ખર્ચને પહોંચી શકે તેમ ન હોય તો આવા વડિલો કુટુંબનું બહાનુ કાઢીને વૃદ્ધાશ્રમમાં રહેવા આવી જાય છે. આવી સ્થિતિ ૩૮% વૃદ્ધોમાં જોવા મળે છે. ગામડાઓમાં સ્થપાતા વૃદ્ધાશ્રમોના અભ્યાસમાં જણાયું છે કે, ભાભા ખેતરે રખોપુ કરવામાં, પશુ સંભાળમાં કુટુંબને સહકાર ન આપે ને ચોરે બેસી તંબાકું, ગાંજો કે દારૂની લતે ચડયા હોય તો ગામ આખું ભેગું થઈ તેને આશ્રમે મૂકી આવે છે. આવા કારણો ૧૦% વડિલો માટે સાચા ઠરે છે.

(૬) એકથી બે બાળકો, નોકરી ધંધા વશાત બાળકોનું પરદેશમાં રહેવું, મુંબઈ-મદ્રાસ-કલકતા જેવા શહેરોમાં ગીચ અને નાના આવાસની સમસ્યા, તેમ અશિસ્તભર્યા ટ્રાફિકના લીધે વડિલોને અકસ્માતનાં ભયના કારણો વૃદ્ધો કૌટુંબિક સમન્વય છતાં, શહેરોનાં નાના ઘરના બદલે વૃદ્ધાશ્રમમાં રહેવાનું પસંદ કરે છે. દિવસમાં મોબાઈલ ઉપર ૨-૫ વખત સંતાનો સાથે દેશ-વિદેશમાં વાત કરી આનંદ લે છે.

# શું એલિયન્સ હકીકતમાં છે ? તેઓ બ્રહ્માંડમાં છુપાયેલા છે?

શું એલિયન્સ વાસ્તવિક છે, શું તેઓએ ક્યારેય પૃથ્વીનો સંપર્ક કર્યો છે? આ અંગે કોઈ ચોક્કસ કારણ કે પુરાવા નથી. જો કે ચર્ચા છે, પરંતુ તેના વિશે વિશ્વસનીય કંઈ નથી. ભૌતિકશાસ્ત્રી એનરિકો ફર્મીને આ વિચિત્ર લાગ્યું. તેમણે ૧૯૫૦ ના દાયકામાં એક સૂત્ર રજૂ કર્યું જે હવે "ધ ફર્મી પેરાડોક્સ" તરીકે ઓળખાય છે. બહારની દુનિયાના જીવનની શોધ (જીઈં) અને અવકાશ (સ્ઈં) દ્વારા સંકેતો મોકલવા માટે તે હજુ પણ મહત્વપૂર્ણ છે.

પૃથ્વી અંદાજે ૪.૫ અબજ વર્ષ જૂની છે અને જીવન ઓછામાં ઓછું ૩.૫ અબજ વર્ષ જૂનું છે. બ્રહ્માંડને જોતાં, જીવન માટે અનુકૂળ પરિસ્થિતિઓ ઘણી વખત થવાની સંભાવના છે. તો એલિયન્સ ક્યાં છે? દ્ગીંકઙ્મૈટના '૩ બોડી પ્રોબ્લેમ'ના પ્રથમ એપિસોડમાં એક પાત્ર યે વેન્જી નામનું પાત્ર રેડિયો ઓબ્ઝર્વેટરીમાં કામ કરતી વખતે એલિયનનો સંદેશ મેળવે છે. સંદેશ મોકલનાર, પોતાને શાંતિવાદી કહે છે, લોકોને પ્રતિસાદ ન આપવા વિનંતી કરે છે અને જો તેઓ આમ નહીં કરે તો પૃથ્વી પર હુમલો થવાની ચેતવણી પણ આપે છે. આગળની વાર્તા જાણવા માટે અમારે શ્રેણીની બીજી સીઝન સુધી રાહ જોવી પડશે. અથવા સિક્સિન લિયુ દ્વારા શ્રેણીનું બીજું પુસ્તક 'ધ ડાર્ક ફોરેસ્ટ' વાંચો. 'ધ ડાર્ક ફોરેસ્ટ' પુસ્તકમાં કહેવાયું છે કે બ્રહ્માંડમાં એલિયન જીવોની કોઈ કમી નથી અને તેઓ પોતાનું અસ્તિત્વ બચાવવા માટે પોતાની જાતને છુપાવવામાં સક્રિય છે. તે જણાવે છે કે તકનીકી પ્રગતિના વિવિધ દરો શક્તિના સતત સંતુલનને અશક્ય બનાવે છે, જે સંસ્કૃતિઓ સૌથી વધુ ઝડપથી પ્રગતિ કરે છે તે અન્ય કોઈપણને ભૂંસી નાખવાની સ્થિતિમાં છોડી દે છે. આ ખતરનાક વાતાવરણમાં, જેઓ સર્વાઇવલની રમત શ્રેષ્ઠ રીતે રમે છે તેઓ સૌથી વધુ સમય સુધી ટકી રહે છે. અમે પહોંચ્યા તે પહેલાં આ રમત ચાલી રહી હતી, અને દરેક વ્યક્તિએ જે વ્યૂહરચના શીખી છે તે છુપાવવાની છે.

રમતને જાણનાર કોઈ પણ વ્યક્તિ કોઈનો સંપર્ક કરવા — અથવા કોઈપણ સંદેશાઓનો જવાબ આપવા માટે પૂરતો મૂર્ખ નહીં હોય.

અગ્રણી ખગોળશાસ્ત્રીઓ કેલી સ્મિથ અને જ્હોન ટ્રેફાગને ૨૦૨૦ માં કહ્યું હતું કે સંપર્કના જવાબમાં કંઈપણ કરવું જોઈએ નહીં, કારણ કે કંઈપણ કરવાથી આપત્તિ થઈ શકે છે. તે દલીલ કરે છે કે આપણે એવું કંઈપણ કરવાનું ટાળવું જોઈએ જે દર્શાવે છે કે આપણે કોણ છીએ. રક્ષણાત્મક વર્તણૂક સંઘર્ષ સાથેની આપણી પરિચિતતાને પ્રતિબિંબિત કરશે, તેથી તે ઠીક રહેશે નહીં. સંદેશ પરત કરવાથી પૃથ્વીનું સ્થાન જાણવા મળશે — તે પણ એક ખતરનાક વિચાર. આ જગ્યા વિશેના સોવિયેત યુગના રશિયન સાહિત્યની ધારણાઓથી અલગ છે, જેમાં એવું માનવામાં આવતું હતું કે અદ્યતન સંસ્કૃતિઓ સંઘર્ષમાંથી જ આગળ વધશે, અને તેથી મૈત્રીપૂર્ણ વલણ ધરાવે છે. તે હવે સંચાર માટે પ્રોટોકોલ માટે વિશ્વસનીય માર્ગદર્શિકા માનવામાં આવતું નથી.

ડાર્વિનનું ખોટું અર્થઘટન રસપ્રદ રીતે, ડાર્ક ફોરેસ્ટ સિદ્ધાંત લગભગ ચોક્કસપણે ખોટો છે અથવા, ઓછામાં ઓછું, તે આપણા બ્રહ્માંડમાં ખોટું છે. ડાર્વિનનો સિદ્ધાંત અસ્તિત્વ માટેના સંઘર્ષ અને વિજેતાના જીવિત રહેવાની શક્યતા પર ભાર મૂકે છે. ચાર્લ્સ ડાર્વિનનું સર્વાઇવલ માટેની સ્પર્ધાનું વર્ણન પુરાવા આધારિત છે. તેનાથી વિપરિત, અમારી પાસે પરાયું વર્તન, અથવા અન્ય સંસ્કૃતિઓની અંદર અથવા વચ્ચે સ્પર્ધા વિશે કોઈ પુરાવા નથી. આ સારા વિજ્ઞાનને બદલે મનોરંજક અનુમાન બનાવે છે,

ભલે આપણે એ વિચારને સ્વીકારીએ કે કુદરતી પસંદગી જૂથ સ્તરે, સંસ્કૃતિના સ્તરે કામ કરી શકે છે. જો તમે ધારો કે બ્રહ્માંડ ડાર્વિનના સિદ્ધાંત મુજબ ચાલે છે, તો પણ આ દલીલ શંકાસ્પદ છે. વાસ્તવિક સહ ઉત્ક્રાંતિ થાય છે. જીવો એકસાથે વિકસિત થાય છે, એકબીજા પર આધારિત છે, એકલા નથી. પરોપજીવીઓ યજમાન આશ્રિત છે, ફૂલો પરાગનયન માટે પક્ષીઓ પર આધાર રાખે છે. જંગલમાં દરેક પ્રાણી જંતુઓ પર આધાર રાખે છે. પરસ્પર સંબંધો મુલાકાતોને જન્મ આપે છે. આપણા વિશ્વમાં જંગલો આ રીતે કાર્ય કરે છે. રસપ્રદ રીતે, લિયુ આ પરસ્પર નિર્ભરતાને 'ડાર્ક ફોરેસ્ટ' સિદ્ધાંતના મૂર્ત સ્વરૂપ તરીકે સ્વીકારે છે.

દર્શક અને વાચકને વારંવાર કહેવામાં આવે છે કે "પ્રકૃતિમાં, એકલા અસ્તિત્વમાં નથી." આ વાસ્તવમાં રશેલ કાર્સનના "સાયલન્ટ સ્પ્રિંગ" (૧૯૬૨) માંથી એક અવતરણ છે.

## શું તેઓએ ક્યારેય પૃથ્વીનો સંપર્ક કર્યો છે ?



# સાઉદી અરેબિયાના ટાપુ પર વિશ્વનું એક અનોખું સ્માર્ટ સિટી બનશે

**રાતા સમુદ્રમાં આવેલા ૪૧ જેટલા ટાપુઓ પર ૨૬,૫૦૦ ચો.કિલોમીટરના વિસ્તારમાં નિયોમ નામનું એક શહેર સાઉદી અરેબિયા દ્વારા બનાવવામાં આવી રહ્યું છે વિશ્વનું આ અનોખું નગર હશે તેનું નામ છે નિઓમ શહેર આ શહેરમાં ૯૦ લાખ લોકોનો નિવાસ થશે આખું શહેર ગ્રીન સિટી બનશે**




આસપાસ ચોપાસ — સુરેશ ભટ્ટ

ધોલેરા નજીક સ્માર્ટ સિટીની યોજના ઝડપભેર આગળ વધી રહી છે આ અનોખા નગર વિશે આપણા દેશની અંદર ભારે ઉત્સાહનું વાતાવરણ છે અહીં ઔદ્યોગિક વિકાસ માટે નવા નવા પ્રોજેક્ટ આવી રહ્યા છે ત્યારે સાઉદી અરેબિયામાં પણ ૯૦ લાખ લોકો રહી શકે તેવું એક સ્માર્ટ સિટી નો વિકાસ કરવામાં આવી રહ્યો છે

નવાઈની વાત એ છે કે સાઉદી અરેબિયાનું આ નવું શહેર ૪૧ જેટલા ટાપુઓ પર વસેલું હશે અને તમામ ટાપુઓ એકબીજા સાથે ઇન્ટર કનેક્ટેડ હશે અને જાવન માટે રોપેક્સ જેવી સમુદ્રી સેવા પણ શરૂ થશે આ સ્માર્ટ સિટી નો વિચાર ૧૯૧૭ માં સાઉદી અરેબિયાના રાજવી પરિવાર દ્વારા કરવામાં આવેલો તેની કલ્પના હવે સાકાર થશે ૧૯૩૦ સુધીમાં આ શહેર તૈયાર થઈ જશે

સાઉદી અરેબિયાના રિયાધ શહેર નજીક દક્ષિણ-વાયવ્ય તરફ રાતા સમુદ્રના ૪૧ ટાપુઓના સમૂહ પાસે ૨૬,૫૦૦ ચો.કિમી.ના વિસ્તારમાં બનાવવામાં આવનાર નિઓમ શહેર વિશે જાણવા જેવી મહત્વની વાત નીચે મુજબ છે

કાચની બે સમાંતર ૨૦૦ મીટરના અંતરે આવેલા ૫૦૦ મીટર ઊંચી તથા ૧૭૦ કિમી લાંબી દીવાલો વચ્ચેના આ સૂચિત શહેરને નગર-આયોજનના કેટલાક મહત્ત્વના પ્રશ્નોના જવાબ તરીકે લેખવામાં આવે છે; તો સાથે સાથે તેનાથી નવા જ પ્રશ્નો ઉદ્ભવવાની સંભાવના પણ તેટલી જ છે. આ શહેરનું નામ નિઓમ પોતે જ અમુક બાબતો સ્પષ્ટ કરે છે. દ્નઈં અને સ્થી બનેલા આ શબ્દમાં દ્નઈં એ નવીનતાનો સૂચક છે જ્યારે ર એ અરબી ભાષામાં ભવિષ્ય શબ્દનો પ્રથમ અક્ષર છે. આમ તો ઈ. સ. ૨૦30માં જેની રચના પૂર્ણ થવાની હતી તેવા આ શહેર પાસે જાણે માનવસમુદાયને ઘણી આશાઓ છે. ત્યાંના રાજવી પરિવારના સભ્ય દ્વારા ઈ. સ. ૨૦૧૭માં જ્યારે આ શહેરની પરિકલ્પના વહેતી મુકાઈ ત્યારથી અત્યાર સુધીમાં સમાજમાં ક્યાંક રોમાંચ તો ક્યાંક શંકાભરી નજર જોવા મળે છે.

એક અંદાજ પ્રમાણે આજના સમયે જ્યારે ૫૬ પ્રતિશત જેટલા માણસો શહેરમાં વસવાટ કરે છે ત્યારે શહેરના આયોજન વિશે વધુ ગંભીરતા ઊભી થાય તે જરૂરી છે. આ સાથે આ માટે નવાં નવાં નગરઆયોજનના વિચારોને પણ ક્યાંક પ્રાયોગિક ધોરણે અમલમાં મૂકવા જરૂરી છે. પ્રશ્નો ઘણા છે અને તે જટિલ પણ છે. નગરઆયોજનને અસર કરતાં પરિબળો પરસ્પર એ રીતે સંકળાયેલાં છે કે તેમનો એકાકી ઉત્તર શક્ય નથી. આવા પ્રયત્નો વધારે સારી આવતીકાલ માટે હોય છે.

સાઉદી અરેબિયાના નગર આયોજન ખૂબ જ આધુનિક હોય છે આ શહેરનું નગર આયોજન પણ માની ન શકાય તેવું અદભુત હશે આશરે ૯૦ લાખ લોકોનો સમાવેશ કરી શકે તેવું આ શહેર ૩૪ ચો. કિમી.નો જમીનનો વિસ્તાર રોકશે. તે કાચની બે સમાંતર દીવાલો વચ્ચે બનાવશે, જેની બહારની સપાટી આજુબાજુની કુદરતની પરિસ્થિતિને પ્રતિબિંબિત કરશે. તેની લંબાઈ આમ તો ૧૭૦ કિમી. આ શહેરમાં હાઈસ્પીડ રેલવે ચાલશે જેનાથી એક છેડાથી બીજા છેડા વચ્ચેનું અંતર માત્ર ૨૦ મિનિટમાં કાપી શકાશે. આ એક સ્માર્ટ શહેર હશે જેમાં અન્ય શહેરોની જેમ જ મનોરંજનનાં, રમતગમત માટેનાં, શિક્ષણ તથા વહીવટ માટેનાં સ્થાનો હશે. આ સાથે આ શહેર રાતા સમુદ્ર પાસે બનાવવાનું હોવાથી તેમાં બંદર તથા તેને સંલગ્ન વ્યવસાય માટે સગવડ પણ પ્રયોજાશે. વળી બાગ-બગીચા-પ્રવાસનસ્થાનો જેવી બાબતો તો ખરી જ. ટૂંકમાં જે અન્ય શહેરોમાં હોય છે તે અહીં પણ હશે. નજીકમાં એક અત્યાધુનિક હવાઈ મથક પણ સૂચિત છે.

આ શહેર શતપ્રતિશત સૂર્ય, હાઇડ્રોજન તથા પવનઊર્જાથી સંચાલિત હશે. અહીં બધું જ નિયંત્રણ ડિજિટલ તકનીકથી થશે. અહીં બાંધકામની શૈલી પણ અત્યાધુનિક હશે જે ૩,૮૦,૦૦૦ જેટલી રોજગારીની તકો ઊભી કરશે તેવો અંદાજ છે. એમ મનાય છે કે તેમાં ૫૦૦ બિલિયન ડોલરનું રોકાણ કરાશે. આ નગરની રચના ૨૦૦ મીટર ૧ સમાંતર કાચની દીવાલો વચ્ચે કરવાની હોવાથી તેની રેખાકીયતા મહત્ત્વની બની રહેશે; જે અમુક પ્રશ્નો પણ ઊભા કરશે.

પ્રશ્નો ઘણા છે. સૌપ્રથમ તો ૧૭૦ કિમી.ની લંબાઈ જ પ્રશ્ન છે. આ અંતર અમદાવાદથી ભરૂચના અંતરથી થોડું ઓછું થાય. આટલું લાંબું શહેર અને તે પણ માત્ર ૨૦૦ મીટર પહોળું. આમ તેની લંબાઈ અને પહોળાઈનો ગુણોત્તર ૮૫૦:૧નો થાય. શું આ બાબત વિચિત્ર નથી જણાતી! અને તેમાં પણ જો એમ દાવો થતો હોય કે એક છેડેથી બીજા છેડે માત્ર ૨૦ મિનિટમાં પહોંચી શકાશે તો શું ટ્રેનની ઝડપ કલાકે ૫૦૦ કિમી.થી વધુ હશે - તેમાં પણ વચ્ચે સ્ટેશનો આવશે? કાચની મજબૂત દીવાલો વચ્ચે ૫૦૦-૬૦૦ કિમી.ની ઝડપે ટ્રેન દોડે ત્યારે તેના કંપનની અસર કેવી રહેશે?

આ શહેર માટે ઊડતી કારનો પણ કન્સેપ્ટ છે. જો બે દીવાલ વચ્ચેની સૂચિત રચના આયોજન પ્રમાણે આ શહેર સૂચિત સમયરેખામાં તૈયાર થઈ જાય તો શું તેટલા સમયમાં ઊડતી કારનું ઉત્પાદન શરૂ થઈ ગયું હશે ! અને માત્ર ૨૦૦ મીટર પહોળાઈવાળા આ શહેરમાં આવી ઊડતી કારનો વિચાર કેટલો વ્યવહારુ ગણાય ! અહીં તો આ નગર માટે કૃત્રિમ ચંદ્ર બનાવવાનું આયોજન પણ છે. રણપ્રદેશ જ્યાં સાચા ચંદ્રને તેને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં માણી શકાય ત્યાં કૃત્રિમ ચંદ્રની કલ્પના પર્યાવરણની દૃષ્ટિએ અસ્વીકાર્ય નથી જણાતી! અને આ શહેર તો પર્યાવરણના જતનની તો ખૂબ ખૂબ વાતો કરે છે. શહેરની બહારની કાચની દીવાલોમાં જે આજુબાજુની કુદરતી પરિસ્થિતિનું પ્રતિબિંબ ઝીલી પર્યાવરણ-કુદરતને માણવાની વાત છે તે પણ ક્યાંક દંભી લાગે છે. ત્યાંના ડુંગરાળ વિસ્તારમાં ડુંગર સામે દર્પણ મૂકી તે દર્પણમાં ડુંગરને માણવાની શી મજા! અને તે પણ એ જાણી લીધા પછી કે આ પ્રતિબિંબ માત્ર છે. હકીકતમાં તો આ કાચની સખત દીવાલ બહાર અને અંદરનાં સ્થાનોને સાવ જ અલગ પાડી દે; બધી જ રીતે. અહીં માનવીય સંબંધોમાં પણ પ્રશ્નો થાય. ૧:૮૫૦ના ગુણોત્તરવાળા શહેરમાં અમુક લોકો વધારે પડતા નજીક આવી જાય તો અમુક અનિચ્છનીય માત્રામાં દૂર જતા રહે. આ બાબત વ્યવહારમાં તો પ્રશ્નો ઊભા કરે જ પણ તેનાથી મનોવૈજ્ઞાનિક પ્રશ્નો પણ ઊભા થાય. શહેરઆયોજન એ માત્ર ઉપયોગિતા માટેનું પ્રકરણ નથી. તેમાં માનવીય સંવેદનાઓનો પણ હકારાત્મક પ્રતિભાવ સામેલ કરવો પડે. આવા સાંકડા તથા લાંબા શહેરમાં નવા જ પ્રકારના સામાજિક પ્રશ્નો ઊભા થાય જેમાં વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેનાં માનવીય સંબંધો વિશે પણ વિચારવા માં આવી રહ્યું છે જે શહેર બનશે તે ઇકો ફ્રેન્ડલી બનશે તેમ કહેવાય છે પરંતુ ઊર્જાના પ્રશ્નો અને અન્ય પર્યાવરણના પ્રશ્નો યથાવત રહેવા પામે તો આ સ્માર્ટ સિટી ભવિષ્યની અંદર રહેવા લાયક ન બને અને લોકો સ્વેચ્છાએ તેનો ત્યાગ કરીને અન્યત્ર વિલેજ એરિયામાં જતા રહે એવું પણ બની શકે કારણ કે ટેક્નોલોજી નો હતી વિકાસ માનવી માટે કંટાળાજનક પણ બની શકે છે.

# રોમારિયો શેફર્ડે એક ઓવરમાં ફટકાર્યા ૩૨ રન



મુંબઈ,

૧૫મી ઓવર સુધી મુંબઈ ઈન્ડિયન્સનો સ્કોર ૪ વિકેટે ૧૩૮ રનનો હતો અને તેમના માટે ૨૦૦ રનના સ્કોર સુધી પહોંચવું મુશ્કેલ લાગતું હતું પરંતુ ટિમ ડેવિડ અને રોમારિયો શેફર્ડે તોફાની બેટિંગ કરી ૫ ઓવરમાં ૯૬ રન બનાવી લીધા હતા

વાનખેડે સ્ટેડિયમમાં રમાઈ રહેલી મુંબઈ ઈન્ડિયન્સ VS દિલ્હી કેપિટલ્સ મેચમાં મુંબઈએ પ્રથમ બેટિંગ કરી છે. એક તરફ ટીમની શરૂઆત શાનદાર રહી છે. છેલ્લી ૪ ઓવરમાં મુંબઈના બેટ્સમેનોએ દિલ્હીના બોલરોને બરાબરના ધોયા હતા. પરંતુ મુંબઈ માટે સૌથી મોટો હીરો રોમારિયો શેફર્ડ રહ્યો હતો. જેણે છેલ્લી ઓવરમાં ૩૨ રન ફટકાર્યા હતા અને મુંબઈ ઈન્ડિયન્સને ૨૩૪ રનના સ્કોર સુધી લઈ ગયો હતો.

એક સમયે એવું લાગતું હતું કે MI માટે ૨૧૫ રનનો સ્કોર પણ હાંસલ કરવો મુશ્કેલ રહેશે પરંતુ શેફર્ડે એવી સિક્સર ફટકારી કે વાનખેડે સ્ટેડિયમમાં હાજર લોકો આનંદથી જૂમી ઉઠ્યાં હતાં ૧૯મી ઓવરમાં મુંબઈ ઈન્ડિયન્સનો સ્કોર ૫ વિકેટે ૨૦૨ રન હતા. દિલ્હી તરફથી છેલ્લી ઓવર એનરિચ નોર્ટજે ફેંકી હતી. રોમારિયો શેફર્ડે તેના પ્રથમ બોલ પર ચોગ્ગો ફટકાર્યો હતો. તેણે બીજા, ત્રીજા અને ચોથા બોલ પર પણ સિક્સરની હેટ્રિક ફટકારીને મેદાનમાં બલ્લે બલ્લે કરી દીધો હતો. પહેલા ૪ બોલમાં ૨૨ રન આવ્યા હતા. તેણે નોર્ટજેના પાંચમા બોલ પર ચોગ્ગો અને છેલ્લા બોલ પર છગ્ગો ફટકારીને ઓવરમાં કુલ ૩૨ રન બનાવ્યા હતા.

એનરિક નોર્ટજેએ ૨ વિકેટ ઝડપી હતી પરંતુ ૪ ઓવરમાં ૬૫ રન આપ્યા હતા.

# લખનઉની સતત ત્રીજી જીત : IPLના ઈતિહાસમાં પહેલીવાર લખનઉ સુપરજાયન્ટ્સએ ગુજરાતને હરાવ્યું

## યશે ૫ વિકેટ લીધી : સ્ટોઈનિસે ફિફ્ટી ફટકારી



મુંબઈ,

લખનઉ સુપરજાયન્ટ્સ (LSG)એ ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ની વર્તમાન સિઝનમાં સતત ત્રીજી જીત હાંસલ કરી છે. ટીમે ૨૧મી મેચમાં ગુજરાત ટાઈટન્સ (GT)ને ૩૩ રને હરાવ્યું હતું. આ પહેલા LSGએ બેંગલુરુ અને પંજાબને પણ હરાવ્યું હતું.

રવિવારે એકાના સ્ટેડિયમમાં LSGએ ટૉસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનું પસંદ કર્યું અને ૨૦ ઓવરમાં ૫ વિકેટે ૧૬૩ રન બનાવ્યા. જવાબમાં GT 18.5 ઓવરમાં ૧૩૦ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. ટીમ તરફથી સાઈ સુદર્શને સૌથી વધુ ૩૧ રન બનાવ્યા હતા. LSG તરફથી યશ ઠાકુરે ૫ વિકેટ લીધી હતી જ્યારે કૃણાલ પંડ્યાને ૩વિકેટ મળી હતી.

# ૩ બાળકોની માતા ઈલેક્ટ્રિક થાંભલા પર ચઢી ગઈ

## કહ્યું, મારે પતિ અને પ્રેમી બંને સાથે રહેવું છે, નહીંતર હું આપઘાત કરી લઈશ

ગોરખપુર,

ઘણીવાર સમાજમાં એવા કિસ્સાઓ બનતા હોય છેકે, તેના વિશે જાણીને પણ આપણે ચોંકી જઈએ. પતિ-પત્નીની વચ્ચે કોઈ વો આવી ગઈ હોય એવા કિસ્સાઓ તો તમે ઘણાં સાંભળ્યા હશે, જોયા પણ હશે. પણ અહીં તો પતિ અને પત્નીની વચ્ચે છે પ્રેમી. એ આવ્યો નથી પણ પત્ની તેને સામેથી જોડે રાખવા માંગે છે. એના માટે તો એ જીદે ચઢી છે. જીદે પણ કેવી કે ત્રણ-ત્રણ બાળકોની માતા છેક લાઈટના થાંભલે ચઢી ગઈ. આ કિસ્સો છે ઉત્તરપ્રદેશના ગોરખપુર જિલ્લાનો. જ્યાં એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે, જ્યાં એક મહિલા તેના અવૈધ સંબંધનો ખુલાસો થતાં ઈલેક્ટ્રિક પોલ પર ચઢી ગઈ હતી. મહિલાને ત્રણ બાળકો છે અને તેનું છેલ્લા સાત વર્ષથી અફેર હતું. તેના પતિને આ વાતની જાણ થતાં જ તેણે વિરોધ કરવાનું શરૂ કર્યું. આ પછી મહિલાએ આત્મહત્યા કરવાની ધમકી આપવાનું શરૂ કર્યું. ૩ બાળકોની માતા ઈલેક્ટ્રિક થાંભલા પર ચઢી ગઈ, પછી કહ્યું- મારે પતિ અને પ્રેમી બંને સાથે રહેવું છે, નહીંતર...હું આપઘાત કરી લઈશ. લો, બોલો, જ્યારે આવું થાય ત્યારે શું કરવું....પતિએ પડોશી ગામના એક યુવક સાથેના તેના ગેરકાયદેસર સંબંધોને નામંજૂર કર્યા પછી મહિલાએ ઘણી વખત આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો.

# શેખ તારિક બિન લાદેને ફરી એકવાર તેમનો ડ્રીમ પ્રોજેક્ટ 'બ્રિજ ઓફ ધ હોર્ન્સ' દુનિયા સમક્ષ રજૂ કર્યો



વોશિંગ્ટન,

ઓસામા બિન લાદેનના ભાઈ શેખ તારિક બિન લાદેને ફરી એકવાર પોતાનો ડ્રીમ પ્રોજેક્ટ 'બ્રિજ ઓફ ધ હોર્ન્સ' દુનિયા સમક્ષ રજૂ કર્યો છે. આ એક બ્રિજ પ્રોજેક્ટ છે જે દક્ષિણ આફ્રિકાને મધ્ય પૂર્વ સાથે જોડશે. આ વિશ્વનો સૌથી મોટો સસ્પેન્શન બ્રિજ હશે, જેમાં છ લેનનો હાઈવે તેમજ રેલ ટ્રેક હશે. હાલમાં, લાલ સમુદ્રમાં હુથી લડવૈયાઓના હુમલાઓને કારણે સસ્પેન્શન બ્રિજ જેવા ડ્રીમ પ્રોજેક્ટ્સ અટકી ગયા છે. માલવાહક જહાજોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. આવી સ્થિતિમાં, જ્યારે લાલ સમુદ્રમાં ગનપાઉડરની અરાજકતા બંધ થશે ત્યારે જ લાદેનના ભાઈનો ડ્રીમ પ્રોજેક્ટ શરૂ થશે. આ બ્રિજ પરથી દરરોજ લગભગ એક લાખ વાહનો પસાર થઈ શકશે. તે જ સમયે, ૫૦ હજાર મુસાફરો, ગેસ અને પાણીની પાઈપલાઈન્સ ટ્રેન ટ્રેક દ્વારા એક બાજુથી બીજી તરફ જઈ શકશે. તેને બનાવવા માટે અંદાજિત ૧૦ લાખ ૫૦ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ થશે. આ પુલ નીચેથી મોટી સંખ્યામાં જહાજો પસાર થશે કારણ કે તે લાલ સમુદ્રને સુએઝ કેનાલ સાથે જોડતા દરિયાઈ માર્ગ પર બાંધવામાં આવનાર છે. તેનો એક છેડો યમનમાં અને બીજો છેડો જીબુટીમાં હશે. શેખ તારિક બિન લાદેનનો આ પ્રોજેક્ટ નવો નથી. તેણે ૨૦૦૮માં તેને બનાવવાની યોજના પણ બનાવી હતી પરંતુ તેનું કામ ફરી શરૂ થઈ શક્યું ન હતું. લગભગ ૧૭ વર્ષ બાદ આ પ્રોજેક્ટ ફરી એકવાર ચર્ચામાં છે. આ પુલ લાલ સમુદ્રના બાબ-અલ-મંડેબ સ્ટ્રેટ પર બનાવવામાં આવશે, જેની ઊંડાઈ લગભગ ૩૦૦ મીટર છે. બ્રિજના પિલરની ઊંચાઈ ૭૦૦ મીટર રાખવામાં આવી છે, જેમાંથી ૪૦૦ મીટર પાણીની ઉપર અને ૩૦૦ મીટર પાણીની નીચે હશે. આ પુલ અલ-નૂર નામના પ્રોજેક્ટ હેઠળ બનાવવામાં આવશે જેનો અર્થ થાય છે.

# ઓસ્ટ્રેલિયાની ધરતી પર ભયંકર દુકાળનો ખતરો મંડાઈ રહયો છે

સિડની,

દુનિયાના સૌથી નાના ખંડ અને વિશાળ દેશ ઓસ્ટ્રેલિયાની ધરતી પર ભયંકર દુકાળનો ખતરો મંડાઈ રહયો છે એવી ચેતવણી વૈજ્ઞાનિકોએ આપી છે. નવાઈની વાત તો એ છે કે થોડાક વર્ષો પછી શરુ થનારો સંભવત દુષ્કાળ એક કે બે નહી ૨૦ વર્ષ સુધી ચાલી શકે છે. રિસર્ચ ટીમે ભૂતકાળમાં પડેલા દુષ્કાળના સમગ્ર સ્પેકટ્રમનો અભ્યાસ કર્યો હતો. કલાયમેટ મોડેલની મદદથી વૈજ્ઞાનિકોએ છેલ્લા ૧૨૫૦ વર્ષના દુષ્કાળને સ્ટિમુલેટ કર્યા હતા.



ઓસ્ટ્રેલિયાની અનેક યુનિવર્સિટીઓએ સંયુકત રીતે મળીને સ્ટડી મોડલ તૈયાર કર્યુ છે. વૈજ્ઞાનિકોને આશંકા છે કે ઓસ્ટ્રેલિયામાં ઝડપથી એક મેગાડ્રોટ આકાર લઈ શકે છે. મેગા ડ્રોટ વર્ષો સુધી ચાલશે તો તેનો પ્રભાવ ઈકો સિસ્ટમ અને માનવીઓ પર પડશે. સાયન્ટિસ્ટોના ધ્યાનમાં આવ્યું છે કે પહેલા પણ આ પ્રકારના દુષ્કાળો નોંધાઈ ચુકયા છે. ઔધોગિક ક્રાંતિ પહેલા અને ૨૦ મી સદીમાં રણ મેગાડ્રોટ જોવા મળ્યા હતા.

એકાંદ કે બે વર્ષના દુષ્કાળથી પર્યાવરણ અને ઈકો સિસ્ટમને ખાસ નુકસાન થતું નથી પરંતુ લાંબા ગાળાના દુષ્કાળ ખૂબજ ભયંકર અસર ઉભી કરે છે. કયારેક તો મેગાડ્રોટની અસર દાયકાઓ સુધી રહેતી હોય છે. સંશોધકોએ નોંધ્યું હતું કે અમેરિકાના દક્ષિણ પશ્રીમ વિસ્તારમાં ૨૧ મી સદીની શરુઆતમાં ભયંકર દુષ્કાળ પડયો હતો, આ દુષ્કાળને ૨૪ વર્ષ થયા પછી પણ તેની અસર ચાલુ રહી છે.

આ સ્ટડી સાથે સંકળાયેલા પ્રોફેસર નેરિલ અબરામે કહયું હતું કે જળવાયુ પરિવર્તનના લીધે દક્ષિણ પશ્ચિમી અને પૂર્વી ઓસ્ટ્રેલિયામાં લાંબા સમયથી દુષ્કાળ પડી રહયો છે. મર્રે ડાર્લિગ બેસિન ઓસ્ટ્રેલિયાનો સૌથી મોટો કૃષિ વિસ્તાર છે. આ એવા વિસ્તારો છે જયાં ધીમે ધીમે વરસાદનું પ્રમાણ ઘટશે ત્યારે દુષ્કાળનો ખતરો વધી જવાનો છે.

# અભિનેતા અજિત કુમારનો એક અકસ્માતનો વીડિયો સામે આવ્યો



મુંબઈ,

સાઉથ અભિનેતા અજિત કુમારનો એક અકસ્માતનો વીડિયો સામે આવ્યો છે.જેમાં જોવા મળી રહ્યું છે કે, અજિત કુમાર ફિલ્મના શૂટિંગ માટે સ્ટંટ કરી રહ્યો છે. તે દરમિયાન તેમની કારે પલટી મારી હતી. તમને જણાવી દઈએ કે, આ વીડિયો જુનો છે. ફિલ્મનું શૂટિંગ ગત્ત વર્ષ કરવામાં આવ્યું હતુ. તે દરમિયાન તે ગંભીર રીતે ઘાયલ પણ થયો હતા. વીડિયોમાં સ્પષ્ટ જોવા મળી રહ્યું છે કે, કઈ રીતે અભિનેતાએ સ્ટેરિંગ પરનો કાબુ ગુમાવે છે અને તેની કાર રસ્તા પર પલટી મારી જાય છે. આ વીડિયો ગુરુવારના રોજ અભિનેતાએ સોશિયલ મીડિયા પર શેર કર્યો છે. ત્યારથી આ વીડિયો ખુબ વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે, અભિનેતા ડ્રાઈવ કરી રહ્યો છે અને સાથે એક વ્યક્તિ પણ છે. ગાડીની અંદર લાગેલા કેમેરામાં આ તમામ વસ્તુઓ કેદ થઈ છે. ત્યારે અભિનેતાએ સ્ટેરિંગ પર કાબૂ ગુમાવતા કારે પલટી મારી હતી. આ અકસ્માત ફિલ્મના શૂંટિગ દરમિયાન થયો છે. અન્ય વીડિયોમાં ગાડીને રેગિસ્તાનના વિસ્તારમાં દેખાડવામાં આવી છે. ગાડી ચાલી રહી છે અને અચાનક કાબુ ગુમાવે છે.

# સિંગાપોરમાં છેતરપિંડીના કેસમાં ગયા વર્ષે ૧૮ ટકાનો થયો વધારો



સિંગાપોર

તમે ભારતમાં છેતરપિંડીના કેસ વિશે વારંવાર સાંભળ્યું અથવા વાંચ્યું હશે. પરંતુ, શું તમે જાણો છો કે માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વના તમામ દેશોમાં છેતરપિંડીના કિસ્સાઓ પ્રકાશમાં આવતા રહે છે. સિંગાપોર પણ તેમાંથી એક છે. સિંગાપોરમાં, છેતરપિંડી કરનારાઓ લોકોને ફસાવવા અને પછી તેમની મહેનતની કમાણી ચોરી કરવા માટે નવી પદ્ધતિઓ અપનાવે છે. તમે કલ્પના કરી શકો છો કે સિંગાપોરમાં છેતરપિંડી કેટલી મોટી સમસ્યા છે તે હકીકત પરથી ગૃહમંત્રીએ સંસદમાં તેના વિશે માહિતી આપવી પડી. માહિતી આપતાં ગૃહમંત્રી કે શનમુગમે કહ્યું કે ગયા વર્ષે સિંગાપોરમાં ૫૦૦ સ્થળાંતરિત ઘરેલું કામદારો છેતરપિંડીનો શિકાર બન્યા છે. સિંગાપોરમાં મોટાભાગના ઘરેલુ કામદારો ભારત, શ્રીલંકા અને દક્ષિણ પૂર્વ એશિયાના દેશોમાંથી આવે છે. બુધવારે સંસદમાં એક પ્રશ્નના જવાબમાં શનમુગમે જણાવ્યું હતું કે એજન્સીઓ નિયમિતપણે સિંગાપોરમાં કાર્યરત કામદારો માટે છેતરપિંડી વિરોધી જાગૃતિ અભિયાન ચલાવે છે.

# વીર સાવરકર માટે અંકિતાએ એક પણ રૂપિયો નથી લીધો



મુંબઈ,

વીર સાવરકર ફિલ્મ સિનેમાઘરોમાં આવી ગઈ છે. આ ફિલ્મને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ફિલ્મમાં રણદીપ હૂડા અને અંકિતા બંનેની એક્ટિંગને દર્શકોએ વખાણી છે. ફિલ્મની સ્ટારકાસ્ટ ફિલ્મનું પ્રમોશન અલગ અલગ રીતે કરી રહ્યાં છે. તાજેતરમાં જ ફિલ્મની એક્ટ્રેસ અંકિતા લોખંડે સિનેમાઘરમાં પહોંચી હતી.

તેણે ઓડિયન્સ સાથે ઈન્ટરેક્શન કર્યું હતું અને પોતાના કેરેક્ટર વિશે દર્શકોનો પ્રતિભાવ જાણ્યો હતો. આ ફિલ્મના પ્રમોશનમાં ફિલ્મની સ્ટારકાસ્ટ અને પ્રોડ્યુસર સંદીપસિંહે એક ઈન્ટરવ્યૂ આપ્યો હતો જેમાં તેણે એ વાત ક્લિયર કરી હતી કે વીર સાવરકર માટે અંકિતાએ એક પણ રૂપિયો નથી લીધો. તેણે કહ્યું હતું કે હું અને અંકિતા લાંબા સમયથી મિત્રો છીએ. અમે કરિયરના શરૂઆતના દિવસોથી સાથે છીએ, એ મારી સારી મિત્ર છે પણ તેણે અત્યારે જે કર્યું છે એ હું ક્યારેય નહીં ભૂલું. હું જાણું છું તેનું કેલિબર કેટલું છે. તેની અંદર ખૂબ આવડત છે એટલે જ વીર સાવરકર બનાવવાનો વિચાર કર્યો ત્યારે મારા મગજમાં અંકિતાનું નામ જ હતું.

આ વાતનો જવાબ આપતાં અંકિતા જણાવે છે કે સંદીપે કહ્યું એ પ્રમાણે અમે લાંબા સમયથી મિત્રો છીએ. તે જ્યારે ભણસાલી પ્રોડક્શનમાં કામ કરતો ત્યારે પણ અમે સાથે જ હતાં. એની સ્ટ્રગલ મેં જોયેલી છે. ફાઈનાન્શિયલ ક્રાઈસીસ એને છે એ હું જાણું છું છતાં એણે હિંમત કરીને આવી સરસ ફિલ્મ બનાવી એ મારા માટે ગર્વની વાત છે. મારો મિત્ર જ્યારે ફિલ્મ બનાવતો હોય તો હું પૈસા લઉં એટલી મૂરખ નથી. એના સારા-નરસા દરેક સમયે હું એની સાથે ઊભી રહી છું તો એની ફિલ્મમાં હું પૈસા કેવી રીતે લઈ શકું. અહીં તમે પાક્કી મિત્રતા કહી શકો. સંદીપ માટે મને હંમેશાં માન રહ્યું છે.

# ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં' ૩૫૦ કરોડ રુપિયાના બજેટમાં બની

મુંબઈ,

અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફ સ્ટાર ફિલ્મ બડે મિયાં છોટે મિયાં ૩૫૦ કરોડ રુપિયાના બજેટમાં બની છે. ફિલ્મ એક્શનથી ભરપુર છે. જેનો અંદાજો ટ્રેલર જોઈને લાગી જાય છે, હવે ફિલ્મના ડાયરેક્ટર અલી અબ્બાસ ઝફરે ફિલ્મમાં આવેલા ખર્ચાને લઈ વાત કરી છે. તેમણે કહ્યું છે કે, આ ફિલ્મના શૂટિંગ પાછળ રોજનો ૩ થી ૪ કરોડ રુપિયાનો ખર્ચો આવતો હતો. આ સાથે તેમણે એ પણ કહ્યું છે કે, એક્શન ફિલ્મમાં એક આખી શાળાને તૈયાર કરવામાં આવી હતી અને વીએફએક્સના ટૂલનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. અલી અબ્બાસ ઝફરને પુછવામાં આવ્યું કે, તેમણે પુજા એન્ટરનેટનમેન્ટને આટલો મોટો પ્રોજેક્ટ કરવા માટે કઈ રીતે રાજી કર્યા, તેમણે કહ્યું કે,તેને કોઈ એવા વ્યક્તિને જરુર હતી કે, તેના પર આંખો બંધ કરીને વિશ્વાસ કરી શકે, ત્યારબાદ ભગનાની સાથે આવ્યો. તો તેમણે એક જવાબદારીના રુપમાં લીધો અને ફિલ્મને પુરી કરી. તેમણે કહ્યું જ્યારે અમે ફિલ્મની સ્ક્રિપ્ટ લખી તો અમે સૌ લોકો ખુશ હતા. અલી અબ્બાસ ઝફરે કહ્યું કે, બજેટ સૌથી મોટું પ્રેશર જે અભિનેતા અને ફિલ્મમેકર હંમેશા અનુભવે છે. જો તમે બાઈક સ્ટંટ કરવા માંગો છો તો દરેક બાઈકની કિંમત ૪ લાખ રુપિયા છે અને જો સ્ટંટ ખોટો થયો તો તમારે ૪ લાખ ગુમવવા પડે છે. જો તમે ૩૦-૪૦ લાખ રુપિયાની કિંમત વાળી બાઈકને સ્ટંટમાં સામેલ કરી રહ્યા છો તો આટલા રુપિયા ગુમવવા પડશે.

# ડ્યૂન ૨ વર્ષ ૨૦૨૪ની વિશ્વની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ

વોશિંગ્ટન/મુંબઈ,

ટિમોથી ચાલમેટની 'ડ્યુન પાર્ટ ૨' એ ઈતિહાસ રચ્યો છે. તે આ વર્ષની સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મ તરીકે ઉભરી આવી છે. 'ડ્રેહી ૨' એ ફિલ્મ 'ડ્રેહી'ની સિક્વલ છે. વર્ષ ૨૦૨૧માં 'ડ્યૂન' એ છ એકેડેમી એવોર્ડ જીત્યા હતા. આ વર્ષે ૧ માર્ચે રિલીઝ થયેલી 'ડ્રેહીર ' દુનિયાભરના સિનેમાઘરોમાં ધૂમ મચાવી રહી છે. ડેનિસ વિલેન્યુવે દ્વારા નિર્દેશિત આ સાય-ફાઈ ફિલ્મે કમાણીના મામલામાં વિશ્વભરમાં ઈતિહાસ રચ્યો છે. આ ફિલ્મે વૈશ્વિક સ્તરે ૬૨૬.૧ મિલિયન ડૉલરની કમાણી કરી છે. તો ૨૯ માર્ચે રિલીઝ થયેલી હોલિવૂડ ફિલ્મ 'ગોડઝિલા ઠ કોંગ' એ પણ કમાલ કરી રહી છે. માત્ર ભારતમાં જ નહીં, દુનિયાભરમાં આ ફિલ્મનો જાદુ છવાઈ ગયો છે. માત્ર ત્રણ દિવસમાં તે વિશ્વભરમાં આ વર્ષની ત્રીજી સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મ બની ગઈ છે. આંકડા અનુસાર, ફિલ્મ 'ગોડઝિલા ઠ કોંગ'એ ઓપનિંગ વીકએન્ડમાં વૈશ્વિક સ્તરે લગભગ ૧૯૪ મિલિયન ડોલરનો બિઝનેસ કર્યો છે. કમાણીના મામલામાં આ ફિલ્મ માત્ર 'ડ્યૂન પાર્ટ ૨' અને 'કુંગફુ પાંડા ૪'થી પાછળ છે. 'ડ્રેહી ૨' એ તેની રિલીઝના પાંચ અઠવાડિયામાં જ વિશ્વભરમાં લગભગ ઈ૬૨૬ મિલિયન ડૉલરનો બિઝનેસ કર્યો છે. તો, 'કુગફુ પાંડા ૪' એ તેની રિલીઝના ચાર અઠવાડિયામાં ઈ૩૪૭ મિલિયન ડૉલરની કમાણી કરી હતી. 'ગોડઝિલા ઠ કોંગ' ફિલ્મ એડમ વિંગાર્ડ દ્વારા નિર્દેશિત ફિલ્મ છે. 'ગોડઝિલા ઠ કોંગ'૨૦૨૧માં આવેલી ફિલ્મ 'ગોડઝિલા વર્સિસ કોંગ'ની સિક્વલ છે.

# લાલપુર ખાતે ચૂંટણીલક્ષી કામગીરી માટે મહિલા પોલીંગ ઓફીસર માટે તાલીમ વર્ગ યોજાયો







જામનગર : લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત જામનગર સંસદીય મતવિભાગમાં આગામી તા.૭/૫/૨૦૨૪ના રોજ મતદાન યોજાનાર છે.લોકસભા સામાન્ય ચૂંટણીઓ સંદર્ભે થનારી મતદાનની કામગીરી સુનિશ્ચિત રીતે થાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર બી.કે.પંડ્યાનાં માર્ગદર્શન હેઠળ ચૂંટણીલક્ષી વિવિધ કામગીરી સાથે સંકળાયેલા અધિકારીઓ-કર્મચારીઓને તેમની ફરજના ભાગરૂપે તબક્કાવાર તાલીમો આપવામાં આવી રહી છે.

જેના ભાગરૂપે જામનગર સંસદીય મતવિભાગમાં સમાવિષ્ટ ૮૦-જામજોધપુર મતદાર વિભાગમાં ચૂંટણી સાથે સંકળાયેલા મહિલા પોલીંગ ઓફીસરઓને એ.આર.ઓ. અને પ્રાંત અધિકારી અસવારની રાહબરી હેઠળ સ્વામી વિવેકાનંદ શૈક્ષણિક સંકુલ લાલપુર ખાતે ચૂંટણીલક્ષી તાલીમ આપવામાં આવી હતી અને ચૂંટણીને લગતી ઝીણવટભરી બાબતોથી માહિતગાર કરાયાં હતા. આ તાલીમવર્ગમાં માસ્ટર ટ્રેનર્સ દ્વારા પ્રિ-પોલ, પોલ-ડે અને આફટર પોલ સહિતની તબક્કાવાર તમામ પ્રકારની કામગીરી અંગે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ મહિલા પોલિંગ ઓફિસરની કામગીરી બાબતે ચોકસાઇ અને સચોટતાની સાથે મતદાનની કામગીરી સરળ બની રહે તે માટે મતદાન મથકના ફરજ પરના અધિકારીઓ-કર્મચારીઓ માટે જુદા જુદા વૈધાનિક ફોર્મની વિગતો ભરવા, રજીસ્ટરમાં તેની નોંધણી, મતદાન પ્રક્રિયા વગેરે જેવી તમામ બાબતો અંગે તાલીમાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને જિલ્લાનો તમામ ચૂંટણી સ્ટાફ સગવડતા અને સરળતાથી ચૂંટણીની કામગીરીમાંથી પસાર થાય તેવા વાતાવરણનું નિર્માણ કરી બનતી તમામ સવલતો પૂરી પાડવા કટીબદ્ધતા દર્શાવી હતી.

# ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા ફિઝિયોથેરેપી કેમ્પ યોજાયો




જામનગર : ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી જામનગર દ્વારા શહેરમાં સેતાવડ ખાતે અદ્યતન ફિઝિયોથેરેપી સેન્ટર તથા ડેન્ટલ કેર ક્લિનિકની સેવા પ્રદાન કરવામાં આવી રહી છે. આ તબ્બકે વિશેષથી મિશન હેલ્થની ટિમ દ્વારા વિવિધ સ્નાયુ અને કમર સંલગ્ન સમસ્યાઓ માટે એક ડાયોગ્નાઈઝ (નિદાન) કેમ્પનું આયોજન કરવામાં આવેલ. આશરે ૭૦ થી વધુ દર્દીઓ એ તેનો લાભ લીધેલ. કમરની દરેક તકલીફનું નિરાકરણ ઓપરેશન નથી, યોગ્ય ફિઝિયોથેરેપીથી પણ તેનું નિરાકરણ આવી શકે, અને આ પ્રયાસ અર્થે આ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા ખાસ વિશેષથી ગુલાબકુંવરબા ઈન્ફન્સ્ટ્સ વેલ્ફેર એસોસિયેશન, સેતાવાડ ખાતે અદ્યતન ફિઝિયોટેરેપી તથા ડેન્ટલ કેર સેવા પ્રદાન કરવામાં આવી રહી છે. જેનો વધુમાં વધુ લાભ લેવા પણ લોકોને અનુરોધ કરવામાં આવેલ. આ તબ્બકે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી-જામનગરના પ્રેસિડન્ટ બિપીનભાઈ ઝવેરી, વાઈસ ચેરમેન ડો. અવિનાશભાઈ ભટ્ટ, ટ્રેઝરર હરેન્દ્રભાઈ ભાડલાવાળા, ધર્મેન્દ્રસિંહ ઝાલા, કિરીટભાઈ શાહ, ડો કલ્પનાબેન ખઢેરિયા, પિંક ફાઉન્ડેશન તથા ઉર્મિબેન મહેતા ફિઝિયોથેરેપી સેન્ટરના મુખ્ય દાતા શેતલબેન શેઠ, ડિઝાસ્ટર મેન્જમેન્ટ કમિટીના ચેરમેન ભાર્ગવ ઠાકર, અવનીબેન ત્રિવેદી, મનોજ મણિયાર, જયશ્રીબેન જોશી, રેખાબેન જોશી, હર્ષાબેન રાવલ, નિકુલ ગઢવી, સહિત તજજ્ઞ તબીબો ડો. ધ્યેય કેશોર, ડો. રેશમાબેંન સોની, નીરવભાઈ શુક્લ, મિશન હેલ્થના ડાયરેકટર ડો ગૌરાંગ મહેતા અને તેની ટીમ ઉપસ્થિત રહ્યા હતા. આશરે ૭૦ જેટલા દર્દીઓએ કેમ્પમાં ક્રિટીકલ સમસ્યાઓ મુદ્દે નિદાન મેળવેલ.

# ધરમપુર ગામ ખાતે ટોલગેટ પર 'હું ચોક્કસપણે મતદાન કરીશ જ'ના સ્ટીકર લગાવાયા






દ્વારકા : લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪માં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વધુને વધુ મતદારો પોતાના પવિત્ર મતદાનની ફરજ અદા કરે તે માટે સ્વીપ (સિસ્ટમેટિક વોટર્સ એજયુકેશન એન્ડ ઈલેક્ટ્રોલ પાર્ટીશીપેશન) ઝુંબેશ અંતર્ગત નવતર પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. ત્યારે ખંભાળિયા તાલુકાના ધરમપુર ગામ ખાતે આવેલ ટોલ ગેટ પર મતદાન કરવા પ્રેરણા આપતા સ્ટીકર લગાવી મતદારોમાં જાગૃતિ લાવવા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ટોલ ગેટ પર મતદાનની જાગૃતિના સ્ટીકર લગાવવામાં આવ્યા છે. જેમાં 'યાદ રાખો તા. ૦૭/૦૫/૨૦૨૪', 'હું ચોક્કસપણે મતદાન કરીશ જ....' સહિતની વિગતો આપવામાં આવી છે. આમ મતદારોમાં મતદાન અંગેની જાગૃતિ લાવવા જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા નવતર અભિગમ અપનાવવામાં આવ્યો છે.

# દ્વારકાનાં ગોરીંજા ખાતે શામરાસપીર ડાડાની દરગાહે ઉર્ષનું શાનદાર આયોજન

દ્વારકાનાં ગોરીંજા ગામનાં સમુદ્ર તટે આવેલ હઝરત શાહ બુખારી શામરાસપીર ઉપરાંત અમિયલશાહ પીર અને ગાંજાય પીરની દરગાહે દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉર્ષ મુબારકનું સુંદર આયોજન કરેલ છે.

તા.૧૦/૪ ને બુધવારથી ઉર્ષ શુભારંભ થશે. આ દિવસે મજલીશ અને સંદલ રાખેલ છે. બીજે દિવસે તિ.૧૧/૪ ને ગુરુવારે બપોરે ૧ વાગે સામૈયું. બપોરે ૧૨થી રાત્રે ૮ વાગ્યા સુધી આમ ન્યાજ ચાલુ રહેશે. રાત્રે ૧૦ વાગ્યાથી કવ્વાલી ભજનનો શાનદાર કાર્યક્રમનું આયોજન. પ્રખ્યાત લોકગાયિકા ફરિદા મીર પોતાના સુમધુર કંઠથી ભજન કવાલી રજુ કરશે. આ ઉપરાંત લોક ગાયક



ઈન્દ્રસિંહ જાડેજા અને સંગીતમય સાથીદારો ગીત સંગીતથી પોતાની કલા રજુ કરશે. ઉપરોક્ત કાર્યક્રમમાં સૌ કોઈ હિન્દુ-મુસ્લિમ શ્રધ્ધાળુઓને પધારવા દરગાહનાં સેવક અને કમિટી એ નિમંત્રણ પાઠવેલ છે.

# ખંભાળિયામાં શિક્ષકો માટે મતદાન જાગૃતિ સંકલ્પ તથા સિગ્નેચર કમ્પેઈનનું આયોજન



ખંભાળિયા : ચૂંટણી એ લોકશાહીનું પર્વ હોય, તેમાં તમામ નાગરિકો મતદાન કરીને પોતાની નૈતિક ફરજ બજાવે એ માટે જાગૃતિ લાવવાના હેતુથી તંત્ર દ્વારા વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં એવો ગર્વ એક પ્રયાસ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મધુબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ ખંભાળિયાના બીઆરસી ભવન ખાતે જિલ્લાના તમામ બીઆરસી, સીઆરસી અને કલસ્ટર દીઠ એક આચાર્યની તાલીમ અન્વયે સિગ્નેચર કેમ્પેઈનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેવભૂમિ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ મેરામણભાઈ ગોરીયા, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના અધિકારીઓ, ખંભાળિયા બીઆરસી પી.એસ. રાણા, દ્વારકા બી.આર.સી. ટીનાબેન ત્રિવેદી, ભાણવડ બી.આર.સી. નિલેશભાઈ ગાગલીયા, ખંભાળિયા તાલુકા સંઘના મહામંત્રી હિતેષભાઈ કરમુર વિગેરે સાથે ૧૦૦ થી વધારે સીઆરસી તથા આચાર્યો હાજર રહીને પોતાના કલસ્ટરની શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓ દ્વારા અચૂક મતદાન કરવા પ્રેરવા સંકલ્પ લેવડાવવામાં આવ્યો હતો.

# ક્ષિતિજની પેલે પાર બાળ વૈજ્ઞાનિકો જોઇ શકે છે તે બ્રિલિયન્ટ ગૃપ ઓફ સ્કુલ્સના સાયન્સ ફેરમાં જોવા મળ્યુ





જામનગર : જામનગરની બ્રિલિયન્ટ ગૃપ ઓફ સ્કુલ્સના વિદ્યાર્થીઓ હંમેશા કઇક વિશીષ્ટ પ્રતિભા સાથે વરસોથી ઉભરી રહ્યા છે કેમકે શાળામાં પ્રથમથી જ બાળકોનુ ભાવિ કંડારવા માટે તેમની ચેતનામાં હકારાત્મકતાનું સિંચન કરાય છે તેવો એક રિવ્યુ સાયન્સ ફેર વખતે વિદ્યાર્થીઓની વિવિધ કૃતિઓ જોઇને સામે આવ્યો છે. શિક્ષણ અને કેળવણીનો સમન્વય થાય એટલે બાળકનો સર્વાંગી વિકાસ થાય છે વર્ગખંડના શિક્ષણ વાંચન લેખન સ્વાધ્યાય ઉપરાંત ઇન્ડોર કે આઉડડોર ગેઇમ ,વક્તૃત્વ સહિતની સ્પર્ધાઓ, પ્રવાસ, શિક્ષણ મેળવ્યા બાદ લેખીત કે મૌખીક કસોટી કે એનું ચિત્રાંકન વગેરે અનેક આયામો છે બાળકોને વિકસાવવા માટેના જે માટે બ્રિલિયન્ટ ગૃપ ઓફ સ્કુલ્સ હંમેશા અપડેટસ થાય છે જે આ સંસ્થાનો પ્લસ પોઇન્ટ છે બ્રિલિયન્ટ ગૃપ ઓફ સ્કુલ્સના મેનેજીંગ ડાયરેક્ટર ઉસ્મિતાબેન ભટ્ટ તેમજ ચેરમેન આશોકભાઇ ભટ્ટ જણાવે છે કે વિવિધ વિષયોને જેમ મહત્વ આપીએ છીએ તેમ અમે વિજ્ઞાનને પણ એટલુંજ મહત્વ આપી વિદ્યાર્થીઓ સારા ગુણ મેળવે તેટલુજ માત્ર નહી તેમને કોઇપણ સ્પર્ધાત્મક પરીક્ષા પણ જાણે પરિચિત લાગે તે દિશામા જહેમત ઉઠાવીએ છીએ. તાજેતરમાં સંસ્થામા સાયન્સ ફેર (વિજ્ઞાન મેળો) યોજાયો હતો જેમા રસાયણ વિજ્ઞાન, જીવ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન અને આ વિજ્ઞાનના પેટા વિષયો વગેરેના અભ્યાસથી જે પારંગતતા આવી હોય તેના પ્રયોગો, ચિત્રો, પ્રતિકો, પ્રક્રિયાઓ,માળખુ વગેરે એવા બનાવવામાં આવ્યા હતા કે વાલીઓ તેમજ મુલાકાતીઓ, મીડીયાના શુભેચ્છકો સૌ દંગ રહી ગયા હતા એટલુંજ નહી આ બધુ જ પ્રેઝન્ટ કરતી વખતે બાળકો દ્વારા પ્રશ્નોના જવાબ પણ આપવામાં આવતા હતા. ખુબ સહજ જોવા મળતા આ બાળકોએ જ્ઞાન પચાવ્યુ છે તેની પ્રતિતિ ચોક્કસ થતી હતી જેનો શ્રેય બ્રિલિન્ટ ગૃપ ઓફ સ્કુલ્સ ના શિક્ષકો અને સંચાલકોને ફાળે જાય છે જો કે ચેરમેન જણાવ્યુ હતુ કે વિદ્યાર્થીઓની રૂચી ધ્યાનમાં લઇ આપવામાં આવતા ટાસ્કમા અકલ્પનીય પરીણામો સંસ્થાના બાળકો આપે છે જેનુ અમને પણ ગૌરવ થતુ હોય છે અને વાલીઓ જેટલો અમને સંતોષ થાય છે. કે.જી.લઇ ધોરણ ૧૨ સુધીના અભ્યાસ ચલાવતી આ શૈક્ષણિક સંસ્થાનુ જામનગરના શિક્ષણ જગતમાં નોંધપાત્ર પ્રદાન છે અને ધોરણ પાંચથી જ વિજ્ઞાન અને ટેકનોલોજીનુ શિક્ષણ અપાતુ રહ્યુ છે અને માટે ૪૨૫ વિદ્યાર્થીઓએ મળીને સાયન્સ ફેરમાં ૯૦ પ્રોજેક્ટ રજુ કર્યા હતા જે વિદ્યાર્થીઓના શિક્ષણનું પ્રતિબિંબ ગણાય છે હાલ જ્યારે દરેક ક્ષેત્રમા ટેકનોલોજીની કમાલ છે અને આ ટેકનોલોજી વિજ્ઞાનના સિદ્ધાંતોને આધારે કામ કરે છે માટે વિજ્ઞાનનુ શિક્ષણ આમ પણ અનિવાર્ય બને છે ત્યારે વાલીઓના અભિપ્રાય મુજબ તેમના બાળકોને બ્રિલિયન્ટ ગૃપ ઓફ સ્કુલ્સના વિદ્યાર્થીછે તેનું ગૌરવ છે આ જ શાળાની પ્રસશ્તિ અને લોકપ્રિયતાની પારાશીશી છે તેસ્વાભાવિક રીતે સમજી શકાય છે

# ભારતને એલએનજી ટ્રાન્સપોર્ટેશન દ્વારા હરિયાળા ભવિષ્ય તરફ લઈ જતું ગ્રીનલાઈન

ક્લાઈમેન્ટ ચેન્જનો સામનો કરવા માટે એક મજબૂત ઉકેલ તરીકે સમગ્ર ભારતમાં ઉદ્યોગો ઝડપભેર એલએનજી (લિક્વિફાઈડ નેચરલ ગેસ) ટ્રાન્સપોર્ટેશન પનાવી રહ્યા છે. એલએનજી ટ્રાન્સપોર્ટેશન પર્યાવરણને લગતી ચિંતાનો ઉકેલ ઉપરાંત આર્થિક લાભોથી પણ પ્રેરિત છે. કંપની સપ્લાઈ ચેઈન મારફતે ખાસ કરીને પરિવહન ક્ષેત્રમાં જ્યાં પ્રત્યક્ષ ઉત્સર્જન થાય છે તેવા સ્કોપ ૩ ઉત્સર્જનને ઓછું કરવાની આવશ્યકતાને જોઈ આ પરિવર્તન અત્યંત જરૂરી બની જાય છે. આ પરિવર્તનશીલ બદલાવમાં એસ્સાર ગ્રુપની ગ્રીનલાઈન મોબિલિટી સોલ્યુશન્સ લિમિટેડ હંમેશા અગ્રેસર રહી છે. એસ્સાર ગ્રુપની મહત્વકાંક્ષી "ગ્રીન ઈકોસિસ્ટમ"ની પહેલ અંતર્ગત પરિવહન ક્ષેત્રમાં ઉત્સર્જનને ઓછું કરવાના ઉદ્દેશથી પરંપરાગત ડીઝલ ઈંધણના સ્વચ્છ વિકલ્પ તરીકે એલએનજીની સંભાવનાને પ્રોત્સાહન આપવામાં આવે છે. ૩૦૦થી વધારે એલએનજી-સંચાલિત ટ્રકોના કાફલા સાથે ગ્રીનલાઈન આર્થિક લાભો ઉપરાંત હેવી ટ્રકિંગને ડીકાર્બોનાઈજીંગ કરવા, નુકસાનકારક ઉત્સર્જનને અંકૂશમાં લેવા, ઈએસજી (ઈન્વાયરમેન્ટલ, સોશિયલ અને ગવર્નન્સ)ની કાર્યક્ષમતા વધારવા માટે સમર્પિત છે. આ કાફલા પૈકી દરેક ટ્રક ૫૫ ટનનું વાહન છે તથા તેની ભાર વહન ક્ષમતા ૪૦ ટન છે. કંપનીની ગ્રાહકસૂચિમાં હિન્દુસ્તાન ઝીંક લિમિટેડ, ટાટા સ્ટીલ, અલ્ટ્રાટેક સિમેન્ટ, દાલમિયા સિમેન્ટ, જેએસડબ્લ્યુ સ્ટીલ, જેએસડબ્લ્યુ સિમેન્ટ, જેકે લક્ષ્મી સિમેન્ટ, જેએસપી, નેસ્લે, ડેલ્હીવરી, અને રિલાયન્સ ઈન્ડ્રસ્ટ્રીઝ લિમિટેડ જેવી અગ્રણી કંપનીઓ સમાવિષ્ટ છે. ગ્રીનલાઈન મોબિલિટી સોલ્યુશન્સના સીઈઓ આનંદ મિમાનીએ કહ્યું કે, "એલએનજી ડીઝલની તુલનામાં કાર્બન ડાયોક્સાઈડનું ૩૦ ટકા ઓછું ઉત્સર્જન કરે છે, જેને લીધે ગ્રાહકો તથા પર્યાવરણ બન્ને માટે લાભદાયક સ્થિતિનું નિર્માણ થાય છે. કોર્પોરેટ્સ તથા સરકાર તરફથી યોગ્ય સમર્થનથી અમારો લક્ષ્યાંક નાણાકીય વર્ષ ૨૦૨૫ સુધીમાં રૂપિયા ૫૦૦૦ કરોડના અંદાજીત રોકાણ સાથે ૫૦૦૦ એલએનજી વાહનો ઓપરેટ કરવાનો છે". એસ્સાર એલએનજી ટ્રકો ઓપરેટ કરવાથી આગળ વધીને એલએનજી અપનાવવામાં મદદરૂપ બને તેવા મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરવા કટિબદ્ધ છે. એસ્સારની અન્ય એક ગ્રુપ કંપની - અલ્ટ્રા ગેસ એન્ડ એનર્જી લિમિટેડ, દેશભરમાં ગ્રીન ફ્યુઅલ હબનું એક સર્વગ્રાહી નેટવર્ક સ્થાપી રહી છે, જેથી એલએનજીની અસરકાર વિતરણ સુવિધા પ્રાપ્ત કરી શકાય. ગુજરાતની વ્યૂહાત્મક સ્થિતિ તથા મજબૂત એલએનજી ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેને ભારતના એલએનજી ટ્રાન્સપોર્ટેશન સેક્ટરમાં એક મહત્વપૂર્ણ રાજ્ય બનાવે છે. એલએનજી પરિવહન મજબૂત થાય છે તે માટે રાજ્ય સક્રિયપણે કુદરતી ગેસના ઉપયોગને પ્રોત્સાહન આપી રહ્યું છે તથા ઈન્ફ્રાસ્ટ્રક્ચર હબના વિકાસમાં મહત્વનું રોકાણ કરે છે, આગળ જતા એસ્સારનો ઈરાદો રાજ્યની ઊર્જા ટ્રાન્સઝીશન, ઉર્જા તથા પોર્ટ સેક્ટરમાં સસ્ટેનેબલ કારોબારને પ્રોત્સાહન આપવા માટે રૂપિયા ૫૫,૦૦૦ કરોડનું રોકાણ કરવાનો છે.જેમ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ થશે તેમ એલએનજી ટ્રકો લાંબા અંતરની મુસાફરી કરવા વધારે વ્યવહારી વિકલ્પ બનશે અને તેને લીધે એલએનજી ટ્રકોનો ઉપયોગ ઝડપથી વધશે સાથેજ ઉત્સર્જનમાં નોંધપાત્ર ઘટાડો થશે. આવી પહલ ભારતની પર્યાવરણ સંરક્ષણ માટે હરિયાળી ઉર્જાના વિકલ્પોના બહોળા ઉપયોગની કટિબદ્ધતા દર્શાવે છે. એસ્સાર ગ્રુપ ભારતના પરિવહન ક્ષેત્રને ડીકાર્બોનાઈઝ કરવા હેતુ એલએનજીની સહુથી મોટી ઈકોસિસ્ટમ ઉભી કરી રહ્યું છે.

# હરીપર તાલુકા શાળામાં વિદાય સમારંભ સાથે વિદ્યાર્થીઓને કેરીના રસનું રસપાન કરાવાયું



ખંભાળિયા : તાજેતરમાં ખંભાળીયા તાલુકાની હરીપર તાલુકા શાળામાં ધોરણ–૮ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાઈ ગયેલ. જેમાં વિદ્યાર્થીઓ હોંશભેર જોડાયા હતા અને પોતાના પ્રતિભાવો રજુ કર્યા હતા. આ પ્રસંગે જયાબેન કુમનદાસ અમલાણી ચેરીટેબલ ટ્રસ્ટ (મુંબઈ) દ્વારા 'જયાબેન' ના સ્મરણાર્થે ટ્રસ્ટીગણ તેમજ શાળાના શિક્ષિકા સપનાબેન કાનાણીના હસ્તે શાળાના તમામ વિદ્યાર્થીઓને અને શાળા પરિવારને કેરીના રસનું રસપાન કરાવવામાં આવેલ. જયાબેન કુમનદાસ અમલાણી ટ્રસ્ટની સદભાવના તથા સેવાકીય પ્રવૃતિને શાળા પરિવાર દ્વારા બિરદાવવામાં આવી હતી. શાળામાંથી વિદાય થયેલા વિદ્યાર્થીઓએ શાળાને સ્મૃતિભેટ અર્પણ કરી ગુરૂજનોના આશિર્વાદ મેળવી ગુરૂ–શિષ્યની પરંપરા જાળવી હતી. આચાર્ય છગનભાઈ પરમાર દ્વારા વિદ્યાર્થીઓને ભવિષ્યની કારકિર્દી માટે માર્ગદર્શન . આપવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષકો દીપેનભાઈ બારાઈ, શત્રુઘ્નભાઈ ગોજીયા, કાળુભાઈ ચાવડા, રાજેન્દ્રસિંહ ઠાકોર, સપનાબેન રૂપારેલ દ્વારા કરવામાં આવેલ.

# ડાયાબિટીસવાળા બાળકોને સાધન સહાયનું વિતરણ





જામનગર : જુવેનાઇલ ડાયાબિટીસ ફાઉન્ડેશન જામનગર દ્વારા આયોજિત ૯૩મા મેગા કેમ્પમાં ૧૧૭ ડાયાબિટીસ બાળકોએ લાભ લીધો હતો. જી. જી. હોસ્પિટલના ડોકટર સોનલબેન શાહ, ડો. માનસી ભાવસાર, ડો.હેમેન્દ્ર રાઠોડ દ્વારા બાળકો અને વાલીઓ સાથે પ્રશ્નોતરી કરી પ્રશ્નોનું સમાધાન કરી માર્ગદર્શન આપ્યું હતું. આરટીઓ ઈન્સ્પેક્ટર વિશાલ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલ.

આ કેમ્પમાં મહાનુભાવો અને ડાયાબિટીસ બાળકોના હસ્તે દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. સંસ્થા દ્વારા બાળકોને ઈન્સ્યુલિન, સીરીઝો, ગ્લુકોમીટર, ગ્લુકોમીટરની સ્ટ્રીપ, લેન્સેટ વગેરેનું વિના મુલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. બાળકોની દવા માટે હિનાબેન રમશેભાઈ ભારદીયા દ્વારા ૫૧૦૦૦ રૂપિયા અને વિમલભાઈ નકુમ દ્વારા દ્વારા રૂ.૫૦૦૦ નું દાન આપવામાં આવ્યું હતું. કેમ્પમાં આવનાર દરેક માટે બપોરે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. ફાઉન્ડેશનના મેનેજીંગ ટ્રસ્ટી રમણિકભાઈ ચાંગાણી તથા ટ્રસ્ટી અરવિંદભાઈ ઝવેરી, રમેશભાઈ પાંચાણી, ઉષા સારડા ઉપરાંત શામજીભાઈ ઉમરેટીયા, સંજયભાઈ તથા બાળકો અને વાલીઓ તમેજ સેવક મેડીક્લ સ્ટાફ વગેરેએ જહેમત ઉઠાવી હતી.

# જામનગરની ડી.કે.વી. કોલેજમાં મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ડિ.કે.વી. આર્ટસ અને સાયન્સ ખાતે સપ્તધારા પ્રકલ્પના સંદર્ભે જ્ઞાનમાં અંતર્ગત નહેરુ યુવા કેન્દ્ર, જામનગરના સહયોગથી એક કાર્યક્રમનું આયોજન સાયન્સ વિભાગના સ્માર્ટ ક્લાસરૂમમાં કરવામાં આવ્યું હતું. વિશ્વના સૌથી મોટા લોકતાંત્રિક રાષ્ટ્રમાં લોકતાંત્રિક પ્રક્રિયામાં દરેક નાગરિકનો મહત્વપૂર્ણ ફાળો રહેલો છે જેના ભાગરૂપે દરેક નાગરિકે મતદાર તરીકે નોંધણી કરાવવી તેમજ ચૂટણી વખતે મતદાન કરવું આવશ્યક છે જે અંગે મતદાન જાગૃતિ અને નોંધણી અભિયાન વિષય પર



ગવર્મેન્ટ પોલિટિકલ કોલેજ જામનગરના આસિસ્ટન્ટ પ્રોફેસર રાહુલ ઓઝા દ્વારા વક્તવ્ય આપવામાં આવ્યું હતું.તેમજ લોકતાંત્રિક પ્રક્રિયામાં ભાગ લેવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં કોલેજના ૬૫ વિદ્યાર્થી તથા ફેકલ્ટી મિત્રોએ ભાગ લીધો હતો.

# જામજોધપુર રાજાણી પરિવાર દ્વારા લોહાણા જ્ઞાતિ સમુહ ભોજન કાર્યકમ યોજાયુ



જામજોધપુર સ્વ. મુક્તાબહેન નાનજીભાઈ રાજાણી પરિવાર દ્વારા લોહાણા મહાજન વાડી ખાતે સમુહ જ્ઞાતિ ભોજન યોજવામાં આવેલ. આ પ્રસંગે રાજાણી પારિવારનું જલારામ મંદિર સેવા ટ્રસ્ટ લોહાણા મહાજન ટ્રસ્ટ્ રઘુવંશી યુવક મંડળ જલારામ ગ્રુપ દ્વારા શાલ ઓઢાડી સન્માન કરાયુ હતું

## અવસાન નોંધ

**જામનગર :** શ્રી ગૌડ મેડતવાડ બ્રાહ્મણ મૂળ કાલાવડ હાલ જામનગર નિવાસી સ્વ. મુકુન્દરાય મૂળશંકર ભટ્ટ ના પત્ની સ્વ.નિર્મળાબેન મુકુન્દરાય ભટ્ટ (ગણોદીયા ભટ્ટ) જે દીપકભાઈ અને સ્વ. નિલેશભાઈ, ચેતનાબેન, દર્શનાબેન, યોગીબેન ના માતુશ્રી, મધુબેન અને ભાવનાબેન ના સાસુ તેમજ જયદીપ, નિશા, બિંદલ, મિત ના દાદીમા નું આજ ૦૭-૪-૨૦૨૪,રવિવાર ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. સદગત નું બેસણું તા.૮-૪-૨૦૨૪ સોમવાર ના રોજ સાંજે ૫ થી ૫:૩૦ પાબારી હૉલ, જામનગર રાખેલ છે. દીપકભાઈ મુકુન્દરાય ભટ્ટ ૭૦૧૬૬૬૩૭૫૧,જયદીપ દીપકભાઈ ભટ્ટ ૭૯૯૦૩૧૬૪૭૧

**જામનગર :** રીટાબેન જયેશભાઇ અનડકટ(ઉ. ૫૯) તે જયેશભાઇ ગોરધનદાસ અનડકટ(કો.કો. બેંક)નાં ધર્મપત્ની, પ્રશાંત દિનેશચંદ્ર વ્યાસનાં બહેન, ચાંદની સુમિત માલવીયા, મીરા અતુલ ઝામરેનાં માતાનું તા. ૭/૪/૨૦૨૪ ને રવિવારે અવસાન થયું છે. સદગતનું ઉઠમણું તા. ૮/૪/૨૦૨૪ ને સોમવારે સાંજે ૪ થી ૪:૩૦ પાબારી હોલ, તળાવની પાળ જામનગરમાં રાખવામાં આવ્યું છે.

# બોત્સ્વાના રાષ્ટ્રપતિએ જર્મનીને ૨૦,૦૦૦ હાથી મોકલવાની ધમકી આપી !

બોત્સ્વાના,

આફ્રિકન દેશ બોત્સ્વાનાના રાષ્ટ્રપતિએ જર્મની પર રોષે ભરાઈને તેમના ત્યાં ૨૦,૦૦૦ હાથી મોકલવાની ધમકી આપી છે. આ નારાજગી પાછળ જર્મનીના પર્યાવરણ મંત્રાલયનું એક સૂચન જવાબદાર છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, જર્મન નાગરિકો અન્ય દેશોમાં જાનવરોનો શિકાર કરે છે. ત્યાર પછી ટ્રોફી તરીકે તેના અવશેષો લઈ આવે છે, જેના પર આપણે તાત્કાલિક રોક લગાવી દેવી જોઈએ.આ અંગે પ્રતિક્રિયા આપતા બોત્સ્વાનાના રાષ્ટ્રપતિ મોકગ્વેત્સી માસીએ કહ્યું છે કે,

**જર્મની અમને હાથીઓનો શિકાર નહીં કરવા દેવાની સલાહ આપે છે પણ બોત્સ્વાનામાં હાથીઓના ઝુંડ ખેતીવાડી અને બીજી સંપત્તિને નુકસાન પહોંચાડી રહ્યા છે**



'જર્મની આ પ્રકારનો પ્રતિબંધ મૂકશે તો મારા દેશના લોકો વધારે ગરીબ થઈ જશે. અમારા દેશે હાથીઓના સંરક્ષણ માટે કરેલા પ્રયાસોના કારણે હવે દેશમાં હાથીઓની વસતી બેફામ વધી રહી છે. જર્મનીથી મોટી સંખ્યામાં આવતા પ્રવાસીઓને હાથીઓનો શિકાર કરવાની છૂટ આપવામાં આવે છે. આ કારણસર હાથીઓની વસતી કાબૂમાં રાખવામાં મદદ મળે છે. આ ઉપરાંત બોત્સ્વાનાને જંગી આવક પણ થાય છે. જર્મન પ્રવાસીઓને બોત્સ્વાના હાથી દાંત અને બીજી વસ્તુઓ લઈ જવાની પણ છૂટ આપે છે.'

આ ઉપરાંત માસીએ એમ પણ કહ્યું છે કે, 'જર્મન લોકોએ પોતાના દેશમાં હાથીઓ સાથે રહેવું જોઈએ. જર્મની અમને હાથીઓનો શિકાર નહીં કરવા દેવાની સલાહ આપે છે પણ આ કોઈ મજાક નથી. બોત્સ્વાનામાં હાથીઓના ઝુંડ લોકોની ખેતીવાડી અને બીજી સંપત્તિને નુકસાન પહોંચાડી રહ્યા છે. સ્થાનિકોને મારી રહ્યા છે. અમે જર્મનીને ૨૦,૦૦૦ હાથીઓ મોકલી આપીશું અને પછી જોઈશું કે જર્મન લોકો તેમની સાથે કેવી રીતે રહે છે.'આ પહેલા બોત્સ્વાના બ્રિટનને પણ ૧૦,૦૦૦ હાથી હાઈડ પાર્કમાં મોકલી આપવાની ધમકી આપી ચૂક્યું છે. દુનિયાના ત્રીજા ભાગના હાથીઓની વસતી બોત્સ્વાનામાં છે. અહીંયા હાથીઓની સંખ્યા ૧.૩૦ લાખ કરતા વધારે છે અને દેશના કદને જોતા આ વસતી ઘણી વધુ હોવાનો સરકારનો દાવો છે. આ પહેલા વસતી ઓછી કરવા માટે બોત્સ્વાનાએ પાડોશી દેશ અંગોલાને પણ ૮૦૦૦ હાથી ભેટમાં આપ્યા હતા. બોત્સ્વાનાએ મોઝામ્બિકને પણ આ જ પ્રકારની ઓફર આપી છે.

# બંગાળમાં NIAની ટીમ સામે FIR

## ધરપકડ કરાયેલા TMC નેતાની પત્ની સાથે મારઝૂડ-દુર્વ્યવહારનો આરોપ

મેદિનીપુર,

બંગાળના પૂર્વ મેદિનીપુર જિલ્લાના ભૂપતિનગરમાંથી ધરપકડ કરાયેલ ટીએમસી નેતા મનોબ્રતા જનાની પત્ની મોની જનાએ NIA અધિકારીઓ વિરુદ્ધ FIR નોંધાવી છે. મહિલાનો આરોપ છે કે NIAની ટીમે તપાસના બહાને તેના ઘરમાં બળજબરીથી ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. મહિલાએ અધિકારીઓ પર ઘરમાં મારપીટ, દુર્વ્યવહાર અને તોડફોડનો આરોપ લગાવ્યો છે.ભૂપતિનગર પોલીસ સ્ટેશનમાં NIA અધિકારીઓ વિરુદ્ધ IPCની કલમ ૩૨૫, ૩૪, ૩૫૪, ૩૫૪(બ), ૪૨૭, ૪૪૮, ૫૦૯ હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. પોલીસે જણાવ્યું કે આ મામલે તપાસ કરવામાં આવી રહી છે. આ ઘટના શુક્રવારે ૫ એપ્રિલે મોડી રાત્રે બની હતી. ૨૦૨૨માં થયેલા બોમ્બ બ્લાસ્ટની તપાસ માટે કલકત્તા હાઈકોર્ટના નિર્દેશ પર NIAની ટીમ ભૂપતિનગર પહોંચી હતી.

# દેશમાં ડિજિટલ મોડલ ગામ બનાવવાની તૈયારીઓ

નવીદિલ્હી,

દેશમાં ૪૫ ક્રાંતિ બાદ હવે 5G સેવાઓની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. દરમિયાન, સરકાર 5G સેવાઓથી સજ્જ ડિજિટલ મોડલ ગામ બનાવવાની તૈયારી કરી રહી છે. જેના કારણે લોકો ટૂંક સમયમાં અનુભવી શકશે કે 5G સેવાઓ કેવી રીતે કૃષિ, શિક્ષણ અને આરોગ્યને બદલી શકે છે. 5G ના આ મિશન વિશે માહિતી આપતા જણાવવામાં આવ્યું હતું કે ૫૫ સેવા હવે માત્ર શહેરોમાં જ નહિ પરંતુ ગામડાઓમાં પણ ક્રાંતિ લાવશે. હવે સરકાર ૫૫ સેવાઓથી સજ્જ ગામડાઓ બનાવવા જઈ રહી છે. તમને જણાવી દઈએ કે, પહેલું મોડલ ડિજિટલ ગામ દિલ્હી NCR પાસે બનાવવામાં આવશે. જેનું કામ એપ્રિલના અંત સુધીમાં શરૂ થશે. ગામડાઓમાં કૃષિ ક્રાંતિમાં 5G



સેવાનો ઉપયોગ કરવામાં આવશે. આ મોડેલ ગામમાં 5G સેવા નવી કૃષિ ક્રાંતિને જન્મ આપશે. જેના કારણે કૃષિ સિંચાઈ સંપૂર્ણપણે સ્વચાલિત થઈ જશે. જ્યારે ૫૫ દેશના ખેડૂતો માટે વરદાન સાબિત થશે, તો તે શિક્ષણના ક્ષેત્રમાં પણ ઘણી મદદ કરશે. બાળકો ડીજીટલ બોર્ડ અને ડીજીટલ ટેક્નોલોજીથી ૫જી ટેકનોલોજીથી અભ્યાસ કરશે. ત્યારે બાળકો માત્ર ૫૫ની મદદથી ભારત અને વિદેશના શિક્ષકો પાસેથી અભ્યાસ કરી શકશે. સ્વાસ્થ્ય સેવાઓમાં પણ 5G મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. એમ્બ્યુલન્સ અને 5G સાથે જોડાયેલ અન્ય સુવિધાઓ ગામના આરોગ્ય કેન્દ્રમાં ઉપલબ્ધ રહેશે. ૫૫ના આ મિશનને પૂર્ણ કરવા માટે સરકારે ટેલિકોમ કંપનીઓ સાથે વાતચીત કરી હતી.

પ્રથમ ૫૫ મોડલ વિલેજ પર કામ એપ્રિલના અંત સુધીમાં શરૂ થઈ શકે છે. ૫૫ના આ મિશનને પૂર્ણ કરવા માટે સરકારે ટેલિકોમ કંપનીઓ સાથે વાતચીત કરી છે. આ પહેલા પણ સરકાર ભારતને ટેક્નોલોજી અને ૫૫માં આગળ લઈ જવા માટે સતત પ્રયાસો કરી રહી છે. ટેલિકોમ સચિવ નીરજ મિત્તલે તાજેતરમાં માહિતી આપી હતી કે ભારતે ભારત ૫૫ પોર્ટલ લોન્ચ કર્યું છે. જે તમામ ક્વોન્ટમ, આઈપીઆર, ૫જી અને ૬જી સંબંધિત કામ માટે વન-સ્ટોપ સોલ્યુશન તરીકે સેવા આપશે.

# PMની મુલાકાત પછી લક્ષદ્વીપના પર્યટન પર મોટી અસર પડી : ઈમ્થિયાસ મોહમ્મદ

નવીદિલ્હી,

આ વર્ષે જાન્યુઆરીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લક્ષદ્વીપની મુલાકાત લીધી હતી. જે પછી લક્ષદ્વીપની લોકપ્રિયતા ઘણી વધી ગઈ. લક્ષદ્વીપ પર્યટન અધિકારી ઈમ્થિયાસ મોહમ્મદ ટીબીએ જણાવ્યું હતું કે ટાપુની મુલાકાત કેવી રીતે લેવી તે અંગે પૂછપરછમાં વધારો થયો છે. જ્યારે પીએમ મોદીની મુલાકાતની અસર વિશે પૂછવામાં આવ્યું ત્યારે ઈમ્થિયાસે કહ્યું કે પીએમની મુલાકાત પછી લક્ષદ્વીપના પ્રવાસન પર મોટી અસર થઈ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે લક્ષદ્વીપ આવવા માટે માત્ર રાષ્ટ્રીય જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય પ્રવાસનમાંથી પણ પૂછપરછ કરવામાં આવી રહી છે. પ્રવાસન વિભાગની ભાવિ પહેલ વિશે વાત કરતાં તેમણે કહ્યું કે લક્ષદ્વીપ વધુ ક્રુઝ શિપ કંપનીઓને પ્રોત્સાહન આપવા માંગે છે. તેમણે એમ પણ કહ્યું કે તેમને આશા છે કે જ્યારે એર કનેક્ટિવિટી સુધરશે, ત્યારે તે પ્રવાસીઓના પ્રવાહને વેગ આપશે. મુંબઈના પ્રવાસી અમન સિંહે કહ્યું કે, અમે લાંબા સમયથી લક્ષદ્વીપ આવવા ઈચ્છતા હતા પરંતુ ટાપુ સાથે જોડાયેલી ઘણી માન્યતાઓ હતી પરંતુ પીએમ મોદીની મુલાકાતની એવી અસર થઈ કે લક્ષદ્વીપ આવવું શક્ય બન્યું. દિલ્હીના રહેવાસી સુમિત આનંદ નામના અન્ય પ્રવાસીએ કહ્યું કે તેઓ હંમેશા લક્ષદ્વીપ ટાપુની મુલાકાત લેવા માંગતા હતા, પરંતુ પીએમ મોદીની તસવીરો અને વીડિયો જોયા બાદ જ તેમણે દ્વીપસમૂહને પોતાનું આગલું સ્થળ બનાવ્યું. અગાઉ ૪ જાન્યુઆરીએ વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લક્ષદ્વીપની મુલાકાતે સમગ્ર વિશ્વનું ધ્યાન આ દ્વીપસમૂહ અને તેની વિશાળ પ્રવાસન ક્ષમતા તરફ ખેંચ્યું છે.

# તિહાર જેલમાં સંજયસિંહનું વજન ૬ કિલો જેટલું વધ્યું

નવીદિલ્હી,

આપ સાંસદ સંજય સિંહ ૩ એપ્રિલે ૧૮૧ દિવસ બાદ તિહાર જેલમાંથી બહાર આવ્યા હતા. બુધવારે રાત્રે ૮.૩૦ કલાકે તેને મુક્ત કરવામાં આવ્યો હતો. જે બાદ સંજય સિંહ સતત ભાજપ પર પ્રહારો કરી રહ્યા છે. આપ સાંસદ સંજય સિંહે દારુ કૌભાંડને ભાજપનું યોગદાન ગણાવ્યું છે. જામીન મળ્યાના બે દિવસ બાદ શુક્રવારે સાંસદે આરોપ લગાવ્યો કે વાસ્તવિક કૌભાંડ ઈડીની તપાસ બાદ શરૂ થયું.

બીજી તરફ તિહાર જેલ પ્રશાસને દાવો કર્યો છે કે આપ સાંસદ સંજય સિંહનું જેલમાં રોકાણ દરમિયાન વજન વધી ગયું છે. તિહાર જેલ પ્રશાસનના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે જ્યારે સંજય સિંહ ૧૩ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ જેલમાં પહોંચ્યા ત્યારે તેમનું વજન ૭૬ કિલો હતું. જ્યારે તે જેલમાંથી બહાર આવ્યો ત્યારે તેનું વજન ૮૨ કિલો હતું. એ જ રીતે તેનું બ્લડ પ્રેશર જે પહેલા ૧૫૩/૧૦૩ હતું તે ઘટીને ૧૩૬/૭૦ થઈ ગયું. તિહાર જેલમાં લગભગ છ મહિનાના રોકાણ દરમિયાન સંજય સિંહનું વજન લગભગ છ કિલોગ્રામ વધી ગયું હતું, જ્યારે તેમનું બીપી ઘટી ગયું હતું.

# બાયડન કોકેઈનના નશામાં ભાષણ આપી રહ્યા હતા!

## ડોનાલ્ડ ટ્રમ્પે ડ્રગ ટેસ્ટ કરવાની કરી માંગ

વોશિંગ્ટન,

ભારતમાં લોકસભાની ચૂંટણીને લઈને રાજકીય પક્ષો અને નેતાઓ ભારે ખેંચતાણ ભરી સ્થિતિ છે. આવી જ સ્થિતિ અમેરિકામાં પણ છે. આ વર્ષે અહી રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાવાની છે જેમાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વર્તમાન રાષ્ટ્રપતિ જો બાયડન સામે ઉભા છે. ટ્રમ્પ વિવિધ મુદ્દાઓ પર બાયડનને ઘેરવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ પ્રયાસોના ભાગરૂપે, ટ્રમ્પે હવે બાયડનના ડ્રગ ટેસ્ટની માંગ ઉઠાવી છે.

જો બાયડને ગયા મહિને સ્ટેટ ઓફ ધ યુનિયન ભાષણ આપ્યું હતું. ટ્રમ્પે કહ્યું છે કે સંભવ છે કે રાષ્ટ્રપતિ બાયડન ભાષણ આપતા સમયે ડ્રગ્સના નશામાં હતા. રિપબ્લિકન ઉમેદવાર ટ્રમ્પે ગુરુવારે એક ઈન્ટરવ્યુ દરમિયાન આ વાત કહી. આ સાથે, ગયા વર્ષે જુલાઈમાં વ્હાઇટ હાઉસમાં કોકેઈન મળી આવ્યાના અહેવાલોનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે ભાષણ આપતી વખતે બાયડન ખૂબ જ ચુસ્ત અને સક્રિય દેખાતા હતા. જોકે, ટ્રમ્પે આ દાવા માટે કોઈ નક્કર પુરાવા આપ્યા નથી.

શું તેમને લાગે છે કે બાયડને કોકેઈનનો ઉપયોગ કર્યો હતો? આ સવાલના જવાબમાં ટ્રમ્પે કહ્યું કે વ્હાઈટ હાઉસમાં જે સફેદ પદાર્થ મળ્યો હતો તે પાછળથી કોકેઈન હોવાનું જાણવા મળ્યું હતું. મને લાગે છે કે કંઈક ગરબડ છે. મેં બાયડનનું સ્ટેટ ઓફ ધ યુનિયનનું ભાષણ જોયું. શરૂઆતમાં તેઓ સંપૂર્ણપણે સક્રિય હતા. ટ્રમ્પે વધુમાં કહ્યું કે ભાષણના અંત સુધીમાં તેઓ ખૂબ થાકેલા દેખાતા હતા. હું આ અંગે ચર્ચા કરવા માંગુ છું. ટ્રમ્પે આ વાતો રેડિયો



પ્રસારણકર્તા હ્યુ હેવિટ સાથેની મુલાકાતમાં કહી હતી. ટ્રમ્પના આ દાવા પર હેવિટે પૂછ્યું કે શું તમે એમ કહી રહ્યા છો કે અમેરિકાના રાષ્ટ્રપતિ કોકેઈનનું સેવન કરે છે.

# લિવ-ઈન રિલેશનશિપ બાદ બ્રેકઅપ થશે તો ખર્ચો આપવો પડશે: હાઈકોર્ટ

ભોપાલ,

મધ્યપ્રદેશ હાઈકોર્ટે લિવ-ઈન રિલેશનશિપના કેસમાં મહિલાઓને અધિકાર આપવાની દિશામાં મહત્વનો નિર્ણય સંભળાવ્યો છે. કોર્ટે કહ્યું છે કે, જો લિવ-ઈન-રિલેશનશિપમાં રહ્યા બાદ બ્રેકઅપ થશે તો મહિલા ભરણ-પોષણ મેળવવા હક્કદાર છે. હાઈકોર્ટે એક અરજીની સુનાવણી દરમિયાન કહ્યું કે, જો કોઈ મહિલાના પુરુષ સાથે લાંબો સમય સંબંધો હોય અને પછી તેઓ જુદા થઈ ગયા હોય, તો તે મહિલા મહિલા ભરણ-પોષણ મેળવવા માટે હક્કદાર છે. ભલે તેમણે કાયદેસર લગ્ન કર્યા ન હોય. વાસ્તવમાં બાલાઘાટ જિલ્લા અદાલતે લિવ-ઈન રિલેશનશીપના કેસમાં મહિલાની તરફેણમાં નિર્ણય આપી અરજદાર શૈલેષ બોપચેને ૧૫૦૦ રૂપિયા ભરણ-પોષણ આપવાનો આદેશ કર્યો હતો. ત્યારબાદ તે આદેશને બોપચેએ હાઈકોર્ટમાં પડકાર્યો હતો. અરજદાર યુવક મહિલા સાથે લિવ-ઈન રિલેશનશીપમાં રહેતો હતો. યુવકે હાઈકોર્ટમાં એવો આધાર રજુ કર્યો હતો કે, મહિલાએ મંદિરમાં લગ્ન થયા હોવાનો દાવો કર્યા બાદ જિલ્લા અદાલતમાં સાબિત કરી શકી નથી, તેમ છતાં તેની અરજી સ્વિકારવામાં આવી. જોકે હાઈકોર્ટે અરજદારની અરજી ફગાવી દીધી

બોપચેના વકીલે કોર્ટમાં કહ્યું કે, મહિલા તેની કાયદેસરની પત્ની નથી, તેથી સીઆરપીસીની કલમ ૧૨૫ હેઠળ ભરણ-પોષણ મેળવવા હક્કદાર નથી.

# યુએન હ્યુમન રાઈટ્સ કાઉન્સિલમાં ઈઝરાયેલ વિરુદ્ધ ઠરાવ મામલે ભારત સહીત તેર દેશોએ રાખ્યું અંતર

યુએન,

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ૭ ઓક્ટોબર, ૨૦૨૩થી યુદ્ધ ચાલી રહ્યું છે, જેના કારણે ૫ એપ્રિલ, શુક્રવારના રોજ સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદમાં ઈઝરાયેલ વિરુદ્ધ પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો. માનવાધિકાર પરિષદના આ ઠરાવમાં કહેવામાં આવ્યું છે કે ઇઝરાયલે ગાઝામાં યુદ્ધ અપરાધ અને માનવતા વિરુદ્ધ અપરાધ કર્યા છે, જેના માટે તેને જવાબદાર ઠેરવવો જોઈએ. તમને જણાવી દઈએ કે, ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં રજૂ કરેલા આ પ્રસ્તાવથી અંતર જાળવી રાખ્યું હતું. ભારતે શુક્રવારે માનવાધિકાર પરિષદમાં એક ઠરાવને અવરોધિત કર્યો હતો જેમાં ગાઝામાં તાત્કાલિક યુદ્ધવિરામની હાકલ કરવામાં આવી હતી અને એ પણ માંગ કરી હતી કે ઇઝરાયલ તરત જ ગાઝા પટ્ટીની ગેરકાયદેસર નાકાબંધી હટાવે. ૨૮ દેશોએ આ પ્રસ્તાવની તરફેણમાં, ૬ વિરોધમાં અને ૧૩ દેશોએ તેનાથી અંતર રાખ્યું હતું. માત્ર ભારત જ નહીં પરંતુ ભારત, ફ્રાન્સ, જાપાન, નેધરલેન્ડ અને રોમાનિયા સહિત ૧૩ દેશોએ આ પ્રસ્તાવ પર પ્રતિબંધ મૂક્યો હતો. ઠરાવની વિરુદ્ધ મતદાન કરનારાઓમાં આર્જેન્ટિના, બલ્ગેરિયા, જર્મની અને અમેરિકાનો સમાવેશ થાય છે. ઠરાવની તરફેણમાં મતદાન કરનારા દેશોમાં બાંગ્લાદેશ, બેલ્જિયમ, બ્રાઝિલ, ચીન, ઈન્ડોનેશિયા, કુવૈત, મલેશિયા, માલદીવ, કતાર, દક્ષિણ આફ્રિકા, સંયુક્ત આરબ અમીરાત અને વિયેતનામનો સમાવેશ થાય છે. ઠરાવમાં માંગ કરવામાં આવી હતી.

# અમરનાથ યાત્રાની તૈયારીઓ શરૂ : ૧૫મીથી થશે રજિસ્ટ્રેશન

નવીદિલ્હી,

મે મહિનાથી ચારધામ યાત્રાની શરૂઆત થઈ રહી છે. તો બીજી તરફ અમરનાથની યાત્રા માટે પણ તૈયારીઓ તેજ કરવામાં આવી છે. ૧૫ એપ્રિલ,૨૦૨૪થી અમરનાથ યાત્રા માટે રજિસ્ટ્રેશન શરૂ થશે. ત્યારે આ યાત્રામાં કોઈ અગવડતા ન પડે તે માટે બીઆરઓ દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.

પવિત્ર અમરનાથ યાત્રાના ટ્રેકની જાળવણીની જવાબદારી બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશનને આપવામાં આવી છે. પવિત્ર યાત્રા સામાન્ય રીતે જૂન અથવા જુલાઈ મહિનામાં ગાંદરબલ જિલ્લાના બાલતાલથી શરૂ થાય છે. યાત્રાળુઓ ૧૫ કિલોમીટર લાંબા દુર્ગમ માર્ગ પર ચઢીને પવિત્ર ગુફા સુધી પહોંચે છે. જેને લઈને હાલમાં બીઆરઓ દ્વારા રસ્તો ખુલ્લો કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. બરફથી ઢંકાયેલા રસ્તાને ખૂલ્લા કરવામાં આવી રહ્યા છે.

બીઆરઓએ ટ્રેક પરથી બરફને રસ્તા પરથી ખસેડવાનું કામ શરૂ કર્યું છે. બાલતાલ બેઝ કેમ્પથી અમરનાથ ગુફા સુધીના માર્ગ પર અદ્યતન ટેકનોલોજીથી સજ્જ મશીનરી અને સ્ટાફ તૈનાત કરવામાં આવ્યો છે.

# કતારમાં રહેતા ભારતીય મિકેનિક રમેશ કન્નનને રૂપિયા ૨૨ કરોડની લાગી લોટરી

દોહા,

કતારમાં રહેનાર ભારતીય રમેશ કન્નનને લકી ડ્રોમાં જેકપોટ હાંસલ કર્યો છે. અબુધાબીમાં છેલ્લા બિગ ટિકિટ લાઈવ ડ્રો સીરીઝ ૨૬૨માં રમેશને ૧ કરોડ દિરહમ(લગભગ ૨૨ કરોડ ભારતીય રુપિયા)નું ઈનામ લાગ્યું છે. રમેશ છેલ્લા ૧૫ વર્ષથી કતારમાં રહે છે. કતારને પોતાનું ઘર માનનાર મિકેનિકલ ટેકનિશિયન રમેશનું કહેવું છે કે આ જેકપોટ પછી તેના આનંદનો કોઈ પાર નથી.રમેશે વધુમાં કહ્યું કે રમજાનના પવિત્ર મહિનામાં જીત હાંસલ કરીને ખુદને ધન્ય માની રહ્યો છું. મને જીતની આશા હતી અને દરેક મહિને હું પ્રાર્થના કરતો હતો કે હું જીતું. ગત મહિને ભવ્ય પુરસ્કાર જીતવાથી ફક્ત એક નંબર પાછળ હતો. મારી પાસે એક આંકડો છોડીને સંખ્યાઓનો સમાન



ક્રમ હતો. મને ત્યારે થોડું દુખ થયું હતું, પરંતુ મને ખાતરી હતી કે હું એક દિવસ જીતીશ. છેવટે એ દિવસ આવ્યો અને મને ઈનામ મળ્યું. આટલી મોટી રકમ જીતવા માટે તેણે અત્યાર સુધીમાં લોટરી ખરીદવા માટે ઘણાં નાણાં નો વ્યય પણ કર્યો છે. જોકે હવે એકસાથે આટલી જંગી રકમ જીતતાં તેને અગાઉ ગુમાવેલા નાણાં અંગે કોઈ પસ્તાવો નથી.

# મતદારોને રીઝવવા નેતાઓએ પાન-મસાલા, ગુટખા વહેંચવાનું શરુ કર્યું

નવીદિલ્હી,

લોકસભા ચૂંટણી દરમિયાન ઉમેદવારો મતદારોને આકર્ષવા અવનવી તરકીબો અજમાવી રહ્યા છે. મીડિયા અહેવાલ મુજબ આ વખતે ઉમેદવારો મતદારોને આકર્ષવા માટે તમાકુ, ખુશબુદાર ગુટખા, સ્માર્ટ ટીવી જેવી ચીજો પણ ઓફર કરી રહ્યા છે. જાણકારનો કહેવા પ્રમાણે ચૂંટણીમાં લ્હાણી તરીકે પાન-મસાલાનો આપવા સામાન્ય નથી. સામાન્ય રીતે લોકોને કપડાંની ઓફર કરવામાં આવે છે.મુખ્ય ચૂંટણી અધિકારી વેંક્ટેશ કુમારે જણાવ્યું કે, જપ્ત કરાયેલી સામગ્રીમાં કુકર,



મિક્સર, સાડીઓ, ચુડીદાર, દુપટ્ટા અને ટ્રાઉઝર સામેલ છે. બિદર, શિવમોગા, ચિકમંગલુરુ અને ગુલબર્ગા આ લિસ્ટમાં સૌથી ઉપર છે. ગેરકાયદે વહેંચવામાં આવી રહેલા આ સામાન જપ્ત કરીને પર પોલીસે ધરપકડની કાર્યવાહી શરુ કરી છે. રિપોર્ટ અનુસાર, પોલીસે શિવમોગામાં ચોખા, મીઠુ અને તેલના પાઉચ પણ પકડ્યા છે.

# તૂટેલા પુલને ફરીથી બનાવવા માટે સ્વર્ગ અને પૃથ્વીને એક કરશે : બિડેનનું વચન

વોશિગ્ટન,

રાષ્ટ્રપતિ જો બિડેને બાલ્ટીમોરમાં તૂટેલા ફ્રાન્સિસ સ્કોટ બ્રિજની મુલાકાત લીધી હતી. તેમણે કહ્યું કે અમે પુલને ફરીથી બનાવવા માટે સ્વર્ગ અને પૃથ્વીને એક કરીશું. બિડેને કહ્યું, 'મિત્રો, આ પુલને શક્ય તેટલી ઝડપથી ફરીથી બનાવવા માટે અમે સ્વર્ગ અને પૃથ્વીને ખસેડવા જઈ રહ્યા છીએ.' અમેરિકી રાષ્ટ્રપતિએ નુકસાનને વિનાશક ગણાવ્યું અને કહ્યું, "અમે પુલના પુનઃનિર્માણમાં મદદ કરવા માટે બનતું બધું કરીશું." ફેડરલ સરકાર શ્રમ અને બાંધકામ સામગ્રીનો ખર્ચ પણ ઉઠાવશે.



ધ હિલ અનુસાર, મેરીલેન્ડની મુલાકાત લેનાર બિડેને તૂટેલા પુલને કારણે થયેલા નુકસાનનો સ્ટોક લીધો હતો. સ્થળનું નિરીક્ષણ કરતાં તેણે કહ્યું, 'હું અહીં તમારા લોકો માટે આવ્યો છું. આ મુશ્કેલ સમયમાં આખો દેશ તમારી સાથે છે. "નુકશાન વિનાશક છે અને અમે તેનાથી ખૂબ જ દુઃખી છીએ," બિડેને ગયા મહિનાના અંતમાં પુલ તૂટી પડવાના કારણે મૃત્યુ પામેલા છ લોકોનો ઉલ્લેખ કરતા કહ્યું.

બંદર સીધી રીતે ૧૫,૩૦૦ નોકરીઓ પૂરી પાડે છે, જ્યારે અન્ય ૧૪૦,૦૦૦ લોકો આ પ્રદેશમાં બંદર પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. રિપોર્ટ અનુસાર, નોકરીઓ ઈ૩.૩ બિલિયન (આશરે રૂ. ૨.૭૪ ટ્રિલિયન) ની આવક પેદા કરે છે. બાલ્ટીમોર બંદરે મંગળવારે જણાવ્યું હતું કે તે સ્પષ્ટ નથી કે જહાજનો ટ્રાફિક કેટલો સમય સ્થગિત રહેશે.

# સપા નેતાએ મુખ્તાર અન્સારીની સહાનુભૂતિમાં પોસ્ટર લગાવ્યા

## મુસ્લિમોને ઈદ ન ઉજવવાની અપીલ કરી

લખનૌ,

માફિયા મુખ્તાર અંસારી પ્રત્યે સહાનુભૂતિ દર્શાવતા સમાજવાદી પાર્ટીના કાર્યાલયની બહાર પોસ્ટર લગાવવામાં આવ્યા છે. આ પોસ્ટર પર મુખ્તાર અન્સારી સાથે સમાજવાદી પાર્ટીના નેતા રામ સુધાકર યાદવની તસવીર લગાવવામાં આવી છે. આ પોસ્ટરમાં લખવામાં આવ્યું છે કે મુસ્લિમ ભાઈઓએ આ વખતે ઈદની ઉજવણી ન કરવી જોઈએ. તેણે મુખ્તાર અન્સારી માટે દુઆ માંગી.રામ સુધાકર યાદવ, જેમના નામે પોસ્ટરમાં આ અપીલ કરવામાં આવી છે, તે મુલાયમ સિંહ યાદવ યુવા બ્રિગેડના પૂર્વ રાજ્ય સચિવ રહી ચૂક્યા છે. સમાજવાદી પાર્ટીના કાર્યાલય પર લાગેલું આ પોસ્ટર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યું છે. રામ સુધાકર યાદવે મુસ્લિમોને ઈદના દિવસે ઈદગાહ પર મૌન જાળવવા કહ્યું.

# જામનગર જિલ્લા ભાજપના મહામંત્રીએ રૂપાલાને પત્ર લખતા અનેકવિધ ચર્ચા શરૂ

## ભાજપના મહામંત્રી પ્રવીણસિંહ જાડેજાએ પત્રમાં ઉલ્લેખ કરી કહયું કે, સ્વૈચ્છીક રીતે રાજકોટ બેઠક પરથી હટી જવુ જોઈએ

જામનગર : જામનગર જિલ્લા ભાજપના મહામંત્રી તેમજ રાજપુત સેવા સમાજના ટ્રસ્ટી પ્રવિણસિંહ જાડેજાએ પુરુષોત્તમભાઈ રૂપાલાને રાજકોટ લોકસભાની બેઠક પરથી સ્વૈચ્છિક રીતે ખસી જઈને ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને થનાર સંભવિત ગંભીર નુકસાની અટકાવવા માટેનો એક પત્ર પાઠવ્યો હોવાથી ભારે રાજકીય હલચલ મચી ગઈ છે.

રાજકોટની લોકસભાની બેઠકના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમભાઈ રૂપાલા કે જેઓએ ગત તા ૨૩.૩.૨૪ ના દિવસે એક કાર્યક્રમ દરમિયાન આપેલા નિવેદનને લઈને રાજા રજવાડા અને ક્ષત્રિય સમાજની બહેન દીકરીઓની અસ્મિતા પર પ્રહાર સમાનનું નિવેદન ગણાવી સમગ્ર ગુજરાત રાજ્યભરમાં રાજપૂત સમાજમાં નારાજગી જોવા મળી છે. આવી પરિસ્થિતિ દરમિયાન જામનગર જિલ્લા ભાજપના મહામંત્રી અને રાજપૂત અગ્રણી પ્રવિણસિંહ જાડેજાએ પરસોત્તમભાઈ રૂપાલાને એક પત્ર પાઠવી સ્વૈચ્છિક રીતે ચૂંટણી પ્રક્રિયામાંથી ખસી જવા અપીલ કરી છે.



તેઓએ વધુમાં જણાવ્યું છે કે, પુરુષોત્તમભાઈ રૂપાલા દ્વારા જે નિવેદન કરાયું છે, તે મારી દ્રષ્ટિએ ભારતીય જનતા પાર્ટી માટે પણ શિસ્તભંગનું ઉત્તમ ઉદાહરણ છે. કારણ કે, પક્ષ માટે નુકસાનકારક કોઈ વાત કે નિવેદન કરવુ તે પક્ષની શિસ્તબદ્ધતા અને અનુશાસનનો ભંગ સમાન છે. પક્ષના કાર્યકર કે આગેવાનોમાં 'મુજસે બડા દલ, ઓર દલ સે બડા દેશ' એવી પક્ષ તથા રાષ્ટ્ર પ્રત્યેની ભાવના જે કાર્યકર કે આગેવાનમાં હોય, તે જ ભાજપનો સમર્થક, સમર્પિત વફાદાર અને પ્રમાણિક કાર્યકર કહેવાય તેમ જણાવી પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી બાજપાઈ, તેમજ વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, વગેરેના નિવેદના ટાંકીને તેમજ ભાજપના સંસ્થાપકો પંડિત દિન દયાલ ઉપાધ્યાયજી તથા ડોક્ટર શ્યામાપ્રસાદ મુખરજીના રાષ્ટ્રવાદી વિચારોને કારણે શિષ્ટબદ્ધતા અને અનુશાસનના કારણે આજે ભાજપ વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી બની છે, ત્યારે વાસ્તવિકતા સ્વીકારીને સ્વૈચ્છિક રીતે ઉમેદવારી જતી કરી સમગ્ર ભારતના ક્ષત્રિય સમાજની ગરિમાનું સન્માન કરશો, અને ચૂંટણીમાં પાર્ટીને થનાર ગંભીર નુકસાનીને અટકાવશો, તેવી અપેક્ષા જામનગર જિલ્લા ભાજપના મહામંત્રી પ્રવિણસિંહ જે. જાડેજાએ પોતાના પત્ર મારફતે વ્યક્ત કરી હતી. જે પત્ર સમગ્ર ગુજરાતભરમાં સોશિયલ મીડિયામાં ફરતો થયો છે, જેથી ભારતીય જનતા પાર્ટી તથા સમગ્ર ક્ષત્રિય સમાજમાં અત્યંત ચર્ચાનો વિષય બન્યો છે.

# ભાણવડના રૂપામોરા ગામે ડાધિયા કૂતરાઓએ બાળકી પર હુમલો કરી ફાડી ખાતા મોત

## હાલારમાં ડાઘિયા કૂતરાઓની સમસ્યાથી રાહદારીઓને ત્રાહિમામ : ફાડી ખાધાના અનેક કિસ્સાઓ હોસ્પિટલના ચોપડે નોંધાયા છે

દ્વારકા : હાલારમાં રખડતા કૂતરાઓનો ત્રાસ દિવસે ને દિવસે વધતો જાય છે. ત્યારે રાહદારીઓને કરડી ખાવાના કિસ્સાઓ હોસ્પિટલમાં વધવા લાગ્યા છે. ત્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના રૂપામોરા ગામે ત્રણથી ચાર ડાઘિયા કૂતરાઓએ એક ૧૦ વર્ષની બાળકી પર હુમલો કરી ફાડી ખાધી હતી. જેમાં બાળકીનું સ્થળ પર જ મૃત્યુ નિપજતા પરિવારમાં અરેરાટી ફેલાઈ જવા પામી છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ભારે અરેરાટી જગાવનાર બનાવની મળતી વિગત મુજબ ભાણવડના રૂપામોરા ગામે રહેતા અને ખેતમજૂરી કરતા હીરાભાઈ પીપરોત્તરની ૧૨ વર્ષની પુત્રી પૂરીબેન રવિવારે સાંજે પાંચેક



વાગ્યાની આસપાસ વાડીએ રમતી હતી ત્યારે અચાનક તેણી પર ત્રણથી ચાર રખડતા શ્વાનોએ હુમલો કર્યો હતો. આથી તેણી ભારે ડરી ગઈ હતી અને બૂમાબૂમ કરી મૂકી હતી. આમ છતાં રખડતા શ્વાનોએ પૂરીબેનને બચકા ભરી લઈ રીતસર પીંખી નાખી હતી. આથી તેણીને ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળે મૃત્યુ નિપજયું હતું. બનાવની જાણ થતાં લોકો એકઠા થઈ ગયા હતા અને લોહીલુહાણ થયેલી પૂરીબેનને સારવારઅર્થે ભાણવડ સરકારી હોસ્પિટલમાં લઈ ગયા હતા. પરંતુ ત્યાં પણ ફરજ પરના ડોકટરોએ તેણીને મૃત જાહેર કરી હતી. આ બનાવથી નાના એવા રૂપામોરા ગામમાં ભારે શોકની લાગણી પ્રસરી ગઈ છે. ભાણવડ પંથકમાં ભારે અરેરાટી મચી જવા પામી છે. લોકોમાં કૂતરાઓનો ખૌફ વધી રહયો છે. અવારનવાર નાના—મોટા કૂતરાઓના બટકા ભરવાના બનાવો બનતા રહે છે. પરંતુ હવે બાળકોના જીવ સુધી આવી જતાં લોકોમાં ભયનું લખલખું પ્રસર્યું છે. બીજીબાજુ કૂતરા પકડવાની મનાઈ હોવાથી તંત્ર હાથ ઉંચા કરે છે.

# ભાણવડ પંથકમાં સગીરા સાથે દુષ્કર્મ આચરનાર શખ્સને ૨૦ વર્ષની કેદ

દ્વારકા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડના શખ્સે એક સગીરા સાથે દુષ્કર્મ આચર્યું હતું. જે કેસ ચાલી જતાં પોક્સો અદાલતે આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે.

ભાણવડના પોકસોના કેસમાં આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા અને રૂ.૨૦,૦૦૦નો ખંભાળીયાની સ્પે. પોકસો કોર્ટ દ્વારા ફટકારવામાં આવી છે.

કિરીટભાઈ હીરાભાઈ સામતભાઈ સોલંકી, ઉ.વ. ૨૮, ૨. ભાણવડ આ કામના ફરીયાદીની સગીરવર્ષની દિકરીને સ્કુલે એક્સ્ટ્રા કલાસ માટે સ્કુલે મુકી આવેલ તે દરમ્યાન આરોપી ફરીયાદીની ભોગબનનાર દીકરીને લલચાવી ફોસલાવી બાઈકમાં બેસાડી લઈ ગયેલ અને આરોપીએ તેમના ફોનમાંથી સ્કુલના ટીચરને ફોન કરેલ અને ભોગ બનનાર બીમાર છે તેવુ જણાવેલ શિક્ષકને શંકા જતા ફરીયાદીને ફોન કરેલ અને આરોપી કિરીટભાઈ હીરાભાઈ સોલંકી ફરીયાદીના શું સબંધી છે? તે બાબતે પુછપરછ કરતા ફરીયાદીએ કાંઈ સબંધી નહી હોવાનું જણાવતા. સ્કુલ શિક્ષકે ભોગ બનનારને સ્કુલે મુકી જવા આરોપીને જણાવતા તે દરમ્યાન સ્કુલે ફરીયાદી આવી ગયેલ અને તે દરમ્યાન આરોપી ભોગ બનનારને સ્કુલે મુકવા આવેલ અને ત્યાંથી બાઈક લઈને જતો રહેલ તે વખતે ભોગ બનનારે રડતા રડતા ફરીયાદીને જણાવેલ કે, આજથી આશરે દોઢક માસ પહેલા પણ આરોપી લલચાવી ફોસલાવી કોઈ ગામડે વાડીએ લઈ ગયેલ અને ત્યાં વાડીએ દુષ્કર્મ આચરેલ. જેથી ફરીયાદીએ ભાણવડ પો.સ્ટે.માં તા.૦૪-૦૧-૨૦૨૩ના વિગતવારની ફરીયાદ લખાવેલ જે અંગે ભાણવડ પો.સ્ટેમાં આરોપી વિરુદ્ધ ગુન્હો નોંધી ભોગ બનનારની મેડીકલ તપાસણી કરાવી ગુનાને લગત પુરાવો એકત્ર કરી એડી. સેસન્સ કોર્ટ, ખંભાળીયામાં ચાર્જશીટ કરેલ અને ત્યારબાદ નામ. એડી. સેસન્સ કોર્ટ, ખંભાળીયાના જજ વી. પી. અગ્રવાલ સમક્ષ કેસ ચાલી જતા તકસીરવાન ઠેરવીને ૨૦ વર્ષની સખ્ત કેદ અને રૂ. ૨૦ હજારનો દંડનો હુકમ ફરમાવેલ છે અને ભોગ બનનારને વીટનેસ કમ્પનસેશન સ્કીમ હેઠળ રૂ. ૪ લાખનું વળતર ચુકવવા હુકમ કરવામાં આવ્યો છે.

# જામનગરમાં મકાનમાં દવા છાંટવા ગયેલા બે યુવાનો પર ચોરીનો આરોપ લગાવી માર માર્યો

## એક યુવાનના પિતાને પણ ઘરે બોલાવી ચોરીનો આરોપ લગાવતા વિષપાન કર્યું

જામનગર : જામનગરમાં જોગર્સ પાર્ક વિસ્તારમાં રહેતા એક વણિક વેપારીના ઘેર ઉધઈની દવા છાંટવા માટે ગયેલા બે શ્રમિક યુવાનો પર મકાન માલિકે ચોરીનો આરોપ મૂક્યો હતો અને અગાઉ પણ ચોરી થઈ હતી. તેનો આરોપ લગાવી માર માર્યો હતો. તેમજ એક યુવકના પિતાને પણ ઘેર બોલાવી માર મારી વિડીયો બનાવ્યો હતો. જેથી તેમને મનમાં લાગી આવતાં ઝેરી દવા પી લઇ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેથી મકાન માલિક સામે ગુનો નોંધ્યો છે.



તસવીર: સુનિલ ચુડાસમા

આ બનાવની વિગત એવી છે કે, જામનગરમાં દિગજામ વુલન મિલ પાછળ રહેતા અને ઉધઈ મારવાની દવા છાંટવાનું કામ કરતા બ્રિજેશભાઈ સૂર્યપ્રતાપસિંહ રાજપૂત (૪૫) કે જેઓએ ઝેરી દવા પી લઈ આપઘાતનો પ્રયાસ કરતાં તેઓને સારવાર માટે જામનગરની જી. જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે પોલીસને જાણ કરાતાં સિટી બી. ડિવિઝનનો પોલીસ કાફલો જી.જી. હોસ્પિટલમાં દોડી ગયો હતો અને બ્રિજેશભાઈ ભાનમાં આવ્યા પછી તેનું નિવદન નોંધતાં તેઓએ પોતાને તેમ જ પોતાના પુત્ર આદર્શ તથા પોતાની સાથે દવા છાંટવાનું કામ કરતા વિજયને માર મારી તેના ઉપર કબાટની ચાવીની ચોરી કરવા અંગેનો આક્ષેપ મૂક્યો હોવાથી તેઓના મારકુટ અને ત્રાસના કારણે ઝેરી દવા પી લીધાનું જણાવ્યું હતું. તેથી તેઓની ફરિયાદના આધારે પોલીસે જોગર્સ પાર્ક વિસ્તારમાં રહેતા મકાન માલિક વણીક વેપારી ચિંતન મહેતા સામે આઈપીસી કલમ ૩૨૩,૫૦૪ અને ૫૦૬-૨ મુજબ ગુનો નોંધ્યો છે.

# જામનગરમાં કાર ચાલકે બાઈકને હડફેટે લેતાં યુવાન ઘાયલ

જામનગર : જામનગરમાં અંબર સિનેમા રોડ પરથી પોતાનું બાઈક લઈને પસાર થઈ રહેલા વૈષ્ણવ વણિક વેપારીને એક કારના ચાલકે ઠોકરે ચડાવી ફ્રેક્ચર સહિતની ગંભીર ઈજા પહોંચાડયા ની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે.

આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે જામનગરમાં અંબર ટોકીઝ સામેના વિસ્તારમાં રહેતા અને કાપડનો વેપાર કરતા ભરતભાઈ કુંવરિયા નામના વૈષ્ણવ વણિક વેપારી કે જેઓ પોતાનું બાઈક લઈને અંબર સિનેમા રોડ



પરથી પસાર થઈ રહ્યા હતા, જે દરમિયાન પાછળથી પુરપાટ ઝડપે આવી રહેલી જી.જે. ૧૦ ડી.જે. ૪૪૯૭ નંબરની ટાટા પંચ કાર ના ચાલકે બાઈકને ઠોકરે ચડાવતાં અકસ્માત સર્જાયો હતો.

જે અકસ્માતમાં ભરતભાઈને ડાબા હાથમાં અને ડાબા પગમાં તેમજ માથાના ભાગે ફ્રેકચર સહિતની ઈજાઓ થઈ હતી અને માથામાં ટાંકા લેવા પડ્યા હતા. તેઓની જામનગરની જી.જી. હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. આ અકસ્માતના બનાવ અંગે ઈજાગ્રસ્ત વેપારીના પુત્ર દેવેન્દ્ર ભરતભાઈ કુંવારીયાએ સી ટી બી. ડિવિઝન પોલીસ મથકમાં કારચાલક સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# કલ્યાણપુરના દુધિયા ગામે આપઘાતનો પ્રયાસ કરનાર પ્રૌઢનું સારવારમાં મોત

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના દુધિયા ગામે એક ૫૫ વર્ષના આધેડે કોઈપણ કારણોસર ઝેરી પાઉડર ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેથી તેમને હોસ્પિટલ ખસેડાયા હતા. જયાં સારવારમાં તેઓનું મૃત્યુ નિપજયું છે.

કલ્યાણપુર તાલુકાના દુધિયા ગામની સીમમાં રહેતા પાલાભાઈ વજશીભાઈ કંડોરીયા નામના ૫૫ વર્ષના આહિર પ્રૌઢે ગત તારીખ ૩૧ માર્ચના રોજ પોતાની વાડીએ કોઈ અગમ્ય કારણસર પોતાના હાથે ઘઉંમાં નાખવાનો ઝેરી પાઉડર ખાઈ લેતા તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના નાનાભાઈ પરબતભાઈ વજશીભાઈ કંડોરિયા (ઉ. વ. ૫૨)એ કલ્યાણપુર પોલીસને જાણ કરી છે.

# જામનગરના દીવો પેટાવતી વખતે ફ્લેટમાં આગ લાગતા ફાયરે વૃધ્ધ મહિલાને બચાવ્યા

જામનગર : જામનગરના રણજીત નગર પટેલ સમાજની સામેના ભાગમા આવેલા હાઉસિંગ બોર્ડના મકાનમાં અકસ્માતે આગ લાગી હતી. જેમાં ફ્લેટમાં રહેતા વૃદ્ધા ફસાઈ ગયા હતા. જેને ફાયરની ટીમે સહી સલામત બહાર કાઢી લેતા તેનો જીવ બચી ગયો હતો. ત્યાર બાદ પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી.

જામનગરમાં પટેલ સમાજ પાસે આવેલા હાઉસિંગ બોર્ડના મકાનમાં બ્લોક નંબર બી. ફ્લેટ નંબર ૧૬૨માં ગઈકાલ રવિવારે મોડી સાંજે અકસ્માતે આગ લાગી હતી.અને ગાડલનો ભાગ સળગવાથી



ધુમાડાના ગોટા જોવા મળ્યા હતા. આ બનાવ અંગે દર્શનભાઈ પાલાએ ફાયરને જાણ કરતા સ્ટાફના હાર્દિકસિંહ, ભારત જેઠવા, અશ્વિન રાઠોડ, સંજય દેથળીયા, સહિતનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. અને ફ્લેટમાં રહેતા સાવિત્રીબેન પાલા નામના વૃદ્ધા કે જેઓ ગાદલા પર દિવા રાખીને પેટાવતા હતા, અને આગ લાગવાથી ધુમાડાના ગોટાની વચ્ચે ફસાયા હતા. જેથી ફાયર બ્રિગેડના સ્ટાફે તેમને સહી સલામતી રીતે બહાર કાઢી લીધા હતા. અને તેઓનો બચાવ થયો હતો. ત્યારબાદ પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી પરંતુ તે પહેલા આગમાં ઘરવખરીનો કેટલો માલ સામાન સળગી ગયો હતો.

# જામનગરમાં તત્કાલિન સબ પોસ્ટ માસ્તરને ૩૦ વર્ષ જૂના નાણા ઉચાપત કેસમાં ૪ વર્ષની જેલ

જામનગર : જામનગર પોસ્ટ ઓફિસમાં અગાઉ ફરજ બજાવતા સબ પોસ્ટ માસ્તરને ૩૦ વર્ષ જૂના નાણા ઉચાપતનો કેસ ચાલી જતા અદાલતે આરોપીને ચાર વર્ષની જેલની સજાનો હુકમ કર્યો છે.

જામનગરમાં ગુલાબનગર પોષ્ટ ઓફિસમાં સબ પોસ્ટ માસ્તર તરીકે ફરજ બજાવતા રમેશભાઈ મોતીભાઈ વણકર સામે આસિસ્ટન્ટ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ મગનભાઈ લાલજીભાઈ ટીલવાએ વર્ષ ૧૯૯૪માં જુદા જુદા રોકાણકારો પાસેથી કિસાન વિકાસ પત્રોના નાણા મેળવી તેઓની પાસબૂકમાં રકમ જમા કરી આપી, પરંતુ સરકારી રેકર્ડમાં જમા નહીં કરાવીને રૂા. ૧,૬૬,૨૮૦ની ઉચાપત કરી હોવાની અને રેકર્ડમાં છેકછાક કરી ઉચાપતની રકમ અંગત ઉપયોગમાં વાપરી નાખવા અંગે અહીંના સિટી બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં એડીશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની અદાલતમાં ચાલી જતાં અદાલતે સરકાર પક્ષે સરકારી વકીલ ડી. એસ. ગોંડલિયા દ્વારા થયેલી રજૂઆતો તેમજ કેસમાં રજૂ થયેલા રેકર્ડના પૂરાવા, નિવેદનો સહિતની વિગતો ધ્યાને લઈને બન્ને પક્ષોને સાંભળ્યા બાદ આરોપી અવા ગુલાબનગર પોષ્ટ ઓફિસના પૂર્વ પોસ્ટ માસ્તર રમેશભાઈ વણકરને ચાર વર્ષની સાદી કેદ તથા રૂપિયા ૨૦ હજારનો દંડ ફટકાર્યો હતો. જો આરોપી દંડ ન ભરે તો વધુ એક માસની સજા ભોગવવા હુકમમાં જણાવાયું છે.

# જામનગર જિલ્લામાં લોકસભાની ચૂંટણી સંદર્ભે ચેકપોસ્ટો ઉભી કરાઈ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : લોકસભાની ચૂંટણી નજીક આવતાની સાથે જામનગર જિલ્લા પોલીસમાં સતર્કતા જોવા મળી છે. જિલ્લામાં અલગ-અલગ જગ્યા પર ચેકપોસ્ટ શરૂ કરવામાં આવી છે. જ્યાંથી પસાર થતાં તમામ વાહનોનું પોલીસ ચેકીંગ કરવામાં આવી રહ્યું છે.

લોકસભા ચૂંટણી- ૨૦૨૪ અંતર્ગત જાહેર કરાયેલાં જાહેરનામા અંતર્ગત જામનગર જિલ્લાનું પોલીસ તંત્ર સતર્ક થઇ ગયું છે. જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુના માર્ગદર્શન હેઠળ શહેર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક જે.એન.ઝાલા અને ગ્રામ્ય વિભાગના નાયબ પોલીસ અધિક્ષક આર.બી.દેવધાની સુચનાથી જામનગર-લાલપુર ચોકડી, મહાપ્રભુજીની બેઠક નજીક, ખીજડીયા બાયપાસ, ઠેબા બાયપાસ, ધ્રોળ હાઈવે, સમર્પણ સર્કલ, સિક્કા પાટીયા, જામજોધપુર, કાલાવડ, લાલપુર ગ્રામ્ય વિસ્તાર અને ગુલાબનગર વિસ્તારમાં અલગ-અલગ મુખ્ય માર્ગો પર ચેકપોસ્ટ શરૂ કરવામાં આવેલી છે. જે ચેક પોસ્ટ પરથી પસાર થતાં વાહનોનું સઘન ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. ચેકિંગ દરમિયાન કારમાં બ્લેક ફિલ્મ, અનઅધિકૃત રીતે થતી દારૂની અને નાણાંની હેરફેર તેમજ અન્ય કોઇ ગેરકાયદેસર પ્રવૃત્તિને અટકાવવા માટેની કામગીરી ચેકપોસ્ટ પર કરવામાં આવી રહી છે. લાલપુર ચોકડી ચેકપોસ્ટ પર સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઇ નિકુંજસિંહ ચાવડા સહિત સર્વેલન્સ ટીમ દ્વારા પેટ્રોલિંગ અને વાહનોનું ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જે ચેકપોસ્ટ પર બોડીવોન કેમેરા સાથે પોલીસ પણ સજ્જ જોવા મળી રહી છે, અને પસાર થતા તમામ વાહનોનું ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે, તેમજ વાહન ચાલકો સાથે સરાહનીય વર્તન કરવા માટે પણ ઉચ્ચ પોલીસના અધિકારીઓ દ્વારા પોલીસ પ્રશાસનના તમામ ચેક પોસ્ટ પર તૈનાત પોલીસ કર્મીઓને સૂચના પણ આપવામાં આવી છે.

# જામનગર-સિક્કા હાઈવે પર બાઈક રેસ પર જુગાર રમતા ચાર શખ્સો ઝડપાયા



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર-સિક્કા રોડ પર બાઈક રેસ લગાવી રૂપિયાની હારજીતનો જુગાર રમી રહેલા ચાર શખ્સોને સિક્કા પોલીસે જીપમાં પીછો કરી ઝડપી લઈ તેઓ પાસેથી રોકડ રકમ અને બાઈક વગેરે કબજે કર્યા છે.

જામનગર-ખંભાળિયા હાઈવે રોડ પર કેટલાક શખ્સો રવિવારની સાંજે બાઈકની રેસ લગાવી પૈસાની હારજીત કરી જુગાર રમી રહ્યા છે, તેવી બાતમી સિક્કા પોલીસને મળી હતી. જેથી સિક્કા પોલીસે વોચ ગોઠવી હતી, અને બાઈકની રેસ લગાવી રહેલા ચાર બાઈકરોને પોલીસ જીપ દ્વારા પીછો કરી આંતરી લીધા હતા, અને ચારેયની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા બે હજારની રોકડ રકમ તથા ૪ મોટર સાયકલ સહિતની માલમતા કબજે કરી સિક્કાના અલ્તાફ અકબરભાઈ બારોયા, કારા ભુંગાના રવિ ગોપાલભાઈ ચૌહાણ, ગરીબેનવાજ ચોક સિક્કામાં રહેતા એલીયાસ સલીમભાઈ હુંદડા તેમજ સરમત નાગાણી પીરની દરગાહ પાસે રહેતા સાલેમામદ દોસમામદ ગંઢારની અટકાયત કરવામાં આવી છે.

# ભાણવડના કાટકોલા ગામે કૂવામાં પડી જતાં યુવાનનું નિપજયુ મોત

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના કાટકોલા ગામે મોટર ચાલુ કરવા જતાં યુવાન અકસ્માતે કૂવામાં પડી જતાં ગંભીર ઈજા થવાથી તેમનું મૃત્યુ નિપજયાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે.

ભાણવડ તાબેના કાટકોલા ગામના વાડી વિસ્તારમાં રહેતા ભરતભાઈ ગોવિંદભાઈ ડાંગર નામના ૨૩ વર્ષના યુવાન ગઈકાલે રવિવારે પોતાની વાડીએ પાણીની ટાંકી ભરવા માટે કુવા પાસે મોટર ચાલુ કરવા જતા અકસ્માતે તેમનો પગ લપસી ગયો હતો. જેના કારણે તે કૂવામાં પડી જતા તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ થવા સાથે કુવામાં ડૂબી જતા તેમનું મૃત્યુ નીપજયું હતું. આ બનાવ અંગે ગોવિંદભાઈ જેતસીભાઈ ડાંગર (ઉ.વ. ૪૫)એ ભાણવડ પોલીસને જાણ કરતા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

# ધ્રોલના સુમરા ગામે વાડો પરત નહિ આપતા મહિલાએ રાઈના ખેતરમા આગ ચાંપી

જામનગર : ધ્રોલ તાલુકાના સુમરા ગામેં ખેતરમાં રાઈના ભૂકામા એક મહિલાએ આગ લગાડી હતી. પતિએ વેચાણ કરેલો વાડો પરત મેળવવા માટે તેણીએ આગ લગાડી હોવાનું પોલીસમાં જાહેર થયું છે.

ધ્રોલ તાલુકાના સુમરા ગામના છગનભાઈ હમીરભાઈ જાદવ નામના ૬૦ વર્ષના ખેડૂત પુત્રના ખેતરમાં રાઈના ભુક્કામા પડધરી ગામની લીલાબેન મંગાભાઈ જાદવ નામની મહિલા આગ ચાપી હતી. આથી રાઈનો ભુક્કો સળગી ગયો હતો. આ બનાવ અંગે છગનભાઈ હમીરભાઈ જાદવએ તેણી સામે પોલીસમા ફરિયાદ નોંધાવી છે. જેમાં એવું કારણ આપવામાં આવ્યું છે કે છગનભાઈના પુત્રાએ આરોપી મહિલાના પતિ પાસેથી વાડો વેચાતો લીધો હતો. જે પરત મેળવવા માટે લીલાબેન જાદવ ગઈકાલે સુમરા ગામે આવી હતી. અને છગનભાઈના પુત્રાને ગાળો કાઢી હતી અને તેમના પત્નીને માર માર્યો હતો. ત્યાર પછી રાત્રે તેના પુત્રના ખેતરમાં આગ લગાડી દીધી હતી. આ બનાવ અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.